હરિઃૐ

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનસ્પંદન

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૮ | ૫૦૦ |
| ત્રીજી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૪ + ૨૮૦ = ૩૦૪

❑ કિંમત : **રૂ. ૨૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ, સુરત સાથે શ્રી ઝીણાકાકાના
નિમિત્તે સંકળાયેલ અને શ્રી ઝીણાકાકા જેવી
વિભૂતિના સંસર્ગથી પૂજ્ય શ્રીમોટાને
સમજનાર સ્વજન દંપતી
**શ્રી સંજયકુમાર ચીમનલાલ પટેલ**ને
અને તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી દર્શનાબહેન સંજયકુમાર પટેલ**ને
**'જીવનસ્પંદન'**ની આ ત્રીજી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા
તા. ૨૫-૭-૨૦૧૦

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

# શ્રી ચીમનભાઈ મહાજનને
# સમર્પણાંજલિ
## (પ્રથમ આવૃત્તિ)
(અનુષ્ટુપ)

કોઈ ઓળખતું ન્હોતું, ત્યારે ઓથ દઈ મને,
પોરો ચઢાવવા પોતે હતા તત્પર શા હૃદે ! ૧

કેટલાં પુસ્તકો મારાં પોતે છપાવી તે દીધાં,
આર્થિક સ્હાય આપીને ટેકવ્યો પરમાર્થમાં. ૨

પ્રેમ, સદ્ભાવ ને હૂંફ પ્રેરાવી જીવને મને,
હૈયે દઢાવવાને શી ટટારી, પ્રેરવ્યો તમે. ૩

સહાનુભૂતિયે ધારી તે પરમાર્થ કર્મપે
-ચેતનાત્મક જીવંતી, શો બિરદાવિયો મને ! ૪

જીવનની પરત્વેનું શું મૂલ્યાંકન આગવું !
શું સંઘર્ષણ તેથી તો સંસારે ઉગ્ર ચાલતું ! ૫

પુરુષાર્થ કરી ભારે મોટા નાનેથી તે થયા,
મૂડી શક્તિ નજીવીથી શું મબલક તો રળ્યા ! ૬

ધાર્યું તે પાડવા પાર નિશ્ચયશક્તિ કેળવી,
પ્રતિષ્ઠા, આબરૂ કેવાં મેળવ્યાં જીવને વળી ! ૭

સંસારમાં રહો તોયે અનોખી રીત આપની,
નોખા કેવા તરી આવો શા ટોળાંમાંથી આપશ્રી ! ૮

મને જે સ્હાય પ્રેરી છે સૌ પ્રથમે વધાવીને,
વિકાસે ભાવ તે પ્રેરો ઊંડે ઊંડે જ અંતરે. ૯

ચાહી વિકાસને પંથે વર્ષોથી આદરો તપ,
કૃપા એવી તમોને ને ઉરાડો પાર જીવન. ૧૦

નમાલો સાવ એવો હું અર્પી, અર્પી હું શું શકું ?
સમર્પણાંજલિ ભાવે, **'જીવનસ્પંદને'** ધરું. ૧૧

હરિ:ૐ આશ્રમ,
નડિયાદ **-મોટા**
તા. ૫-૧-૧૯૭૩

॥ હરિ:ૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ પુસ્તકમાં 'જીવદશાના વમળમાં' એ શીર્ષક હેઠળ જે ગીતો લખાયાં છે, તેમાં જે જે હકીકત આવે છે, તે વાંચીને 'મોટા'ના નજીક પરિચયમાં આવેલાંને તો ઘણું ઘણું આશ્ચર્ય ઊપજવાનું છે, કારણ કે એ ગીતોમાં આ મોટાથી તેમના પૂર્વજીવનમાં જે જે થયું છે, તેની સ્પષ્ટ ખુલ્લેખુલ્લી હકીકત તેમણે સ્વમુખે જાહેર કરી છે, પરંતુ તેમનું જીવન જોવા જઈએ, તો છેક નાનપણથી તે અત્યાર સુધી તેઓ જે રીતે જીવ્યા છે, તે જોતાં તેવાં કર્મનો તેમના જીવનમાં તેવા પ્રકારનો અવકાશ તો મુદ્દલે નથી.

તેમનું જીવન-સેવાના ક્ષેત્રમાં હતા તે પહેલાંનું જીવન-તો તેમણે જુદાં જુદાં નાગર કુટુંબોમાં નાનપણથી જ ગાળ્યું છે. અને તે કાળનું તેમનું જીવન એટલું તો નમ્રતાવાળું, સદ્ભાવભર્યું, અને જેનું તેનું ચીંધેલું બધું જ કર્મ પૂરેપૂરું ભાવથી આચરી દેવાની તત્પરતાવાળું જ હતું. તે તે કુટુંબની વ્યક્તિઓના દિલના સદ્ભાવનો 'મોટા' પરત્વે હૃદયનો સદ્ભાવભર્યો બુલંદ રણકાર આજે પણ અનુભવમાં પ્રવર્તતો જણાય છે, ત્યારે વળી 'મોટા' એ આ પ્રકારનાં ગીતોમાં આવું બધું કેમ બાફી માર્યું હશે, એવું સ્વાભાવિક રીતે 'મોટા'ના નિકટના પરિચયવાળાઓને લાગે એ પણ સ્વાભાવિક છે, કારણ કે જ્યારે 'મોટા' હરિજન સેવક સંઘમાં હતા, ત્યારે તેઓ વહેલી સવારથી તે રાતના દસ-સાડાદસ સુધી એકધારા સતત કામમાં પરોવાયેલા જ રહ્યા કરતા હતા. વળી, જ્યારે નડિયાદમાં હતા, ત્યારે પણ તેઓ તો રોજ રાતે મરીડા ભાગોળે બધાં હરિજનોને એકઠાં કરી, રામાયણ-મહાભારતની વાતો કહેતા અને ભજનભાવ ધૂન આદિ કરાવતા. તે પછી તેઓ અભયની કેળવણી માટે જ્યાં જ્યાં ભયંકર જગાઓ હોય,

ત્યાં રોજ સૂવા જતાં. એટલે તે ગાળામાં પણ તેમણે આ ખંડનાં ગીતોમાં જે હકીકત ગાઈ છે, તેવી હકીકતની શક્યતા તે ગાળામાં પણ મુદ્દલે નથી.

'મોટા'એ **'જીવનલહરી'**માંના 'લેખકના બે બોલ'માં બહુ જ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે :-

'સ્વજનથી ભોગવાયું જે જીવન આલેખ્યું તેવું છે,
અમારી જાત પર લઈ તે અમે વર્ણન કરેલું છે.'

આ સંદર્ભમાં 'મોટા'એ 'જીવદશાના વમળમાં'વાળા ખંડમાં જે હકીકત લખી છે, તે તેના તેવા સંદર્ભમાં યોગ્ય લાગે છે.

'ભયંકરમાં ભયંકર શા અનાચારો થયેલા છે !' આવા પ્રકારની કેટલીય હકીકત તેવાં ગીતોમાં પ્રગટ થયેલી છે. 'મોટા'ને એમાં મુદ્દલે સંકોચ લાગ્યો નથી, એ તો જાણે ઠીક, પરંતુ એનો યોગ્ય મેળ બેસાડવાનું કામ ઘણું ઘણું મુશ્કેલ થઈ પડે છે.

કોઈકે 'મોટા'ને સ્પષ્ટ પૂછ્યું કે : 'મોટા, આનો-એટલે કે તમે 'જીવદશાના વમળમાં'માંનાં ગીતોમાં જે હકીકત ખુલ્લેખુલ્લી લખી છે, એનો મેળ કેમ ખવરાવવો ?' ત્યારે તેમનો નીચે મુજબનો જવાબ હતો :-

'પ્રભુકૃપાથી આ જીવનમાં જે સ્વજન સહજમેળે મળેલાં છે, તેમણે તેમણે જે રીતે જીવન ભોગવ્યું છે, તેને તે રીતે આલેખવાનો મારો તેમાં પ્રયત્ન છે. વળી, બીજું એક ગૂઢ કારણ પણ તેમાં સમાયેલું છે ખરું. પ્રભુકૃપાથી આ ૨૭૬ જેટલાં ગીતો સાતઆઠ દિવસમાં જ લખાયેલાં છે, અને **'જીવદશાના વમળમાં'** એ ખંડમાં જે ગીતો પ્રકાશિત થયાં છે, તે જ્યારે જ્યારે સ્ફુર્યા હતાં ત્યારે ત્યારે તેમાંનું કેટલુંક તો નજર સમક્ષ પ્રત્યક્ષ જીવતું જાગતું દશ્ય તરીકે દશ્યમાન થતું જતું હતું. એવાં કેટલાંય ગીતો એ ખંડમાં ગાયેલાં છે, તે આ જીવનના પૂર્વજીવનમાં તેવી તેવી હકીકતો બની ગયેલી હતી, મોટાને તેનો

સ્પષ્ટ અનુભવ- નીતરતી હકીકત તે ગીત સ્ફુરતી વખતે આબેહૂબ તાદૃશ્યમાન પ્રગટ્યા કરેલી હતી. શ્રીપ્રભુકૃપાથી કોઈ અગમ્ય એવા નિમિત્તસરને કારણે મોટાનું પૂર્વજીવન તેમની આગળ વ્યક્ત થયેલું છે ખરું. જુદાં જુદાં નિમિત્તના જુદા જુદા તબક્કામાં તે તે પૂર્વજીવન જુદા જુદા પ્રકારનું તે તે નિમિત્તના ગાળામાં મોટાને સ્પષ્ટપણે અનુભવમાં અવતર્યું હતું. તેવી જ રીતે 'જીવદશાના વમળમાં'માંની ગઝલો માટે પણ તેવું છે, મોટાને આ અંગેની જે અનુભવ હકીકત મળેલી છે, તે તેમના પૂરતી તો તદ્દન સાચી છે.

પરંતુ આ હકીકત સામાન્ય વાચકને ગળે ઊતરે તેવી નથી. તે તે આ જીવ પણ કબૂલ કરે છે, પરંતુ મારા જીવનની ઉપરની હકીકત બીજી કોઈ પણ રીતે પુરવાર કરી આપી શકું એમ નથી. તેમ છતાં આ જીવ જ્યારે જીવનના છેલ્લા આરે બેઠો છે, ત્યારે કોઈ માને કે ન માને એ લક્ષમાં લીધા વિના મારે મન જે સોએ સો ટકા સત્ય છે, તે હકીકત જગતનાં ચરણ આગળ મૂકવી તેને મારો ધર્મ સમજું છું.

જીવન એક સમગ્ર, સળંગ અને અખંડાકાર છે. અનેક જીવનોની એક અખંડ હારમાળા છે. એવા જીવનને એક અખંડ તાંતણામાં પરોવાયેલું અનુભવવું એ તો સામાન્ય જીવદશાવાળા જીવનું કામ નથી. આત્યંતિક અનુભવની કક્ષામાં અને શ્રીભગવાનની અખંડાકાર ભાવનામાં જે જીવતો શરીરધારી આત્મા છે, તેવાને તેવાં તેવાં નિમિત્ત મળતાં, તેના જીવનમાં તેનું પૂર્વજીવન નિમિત્તના સંબંધ પ્રમાણેનું તેની આગળ શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયા કરતું હોય છે. 'જીવદશાના વમળમાં' એ ખંડમાંનાં જે ગીતો મને સ્ફુરેલાં છે, તેનો હું આ રીતે મેળ બેસાડું છું. બાકી, હાલના આ જીવનમાં તેવા તેવા પ્રકારની કોઈ હકીકતો બનેલી હોય તેવું તો મુદ્દલે નથી.

પ્રત્યેકનું હાલનું જે શરીર છે અને તેનું જે જીવન છે, તે કંઈ ઓચિંતું એકદમ અધ્ધરથી ટપકી પડેલું હોતું નથી. તેની આગળની

કોઈ પરિસ્થિતિ કે ભૂમિકા હોવી જ જોઈએ. જેમ કે વૃક્ષ જે છે તે મૂળે તો બીમાં જ હતું, તે પછી જ જમીનમાં વવાયું અને તેમાંથી તે ઊગ્યું. નાનો છોડવો થયો. તેમ કરતાં તેનાં મૂળિયાં પરિપક્વ થઈ ક્યાંનાં ક્યાંય ફાલ્યાં. અને એ જ ઝાડ પાછું અનેક બીમાં પોતાના અસ્તિત્વને ગોપવે છે. અને હાલ જે વૃક્ષ છે તેનું અસ્તિત્વ કોઈ ને કોઈ રૂપે ભવિષ્યમાં પ્રગટતું જતું હોય છે, તે હકીકત તો સર્વ કોઈની બુદ્ધિમાં ઊતરે તેવી છે. તેવી જ રીતે હાલમાં આપણું જે શરીર છે અને તેનું જે જીવન છે, તેનું પણ આવા વૃક્ષના જીવનના જેવું છે. હાલ જે વૃક્ષ છે તેની પહેલાં પણ તેનું કોઈ બીજા રૂપમાં અસ્તિત્વ હતું અને ભવિષ્યમાં જ્યારે તે વૃક્ષનું અસ્તિત્વ નહિ હોય ત્યારે પણ તે જ વૃક્ષનું અસ્તિત્વ કોઈ ને કોઈ જુદા સ્વરૂપમાં પ્રવર્તેલું રહ્યા કરેલું હશે જ. આમ જોતાં પ્રત્યેકની આવી - પોતપોતાની તે તે પ્રકારના જીવનની અનંત હારમાળાઓ છે.

જીવના અનેક પૂર્વજન્મોની, અને તેવા પૂર્વજન્મનાં શરીરોની, અને તેવાં શરીરના તે તે કાળે તેવા તેવા જીવનની હકીકતો, તે પણ એક જાતના સંશોધનનો વિષય છે ખરો, પરંતુ એ સંશોધનને માટે અને એ અનુભવવાને માટે 'પ્રજ્ઞા'ની આવશ્યકતા ખરી. જેની બુદ્ધિ સંપૂર્ણપણે પ્રજ્ઞા થયેલી છે, તેવી પ્રજ્ઞાને તેવા તેવા પ્રકારનું નિમિત્ત મળતાં, તે તે નિમિત્ત પ્રકારનું જ્ઞાન કે હકીકત સહજમેળે હસ્તામલકવત્ હોય છે.

આ 'જીવદશાના વમળમાં' જે ગીતો લખાયાં છે, તેમાં જે કેટલીક હકીકત આવે છે, તે આ જીવના હાલના જીવનની નથી. તેના હાલના જીવનના પૂર્વજન્મની હકીકતો પ્રગટેલી છે.

ઉપરાંત, આ પણ એક સાચી હકીકત છે. પ્રભુકૃપાથી આ જીવનમાં નિમિત્ત સંજોગે કરીને જે સ્વજનો મળેલાં છે, તે સ્વજનોને સૂક્ષ્મપણે આડકતરી રીતે, તેમને શરમમાં પણ ન મૂકી દેવાય તેવી

રીતે તેમને તેમના જીવનની હકીકત તો, કેટલાંક ગીતોમાં, મેં મારા ઉપર લઈને તેવી તેવી રીતે તે હકીકતને મેં આલેખી છે. આ રીતનાં જે ગીતો લખાયાં છે, તે જુદી જુદી છએક વ્યક્તિઓને વંચાવેલાં પણ ખરાં. અને તે વાંચીને તેમણે મને કહેલું પણ ખરું કે, 'મોટા, આ ગીતો તમે અમને અનુલક્ષીને લખ્યાં લાગે છે !'

આ એક તદ્દન નવી રીત છે ખરી. કેટલીક વાર આવી સૂક્ષ્મ રીતે દર્શાવેલી હકીકત કોઈ જીવને પ્રભુકૃપાથી જાગૃત કરી દે એવી હૃદયમાંની હૃદયથી ભાવભરી પ્રાર્થના, તે ગીત ગાતી વખતે આ હૃદયમાં હૃદયથી પ્રગટ્યા કરેલી હતી, એ મારા દિલની સાચી હકીકત છે. પછી પરિણામ તો જે આવવાનું હોય તે ભલે આવે - તેની સાથે પ્રભુકૃપાથી ઝાઝી સ્પૃહા નથી.

પ્રભુકૃપાથી મારા હૃદયમાં જે જે સ્વજનો નિમિત્ત સંજોગે મળેલાં છે, તેમનાં હૃદયમાં શ્રીપ્રભુ પરત્વેની અભિમુખતા પ્રગટે તેવી મારી હરહંમેશની ભગવાનને પ્રાર્થના તો હોય જ છે, અને તે તે સમયે તેવાં તેવાં સ્વજનોનું નિમિત્ત મળતાં, તે તે સ્વજનોનું સ્મરણ પ્રાર્થનાભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં પ્રેમપૂર્વક સમર્પણ કર્યા કરવાનો આ હૃદયનો જ્ઞાનભક્તિપૂર્વકનો હંમેશાં જીવતોજાગતો મહાવરો છે. તે કંઈ કશાને નકામું ગણતો નથી અને નકામું જવા દેતો પણ નથી. મળેલાં સ્વજનો પરત્વેની ચેતનાત્મક સદ્ભાવનાને કારણે મારું દિલ શ્રીપ્રભુકૃપાથી તેમના પરત્વે ઢળતું રહ્યા કરે છે અને મારા હૃદયના તેવા પ્રકારના અભિગમને કારણે તે તે મળેલાં સ્વજનો ભગવાન પરત્વેની અભિમુખતાની ગતિ-દિશામાં પ્રગટે તો મારા જીવનનો તે એક મોટામાં મોટો લહાવો, અને તેવા પ્રકારનાં કર્મને ઉત્તમમાં ઉત્તમ પ્રકારની સેવા હું ગણું છું. તેનું કારણ પણ એ છે કે ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે, ત્યારે રાગદ્વેષ વગેરેની ભૂમિકા હોતી નથી. એવું હોય ત્યારે જ પરસ્પરમાં સુમેળ,

સદ્ભાવ આપમેળે રહ્યા કરે. ઈર્ષ્યા, અદેખાઈ એ તો આપણા મનમાંની સમજણની મડાગાંઠોને આધારે આપણામાં તે તે બધું પ્રગટતું હોય છે. તેને જ આપણે સાચું માની બેઠાં હોઈએ છીએ. પ્રત્યેક ભૂમિકાની સમજણનું સત્ય પણ જુદું જુદું હોય છે. એટલે એ રીતે વિચારીએ તો જીવદશામાં જ્યાં સુધી છીએ ત્યાં સુધી તેવી દશામાંની સમજણનું સત્ય આખરી સત્ય હોઈ શકતું જ નથી. એવું સત્ય તો કદીક સાપેક્ષ સત્ય ગણી શકાય.

આટલા જ માટે મળેલાં સ્વજનોને મારી તો પ્રાર્થના અને વિનંતી છે કે, આપણે કોઈનો ન્યાય તોળવાનું સંપૂર્ણપણે મૂકી દેવું જોઈએ. અને સમજવું જ હોય તો પોતે પોતાને જ સમજવું જોઈએ, એ જ આપણે માટે હિતાવહ છે. જે કોઈને ભગવાન પરત્વે ગતિ કરવી છે, તેવા તેવા જીવે પોતાનાં મનાદિ કરણ ભગવાન પરત્વેની અભિ-મુખતામાં કેમ કરીને ગતિ કરતાં સભાનપણે ગળતાં રહ્યા કરે, એ પરત્વેનો તેમનો તેમનો જાગૃતિપૂર્વકનો જીવતોજાગતો પ્રયત્ન હોવો જ ઘટે. આપણે જે કરવું છે, અને તેની જો આપણને ખરેખરી ઝંખના છે, અને જો તે પ્રમાણેની ગતિ ના થતી હોય તો આપણી તે ખ્વાહેશ અને તે પ્રકારની ઝંખના મિથ્યા સમજવી, અથવા તો તદ્દન નીચલા થરની મંદગતિવાળી સમજવી. કોઈક સાંસારિક બાબતમાં આપણને ઈચ્છા થાય છે, તો તે ઈચ્છા ફળાવવાને આપણે ગતિ કરતા હોઈએ છીએ, તે દરેકના અનુભવની હકીકત છે, તો પછી આમાં જો આપણા હૃદયની ખરેખરી ઝંખના પ્રગટેલી હોય, તો તે પરત્વેની આપણી ગતિ પ્રગટેલી હોવી જ જોઈએ.

આ જીવ જીવદશામાં હતો ત્યારે એને ગરજને કારણે સ્મરણ લેવાનું નિમિત્ત જાગ્યું હતું. એ સ્મરણનો ગાળો કેમ કરીને વધ્યા કરે તેની પણ યોજના કરી હતી. રોજ અઢી કલાક તો સ્મરણ લેવું, લેવું ને લેવું જ રહ્યું. ન લેવાય તો જમવાનું બંધ. એમ પંદર દિવસના

આંતરા પછી તેમાં રોજ સમય વધારતો ગયો. જ્યારે શ્રીભગવાનની કૃપાથી ૧૦ કલાક સુધી પહોંચી શકાયું ત્યારે તેમાં કંઈ થોડીઘણી ઉત્સાહની લહરી પણ પ્રગટી, અને કંઈક ભાવ પણ અનુભવાયો. એ સ્મરણને મહેનત કરી કરીને શ્રીપ્રભુકૃપાથી ૧૫ કલાક સુધી તો લઈ જવાયું. તે પછીથી ગમે તેટલા જબરજસ્ત પ્રયત્નો થયા તોપણ આગળ વધી શકાતું ન હતું. એ તો ભગવાનની કેટલી જબરજસ્ત કૃપાપ્રસાદી થઈ કે તેણે આ શરીરના જીવને મધરાતે સાપ કરડાવ્યો. બોરસદ તાલુકાના બોદાલ ગામની સીમમાં ત્યારે એક પડખે શ્રી ઠક્કરબાપા સૂતા હતા અને બીજી બાજુએ શ્રી શ્રીકાંત શેઠ. શ્રીકાંત શેઠ હજી પોતે હયાત છે. જ્યારે સાપ કરડ્યો ત્યારે આ જીવને લાગ્યું કે હજી ધ્યેય તો સાંપડ્યું નથી, અને ધ્યેયની પ્રાપ્તિ વિના શરીર પડી જાય તે પોસાય તેવું નથી. તેથી, આ શરીર-જીવને તેવો મરણિયો સજ્જડ નિર્ધાર પ્રગટ્યો. એવા નિર્ધારને કારણે એક પ્રકારનું પ્રચંડ ભયંકર યુદ્ધ પ્રગટ્યું. એક બાજુ ઝેર શરીરને સંપૂર્ણ બેભાન બનાવી દેવાના પ્રયત્નમાં, અને તેની સાથે આ જીવનો સતત એકધારો જીવતોજાગતો જીવવાની સભાનતાવાળો પ્રચંડ પ્રયત્ન. આવા ભીષણ કારમા સંગ્રામમાં એકધારું અટક્યા વિનાનું ૭૬ કલાક સુધી સ્મરણ ચાલ્યું. ખાધાપીધા વિના કે કંઈ પણ કશું લીધા વિના. સાપનું ઝેર મંત્રથી ઉતારવા મારા શરીરને બેત્રણ ગામડે લઈ ગયા હતા. તે પછી શ્રી ઠક્કરબાપાએ બોરસદ ગામથી મોટર મંગાવી, અને આણંદના ડૉ. કૂકની હૉસ્પિટલમાં લઈ ગયેલા. ત્યારેય આ જીવ શ્રીભગવાનનું નામ મોટેથી લીધા જ કરતો હતો - અને તે પણ એકધારું અને સતત. શ્રી ઠક્કરબાપાએ ડૉક્ટરને બધી હકીકત સમજાવી. સાપ કરડ્યાને ઘણો વખત થઈ ગયો હોવાથી ડૉક્ટર સાહેબે આંતરડાં ધોઈને સાફ કર્યાં અને પેટ પણ ધોઈને સાફ કર્યું. આંતરડાં અને પેટમાંથી જે નીકળેલું તેનું પૅથોલોજિકલ

એનેલિસિસ કર્યું ત્યારે તેમાંથી 'ભારે ઝેર છે' એમ નિદાન થયું. ખ્રિસ્તી મિશનમાં કામ કરનારા ડૉક્ટરો પણ ભગવાનમાં ભક્તિ રાખનારા હોય છે, એટલે ડૉક્ટરે તો કહ્યું : 'આ છોકરો ભગવાનના સ્મરણને લીધે જીવ્યો !' એવા જીવસટોસટના ભીષણ સંગ્રામમમાંથી જ શ્રીભગવાનના નામની ગંગધારા સતત અખંડપણે વહેવી શરૂ થઈ.

સ્મરણ જ્યારે જીવનમાં નિરંતર અખંડાકાર જીવતુંજાગતું પ્રવર્તતું થઈ જાય છે, ત્યાર પછી જ ભાવનાનું ક્ષેત્ર અંતરમાં ખુલ્લું થતું જાય છે. એ ભાવના જ્યારે તેના અખંડપણામાં નિરંતર જીવતીજાગતી પ્રજ્વલે છે, ત્યારે જ મનાદિ કરણનું સુદૃઢ રૂપાંતર થયા જતું હોય છે, ત્યારે તેમાં પ્રયત્ન હોતો નથી.

આ સ્મરણનો પ્રયોગ ભગવાનની કૃપાથી મેં પ્રયોગાત્મક રીતે પણ ચલાવ્યો છે. આધ્યાત્મિક માર્ગના વિકાસને માટે બીજાં એવાં સાધનોમાં ચિત્તશુદ્ધિ, પ્રાણશુદ્ધિ અને અહંશુદ્ધિ, આ બધું જોઈએ. એવી શુદ્ધિનું પ્રગટીકરણ થયા વિના યોગ તો થઈ શકે નહિ. યોગને માટે શુદ્ધિ અનિવાર્ય. જ્ઞાનમાર્ગને માટે પણ. પાપીમાં પાપી અને અધમાધમ એવા છેક નિમ્નમાં નિમ્ન ગતિના જીવ ભગવાનનું સ્મરણ કરીને આ ભવસાગરમાંથી તરી ગયા છે, એવા ઐતિહાસિક દાખલા પણ છે. આ કાળમાં (જેને હું 'પ્રપંચકાળ' કહું છું) ભગવાનનું સ્મરણ એ જ એક ઉત્તમમાં ઉત્તમ તરવાનું સાધન છે. અને એ સાધન પ્રયોગ દ્વારા શ્રીભગવાનની કૃપાથી આ જીવથી સિદ્ધ થયેલું છે. રસ્તે જતાંઆવતાં ભગવાનનું સ્મરણ, ભજન, કીર્તન, ધ્યાન, ત્રાટક આદિ સાધનો આ જીવ કર્યા કરતો હતો. અને તે પણ ગુજરાતના સેવાક્ષેત્રમાં તે તે પ્રકારનું સેવાકાર્ય પ્રભુપ્રીત્યાર્થે કર્યા કરતાં, કર્યા કરતાં. આ હકીકત ઘણાંની જાણમાં છે.

લાખોગણી સાબિતી ભલેને આપો, પરંતુ જ્યાં સુધી જે જીવને ભગવાન પરત્વેની ગતિશીલ, ક્રિયાશીલ એવી અદમ્ય જ્વાળામુખીના

અગ્નિસમી હૃદયમાં હૃદયથી જિજ્ઞાસા પ્રગટેલી નથી હોતી, તેવો જીવ કશું કરી શકે નહિ. તે આગળ વધી પણ ના શકે. થોડીઘણી પણ જેનામાં જિજ્ઞાસા છે, એવો જીવ તેની પ્રકૃતિ અને સ્વભાવને સાનુકૂળ પડે તેવું કોઈ સાધન લઈ, તેને સતત એકધારું વળગ્યા કરીને તેમાં જ મચેલો, મંડેલો અને મથ્યા કરતો રહે તો તેવા જીવમાં પ્રાણ પ્રગટી શકે છે. મંડ્યા કરાયા વિના આ માર્ગમાં કે બીજા કોઈ માર્ગમાં વિકાસનું કામ થઈ શકવાનું નથી.

'જીવનઅનુભવગીત', 'જીવનલહરી', 'જીવનઝલક', 'જીવનસ્મરણ' વગેરે અને આ છપાતી ચોપડીમાં શ્રીભગવાનની કૃપાથી સ્મરણને આ જીવે બહુ રીતે દોહરાવ્યું છે. વિચારી વિચારીને આ જીવને લખવાની કદી આદત નથી. આ જે બધી ચોપડીઓ છપાઈ છે, તે માત્ર થોડાક દિવસોમાં જ લખાયે ગયેલી છે. અને આ સ્મરણને કેટકેટલાં પાસાંઓથી, જુદાં જુદાં પાસાંઓમાં, જુદી જુદી રીતે અને જુદી જુદી ભૂમિકામાં સ્મરણને કેવી રીતે શ્રીપ્રભુકૃપાથી લીધા કરેલું છે, તેનો જો કોઈ વાચક ખરા દિલથી અભ્યાસ કરે, તો તેને નરી આંખે સમજણ પડે તેવું છે.

સ્મરણનું વિજ્ઞાન આપણી બુદ્ધિ સ્વીકારી શકે અને આપણી સમજણમાં ઊતરી શકે તેવી રીતે એને વિજ્ઞાનપૂર્વક **'જીવનસ્મરણ'** પુસ્તકમાં સમજાવવાનું થયેલું છે. જેનું દિલ થાય તે તેમાંથી વાંચી લે.

કોઈ પણ કર્મના ક્ષેત્રમાં આગળ ધપવાને માટે જિજ્ઞાસા, તમન્ના, ઉત્કટ ઝંખના, મહત્ત્વાકાંક્ષા, ગરજ (આ બધા શબ્દો એક જ પર્યાયના છે) તેનામાં જાગેલાં હોવા જોઈશે. તેથી, જિજ્ઞાસા અને ગરજ વિશે પણ મેં ઉપરની ચોપડીઓમાં લખેલું છે. ઉત્કટમાં ઉત્કટ ગરજ જાગ્યા વિના 'ગરજ'ના વિષયમાં એકધારું વળગીને ટકી રહેવું એ દુર્લભ હકીકત છે. સંસાર વ્યવહારમાં પણ ગરજવાળો માણસ આપણને પરખાયા વિના રહી શકતો નથી. કોઈ પણ કાર્ય

સિદ્ધ કરવાને માટે તે કર્મ પરત્વેની એવી ‘ગરજ’ તેનામાં જીવતી-જાગતી અગ્નિની જ્વાળાની પેઠે તેનામાં ભભૂકી રહેલી, પ્રગટેલી હોવી જોઈશે. એટલે આવી ‘ગરજ’ને મેં બહુ રીતે દોહરાવી છે. વળી, ઉપરનાં છપાયેલાં પુસ્તકોમાં અને આ ચોપડીમાં પણ ‘હુકમ’ વિશે મેં ઘણું લખેલું છે. આજના આવા સ્વચ્છંદી અને પ્રપંચકાળમાં ભણેલાગણેલા, કહેવાતા સુધરેલા વર્ગને આ હુકમનું તત્ત્વજ્ઞાન ગળે ઊતરવું મુશ્કેલ છે, પરંતુ જેને ગરજ લાગી હોય છે, અને જેના જેના તરફથી આપણી ગરજ સફળ થનાર છે, એવું જે જીવને અંતરમાં અંતરથી જીવતુંજાગતું લાગી ગયેલું હોય છે, તેનું કહ્યું માનવાને આપણે પૂરેપૂરા તત્પર થઈ જતા હોઈએ છીએ. તે તો ઘણાખરાના અનુભવની હકીકત છે. તેવી રીતે હુકમની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. તે સ્થૂળ છે, સૂક્ષ્મ છે અને કારણ સ્વરૂપે પણ છે. ઉચ્ચતમ ભૂમિકાઓમાં પ્રેરણાના સ્વરૂપમાં પણ હુકમ પ્રગટતો હોય છે. એ ‘હુકમ’નાં પણ જુદાં જુદાં પાસાંઓને અને તેની જુદી જુદી ભૂમિકાઓનાં રહસ્યોને, - ‘હુકમ’ને - મેં કેવા ભાવથી અને જીવનના ધ્યેયની, હેતુની જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતાથી મેં ઉઠાવેલા છે ! અને જીવનની ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં મુદ્દલે સંકલ્પ વિકલ્પ વિના પ્રેમભક્તિપૂર્વક હુકમનું પાલન કરેલું છે. હુકમના પ્રેમભક્તિપૂર્વકના પાલનથી-અને હેતુના જ્ઞાનભક્તિપૂર્વકપણે પાલન કરવામાં આવે છે ત્યારે-જીવનની અનેક પ્રકારની મર્યાદાઓને ઓળંગી દેવાને માટે હુકમ એ સમર્થમાં સમર્થ સાધન છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવે તેવું તારવેલું છે. ‘હુકમ’ને જુદી જુદી ચોપડીઓમાં મારા હૃદયના સચોટ ભાવથી એને મેં ગાયો છે.

આ જીવનું શરીર સમાજના છેક નીચલામાં નીચલા થરનું હતું. ચામડાની ઘણી દુર્ગંધ મારે એવે ઠેકાણે અમારું રહેઠાણ. માત્ર એક નાનકડા ઓરડાવાળું ઘર અને તેની આગળ છ ફૂટ પહોળી

અને બાર ફૂટ લાંબી ઓસરી. એ ગરીબાઈને જે રીતે ભોગવી છે, તેનું પણ વર્ણન આ ચોપડીમાંની કેટલીક ગઝલોમાં છે. હવે, હાલનો કાળ અને આવતો કાળ ગરીબોના પુનરોદ્ધારનો છે, એ મને સાચેસાચ લાગ્યું છે. આ કાળનાં કેટલાંક લક્ષણો અંગે મને જે લાગ્યું છે, તે વાસ્તવિકપણે લખ્યું છે.

શ્રીપ્રભુકૃપાથી સળંગ, એકધારી સાધના થતાં થતાં, અને એ સાધના ઊર્ધ્વતમ વિકાસસાધનામાં પ્રગટતાં જે જે અનુભવ થયા કરેલા છે, તે ભૂમિકાનું વર્ણન કરતી હકીકત પણ જુદી જુદી ચોપડીઓમાં છે. તેમાં 'દર્દનું રહસ્ય' સમજવા જેવું છે. સાચેસાચું અંતરનું ખરેખરું ઊંડાણમાં ઊંડાણનું તે પરત્વેનું 'દર્દ' પ્રગટેલું હોતું નથી, ત્યાં સુધી તેની ખરી મજા પણ માણી શકાતી નથી. એવું દર્દ પ્રગટ્યા વિના 'દર્દ'ના વિષયમાં પ્રાણ પણ પ્રગટી શકતા નથી. એવા દર્દ વિના ઉત્તમમાં ઉત્તમ સર્જન પણ પ્રગટી શકતું નથી. ભક્તિનો કે સંગીતનો જે ખરેખરો ઉપાસક છે, તે આ દર્દના રહસ્યને સમજી શકે છે. આ ચોપડીમાં અને બીજી ચોપડીઓમાં પણ 'દર્દ'નાં કેટલાંક ગીતો આ જીવે લખેલાં છે. 'દર્દ'ની ભૂમિકા ઉપરનું સર્જન - એ સર્જન ખરેખરું હૃદયનું છે. તેમાં જે હાર્દ પ્રગટે છે, તે કોઈ અનોખા પ્રકારનું છે. અને એવા દર્દના કારણે જ 'દર્દ'ના વિષય પરત્વે તે સતત એકધારો પ્રાણવંતો પ્રગટેલો રહ્યા કરતો હોય છે. એવા દર્દને કારણે જ 'દર્દ'ના વિષયમાં તે ઊંડાણમાં, ઊંડો ને ઊંડો ઊતરતો જતો હોય છે. 'દર્દ'ના વિષયને અનુભવમાં પ્રત્યક્ષ કરાવનાર મુખ્ય કારણ તો તેવું 'દર્દ' જ છે.

શ્રીપ્રભુકૃપાથી નિમિત્તભાવે આ સંસારમાં જે કેટલાંયે સ્વજનો મળેલાં છે, જેઓ જુદી જુદી પ્રકૃતિનાં અને જુદા જુદા સ્વભાવનાં પણ છે, તેમને તેમને શ્રીપ્રભુકૃપાથી તેમના પરત્વેનાં લખાયેલાં જોડકણાંમાંથી સદ્‌ભાગ્યે તેને વાંચવાનું કર્મવશાત્ બની જાય, અને

તેમાંથી તેમની અભિમુખતા કેળવાય તેવો તે જોડકણાં લખવા પાછળનો જ્ઞાનભક્તિ-પૂર્વકનો હેતુ છે. કોક કોકને તે વાંચી સંભળાવ્યાં પણ છે.

આમાં જે જુદા જુદા ખંડ પાડેલા છે, તેના શીર્ષકનાં જે નામ છે, તે તે શીર્ષકનાં નામના ભાવ પ્રમાણે શ્રીપ્રભુકૃપાથી આ જીવનમાં વર્તાયું છે. જીવનના પ્રત્યેક પ્રકારના વર્તનના હાર્દમાં જીવનના ધ્યેયનો હેતુ - ઊછળતો અને ધગધગતો - જીવનને કેળવવા અને મઠારવા માટેનો જ્ઞાનભક્તિપૂર્વક જીવંત રહેલો છે. તેથી તો આ જે જીવન જેવું તેવું છે અને તે પ્રમાણેના ભાવના વર્તનનું પરિણામ છે.

આ બધાં જોડકણાં માત્ર સાતઆઠ દિવસમાં પ્રભુકૃપાથી લખાયેલાં છે. આ જીવનું શરીર ઘણા રોગોથી પીડિત છે અને હવે તે પ્રત્યેક રોગનું દર્દ વધારે વેગીલું અને વેદનાજનક પ્રવર્તતું જતું છે. શ્રીપ્રભુકૃપાથી તે તે તીવ્ર ઉગ્ર વેદનામાં સાક્ષીભાવે રહી શકાય છે, તે એક જુદી હકીકત છે, પરંતુ તેવી વેળાએ શ્રીભગવાનના ભજનમાં રહી શકાય અને તેવા તેવા ભજનના લલકારમાં શ્રીસદ્‌ગુરુના દિલના ભાવ-આશીર્વાદથી આ જીવથી યત્કિંચિત્ જે સાધના થયેલી છે, તેનો પણ કંઈક ઇતિહાસ તેમાં લખાય તો ચરમકમળે પ્રેમભક્તિપૂર્વક તે તે તર્પણ થયાના ભાવથી કૃતાર્થ થવાય, એવો પણ આ હૃદયનો હેતુ રહેલો છે.

આ પ્રત્યેક જોડકણાંમાં શરૂઆત જીવદશાની તદ્દન નીચલી ભૂમિકાથી માંડીને છેક જીવનની ઊર્ધ્વ ભૂમિકામાં પગરણ મંડાય છે, એ બધી હકીકત બહુ જ ટૂંકમાં વર્ણવાયેલી છે.

વળી, આ જીવથી આ સંસારમાં રહીને જીવનમાં મળેલા પ્રત્યેક કર્મને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવનના ધ્યેયના હેતુનું જીવતું લક્ષ રાખીને શ્રીપ્રભુપ્રીત્યર્થ ભાવે આચરાયેલું છે. આ જીવ સતત સ્મરણ, પ્રાર્થના અને ભજન કીર્તન કર્યા જ કરતો હતો. પોતાનું કર્મ કરતાં કરતાં કેટલીક વાર વર્ગમાં પણ ભાવાવસ્થામાં પ્રગટી જતો હતો. તે દર્શન

કેટલાંકથી નજરોનજર જોવાયેલું છે. એટલે આ જે ગાયેલું છે, તે તો આ જીવની અનુભવકથા છે, અને એ સાધનાકક્ષાનું વ્યક્ત સ્પંદન છે.

આ શરીરનાં હઠીલાં દર્દોની ઉગ્ર અને તીવ્ર વેદનામાં આ ભજનોએ આહ્‌લાદ અને આનંદજનક, નશીલી અને રસીલી જે રાહત બક્ષી છે, તે તો શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપાપ્રસાદી છે.

મારાં જોડકણાંમાં કેટલાયે શબ્દો ગામઠી પ્રયોગના છે. પ્રત્યેક કક્ષાના વાચકને સરળમાં સરળ રીતે સમજણ પડે તેવી રીતે તે લખાયેલાં છે. ગદ્ય કરતાં પદ્યમાં પ્રભુકૃપાથી લખવું મને સરળ પડે છે. એટલે આ ભજનોનો ઢાંચો તો પદ્ય છે, પરંતુ ખરી રીતે તો સરળ સીધું સાદું ગદ્ય જ છે.

આ રીતે શ્રીપ્રભુકૃપાથી શરીરના રોગની વેદનાને કારણે જે વ્યક્ત થવાનું બની શક્યું, તેને પણ શ્રીભગવાનની કૃપા અનુભવું છું. આ પ્રસિદ્ધ કરવાને કેટલાંકે મને રકમ આપીને મદદ આપી છે, તેમનો ખરેખરો ઓશિંગણ છું, અને જે દિલનાં સ્વજનોએ આ બધું પ્રકાશન કરાવવામાં પ્રત્યક્ષ સક્રિય ઓથ અને સહાનુભૂતિ બક્ષ્યાં છે, તેમના પરત્વે મારા હૃદયનો ભાવ પ્રેરાય એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું.

હરિઃૐ આશ્રમ, **-મોટા**
નડિયાદ.
તા. ૫-૧-૧૯૭૩

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ 'જીવનઅનુભવગીત' રચ્યા પછી, **जीवन**ના અનુભવનાં વિવિધ પાસાંઓને સ્પર્શતી સંખ્યાબંધ રચનાઓ રચાયે જ જાય છે. 'જીવનસ્પંદન'માં જે રચનાઓ ગ્રંથસ્થ થઈ છે, એમાં તેઓશ્રીના જીવનનાં અનેક સ્પંદનો આસ્વાદ્ય બની શક્યાં છે.

આ પુસ્તકની એક વિશેષતા છે. એમાં તેઓશ્રીએ 'જીવદશાના વમળમાં' એ મથાળાવાળા વિભાગમાં મુકાયેલી ગઝલો રચી છે, એની પાછળનો ઘણો જ ગહન ગૂઢ મર્મ રહેલો છે. તેઓશ્રીએ આ પુસ્તકના 'લેખકના બે બોલ'ના મથાળે લખેલા લખાણમાં એ વાત સ્પષ્ટ કરી છે. પૂજ્ય શ્રીમોટાએ આ ખૂબ જ ગૂઢ અને ગહન વાતને આટલી પણ સ્પષ્ટ કરી એથી અનુભવીના 'નિમિત્ત'ને અને અનુભવીની 'સકળ-વ્યાપી' અનુભવ લીલાને સંકેતથી પણ યત્કિંચિત્ સમજી શકાય એવું લાગે છે ખરું.

અનુભવી પુરુષ 'નિમિત્તયોગે' જે જે **जीवो** સાથે સંકળાય છે, એની પાછળની કાર્યકારણની સાંકળ કેવી સૂક્ષ્મ હોઈ શકે એનો ખુલાસો પ્રતીતિકર બની શક્યો છે. વળી, આવા અનુભવી પુરુષ પ્રત્યેના આકર્ષણ પાછળ પણ **एवा**નું જ પૂર્વના અનંત જન્મોનું આકર્ષણબળ જ ગૂઢ રીતે કાર્ય કરતું હોય છે, એની પ્રતીતિ પણ પૂજ્યશ્રીના લખેલા 'લેખકના બે બોલ'માંથી મળી રહે છે.

પણ આ બધી પ્રતીતિ ઉપરથી આપણે સમજવાનું એ છે કે આવા પુરુષનો સંપર્ક પામ્યા પછી આપણું જીવન અને આપણો વ્યવહાર, ગમે તેવાં વિચ્છિન્ન અને આદર્શવિરોધી ન હોવો જોઈએ, કેમ કે સર્વમાં રહેલા ચેતનતત્ત્વ સાથે **एकरूप** થયેલો હોવાથી, **ए**

અનુભવી, નિમિત્તે મળેલાં સ્વજનોની પ્રકૃતિ સાથે ખેલતો હોય છે. આથી, એના ખેલને સાથ આપીને આપણી **જીવ**કક્ષાને ઊંચે લાવવા આપણે જાગૃતિપૂર્વક, પ્રેમભક્તિથી તેમ જ જીવનવિકાસના હેતુના જ્ઞાન સાથે મથવું જ રહ્યું. તો જ આવા અનુભવી સાથે મળ્યાની સાર્થકતા સિદ્ધ થઈ શકે.

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના પ્રકાશન સાથે મારું નામ મુકાવીને મને જે માન આપ્યું છે, એ માટે મારી કશી જ યોગ્યતા નથી. એમના પરિચય અને સંપર્કથી જે જે સમજ ઊગે છે, એ જીવનના વ્યવહારમાં ઊતરે નહિ ત્યાં લગી કશી રીતે પણ હું યોગ્ય ન લેખાઉં.

પૂજ્ય શ્રીમોટા આ પુસ્તકમાં 'સ્વજનને' સંબોધીને જે જે કહે છે, એ યથાર્થતામાં જીવવા માટે મથવાની શક્તિ, બળ આપે એવી પ્રાર્થના કરી વિરમું છું.

૩૨, પંચવટી, મણિનગર, **-અરુણા રમેશભાઈ ભટ્ટ**
અમદાવાદ-૯

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'જીવનઅનુભવગીત'થી આરંભાયેલી પુસ્તકશ્રેણીના અનુસંધાનમાં આ 'જીવનસ્પંદન' પ્રગટ કરતાં આનંદ થાય છે. પૂજ્ય શ્રીમોટાની જીવન કલાનાં કેટલાંક ગૂઢ સૂક્ષ્મ ઇંગિતો આ સંગ્રહમાંની કેટલીક ગઝલોમાં છે, એ આ પુસ્તકની નોંધપાત્ર વિશેષતા છે.

આ ગઝલોને ક્રમબદ્ધ ગોઠવવાનું કામ શ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે તથા સુવાચ્ય અક્ષરે પ્રેસકોપી તૈયારી કરી આપવાનું તેમ જ પ્રત્યેક ગઝલને યોગ્ય શીર્ષક આપવાનું કામ શ્રી પુષ્પાબહેન દલાલે કર્યું છે. એ બંનેના અમે આભારી છીએ.

આ ગઝલોનું પુસ્તક છપાવી આપવાના ખર્ચ પેટે નીચેનાં સ્વજનોએ આર્થિક સહાય કરી છે. એમનો હૃદયથી આભાર માનીએ છીએ.

રૂ. ૧૦૦૦શ્રી પ્રાધ્યાપક રમેશભાઈ ભટ્ટ, અમદાવાદ.
૫૬૭ શ્રીમતી જયાબહેન વૃજલાલ જાની, રાજકોટ.
૪૦૭ સુરત શહેરનાં ભાઈબહેનો.
હસ્તે શ્રીમતી ઊર્મિલાબહેન ચૂનીલાલ તમાકુવાળા.
૨૫૧ શ્રી પુષ્પાબહેન દલાલ.
૧૫૧ શ્રીમતી રંજનબહેન હીરાલાલ પરીખ, સુરત.
૧૦૧ શ્રીમતી જ્યોત્સ્નાબહેન જાની, વડોદરા.

બાકીનો બધો ખર્ચ એક સદ્‌ગૃહસ્થે મેળવી આપ્યો છે.

પૂજ્ય શ્રીમોટાનાં તમામ પુસ્તકોની આવકની જેમ આ પુસ્તકના વેચાણની પણ તમામ આવક લોકકલ્યાણનાં કાર્યો પાછળ જ ખર્ચાશે. આથી, આ પુસ્તકનું વેચાણ કરવામાં સહાયભૂત થવા સ્વજનોને વિનંતી છે.

આ પુસ્તકને કાળજીપૂર્વક જલદી છાપી આપવા માટે એલેમ્બિક પ્રેસનો આભાર માનીએ છીએ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **નંદુભાઈ**
તા. ૧૫-૧-૧૯૭૩ — મૅનેજિંગ ટ્રસ્ટી,

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો દેહ ઘણા રોગોથી પીડિત હતો ત્યારે પ્રત્યેક રોગનું દર્દ વધારે વેગીલું અને વેદનાજનક પ્રવર્તતું જતું હતું. એવા સમયે તીવ્ર વેદનામાં સાક્ષીભાવે રહેતાં રહેતાં જે ભજનો રચાતાં હતાં, તેમાં તેમનાથી થયેલી સાધનાનો ઈતિહાસ પણ કૃતાર્થભાવે લખાતો જતો હતો. આ પ્રકારની રચનાઓ ગ્રંથાકારે પ્રકાશિત થઈ તેમાં **'જીવનસ્પંદન'**ની પ્રથમ આવૃત્તિ સને ૧૯૭૩માં સ્વજનોને પ્રાપ્ત થઈ હતી.

ઘણાં વર્ષો બાદ તેની બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ. હવે જ્યારે સ્વજનોમાં પૂજ્ય શ્રીમોટાનું પદ્યસાહિત્ય પણ રુચિકર થતું જાય છે ત્યારે આ પ્રકાશન સ્વજનોને શ્રેયમાર્ગના પંથે પ્રગતિ કરવામાં સહાયક બનશે એવી અમોને ખાતરી છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૮-૭-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
(ગુરુપૂર્ણિમા) હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | ગરીબાઈ | ... | ... | ૧-૨૦ |
| ૨ | સાધનાભ્યાસ | ... | ... | ૨૧-૮૪ |
| ૩ | ગરજ | ... | ... | ૮૫-૧૦૨ |
| ૪ | સ્મરણ | ... | ... | ૧૦૩-૧૨૪ |
| ૫ | દર્દ | ... | ... | ૧૨૫-૧૩૨ |
| ૬ | હુકમ | ... | ... | ૧૩૩-૧૫૦ |
| ૭ | પ્રાર્થના | ... | ... | ૧૫૧-૧૬૪ |
| ૮ | હવે- | ... | ... | ૧૬૫-૧૮૮ |
| ૯ | ‘જીવદશાના વમળમાં-’ | ... | ... | ૧૮૯-૧૯૬ |
| ૧૦ | સ્વજનને | ... | ... | ૧૯૭-૨૧૨ |
| ૧૧ | ‘मोटा’ | ... | ... | ૨૧૩-૨૪૦ |
| ૧૨ | ‘हरिलीला’ | ... | ... | ૨૪૧-૨૭૬ |

# જીવનસ્પંદન

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિ:ૐ

# ખંડ - ૧

# ગરીબાઈ



જીવને વાગતાં ઝાઝું તોય જેને સૂઝે નહિ,
તો વાગવાતણો હેતુ એને મિથ્યા જ જાય છે.

હરિઃૐ

## સહ્યા અન્યાય કેવાયે !

ગરીબાઈતણું જીવન નર્યું શું ભોગવેલું છે,
જગતમાં શા ગરીબે **આ** સહ્યા અન્યાય કેવાયે !

ગરીબ જીવન વિશે જે કૈં ગરીબથી તો લખાયું છે,
ન તુક્કાથી, શું બુદ્ધિના ન કૌશલ્યે લખાયું તે.

અનુભવ મેં જીવનમાં તો ગરીબાઈતણો કેવો
-બધાં પાસાંતણો પૂરો જીવન વિશે કરેલો છે !

બધું જે મેળવાયે છે, ખરેખર તે વિશે શો તે
-જીવન ભજવાયેલો ભાગ ચરણકરનો મહત્ત્વે છે !

ચરણ, કર, બુદ્ધિ ને મૂડી બધાંથી મેળવાયે જે,
પૂરો તેમાં બધાંનોયે ખરેખર ભાગ પૂરતો છે.

પરંતુ કોઈ ના ભાગ બધાંને યોગ્ય વહેંચે છે,
બધું નિજનું કરી લેવા બધાંની ગડમથલ શી છે !

હરિઃૐ

## શું આકાંક્ષિત થવાયું છે !

ગરીબાઈ ભયંકર શી જીવનમાં ભોગવેલી છે,
જુદા જુદા અનુભવના જીવનસિક્કા પડેલા છે.

કદી કોઈ પ્રસંગે તે શી આંતરડી જ કકળી છે !
છતાં તે વ્યક્ત કરવાની ન હિંમત મારી ચાલી છે.

નમાલાથી છતાં કેવું બબડવાનું થયેલું છે !
નમાલાનું જગતમાં તો ન સાંભળવાનું કોઈ છે.

સબળ તેથી થવા દિલમાં શું આકાંક્ષિત થવાયું છે,
થવાની દિલ મહેચ્છા એ જતાં આગળ ફરી ગઈ છે.

જીવનની લક્ષ્મીને હૃદયે શી મેળવવા ચહેલી તે,
કૃપાથી માતબર **एणे** જીવનમાં શો બનાવ્યો છે !

હરિઃૐ

# ગરીબનોયે ગરીબ પૂર્ણ

ભયંકર કારમી કેવી જીવનની તો દશામાં તે
-શી પારાવાર મુશ્કેલી દુઃખો કષ્ટો સહેલાં છે !

જીવન કચડાઈ ગયું તેથી છતાં કેવી ગરજ લીધે,
જીવન વધવા ચહેલું છે, થયા યત્નો જ તેથી તે.

જીવનમાં કેટલી વાર હું અટવાઈ ગયેલો જે,
ગરજ ઉત્કટપણા લીધે મથાવાનું થયેલું છે.

ગરીબનોયે ગરીબ પૂર્ણ હજીયે શો રહેલો તે,
પરંતુ **આ** ગરીબ હાવાં પ્રભુનાં પદકમળનો છે.

હરિ:ૐ

# જીવન ઈચ્છા ફળવવાને

શું નિજનાં બાવડાં જોરે ગરીબને જીવવાનું છે,
ખુમારી તોય નિજ બળની ગરીબને દિલ ન પ્રગટે છે.

ગરીબાઈ થકી જીવન હૃદય મૂરઝાયેલું રહે છે,
ઉપર ચઢવાની આકાંક્ષા પૂરી બર તે ન આવે છે.

છતાંયે ગડમથલ હૃદયે જીવન ઈચ્છા ફળવવાને
-પૂરી જહેમતથી ઉમળકે કર્યા કેવી કરેલી છે !

'પ્રખર પુરુષાર્થથી શું ના જીવનમાં મેળવાયે છે !'
હૃદય સમજાઈ, ઊગ્યું તે ખરે તેથી ફળાયું છે.

હરિ:ૐ

# ગરીબને કોણ પૂછે છે ?

બધાં ધક્કે ચઢાવે છે, ગરીબને કોણ પૂછે છે ?
ગરીબની ના ગણતરી છે, બિચારો બાપડો શો તે !

બધેથીએ મળે તેને જગતમાં ખૂબ હડસેલા,
ન કોઈને પડેલી છે ગરીબની નિત્ય જીવનમાં.

પરંતુ કાળ આવ્યો **આ** ગરીબની વહાર કરવાને,
ઉપર લેવા ગરીબને શો જગત મંથન કરાવે છે.

ન સાનુકૂળ થશે જેઓ પરત્વે કાળની, દિલથી
-થવાના સાફ તેઓ છે લખાયેલું દીવાલે તે.

હરિઃૐ

# ન કોની આંખ ઊઘડે છે

જગતમાં ગણતરી કાંઈ ન કોઈએ ધરેલી છે,
શું ધક્કેલે બધાંએ શો ગરીબને તો ચઢાવ્યો છે !

પરંતુ કાળ પ્રગટ્યો છે ગરીબની વહાર કરવાને,
ન કોઈને છતાં ખ્યાલ જરીક સરખોય જાગ્યો છે.

ગરીબ હાવાં ઉવેખાતાં સમય ભરખી જવાનો છે,
ઊથલપાથલ કરી નાખી સફાચટ તે કરી દેશે.

જગતમાં શા બન્યા કરતા પ્રસંગો આ પ્રકારે જે !
નજર તે તે પડે તોયે ન કોની આંખ ઊઘડે છે.

મળેલાંને જ ચેતવવા મળેલાંને સમજવાને,
ગરીબ વિશે હૃદયથી તે ખરેખર મેં લખેલું છે.

હરિઃૐ

## પરંતુ કાળ આવ્યો છે

ગરીબની સામું કોઈ ના સહાનુભૂતિથી નીરખે,
ગરીબનું સાચું કોઈને કદી સાચું ન લાગે છે.

ગરીબને કેટલો કેવો થતો અન્યાય લાગે છે !
ગરીબ ચગદાઈ જીવનમાં થતો બેહાલ કેવો તે !

ગરીબ તરીકે જનમ લેવો જીવન દુર્ભાગ્ય કેવું તે !
પરંતુ **કાળ** આવ્યો છે ગરીબ ઉદ્ધારવા કાજે.

બધાંનુંએ નિકંદન તે કરાવી જંપશે પોતે,
બધી તૈયારી તે માટે અમારી પ્રેમથી શી છે !

હરિઃૐ

# ધીરજ એની ખૂટી ગઈ છે

ગરીબ હાવાં ઉપર પોતે જરૂર તે આવવાનો છે,
હૃદય સહકાર જે દેશે સમયને,તે બચી જાશે.

ઊથલપાથલ થવાને શો વખત આજે પ્રવર્ત્યો છે !
થશે અવરોધકર્તા જે બધાં હેઠે જ પડશે તે.

અપવવા ન્યાય દુનિયામાં ગરીબને, કાળ પાક્યો છે,
ન જે કોઈ સમજશે તે બધાં ઊડી જવાના છે.

દબાઈ દિલ ચંપાઈ જીવન ગરીબે વિતાવ્યું છે,
હવે તે સાંખી લેવાની ધીરજ એની ખૂટી ગઈ છે.

હવે શો કાળ પોકારી બધાંને ચેતવે છે તે,
શું જોડાજોડ કરવાને ગરીબને નોતરે છે તે !

હરિઃૐ

# ગરીબમાં પ્રાણ ફૂંકવાને

ગરીબમાં પ્રાણ ફૂંકવાને સમય વાગી વગાડીને,
બુલંદ નાદથી કેવો હવે બહાર પડેલો છે.

સમય એંધાણ પોતાનો શું પરખાવે બધાંનેએ,
ચઢી વહારે ગરીબની શો બધાંને સાદ પાડે છે.

ગરીબ ઊંચે ચઢવવાને જગતમાં **આજ** ઘમસાણ
-બધું સમયે ઉપાડ્યું છે, મચાવી છે શી હીલચાલ !

ઊંચું માથું ગરીબ કરતા નજર પ્રત્યક્ષ જ્યાં ત્યાં તે,
છતાં ના કોઈ સમજે કે બલિહારી સમયની તે !

ભયંકર કાળ ઈતિહાસ શું સર્જવવા થયેલો છે !
કટીબદ્ધ પૂરેપૂરો ન તોયે કોઈ નીરખે છે.

હરિઃૐ

# ગરીબ તો ન્યાય માગે છે

દયા માગે ન કોઈની ગરીબ પોતે ગરીબ થઈને,
ગરીબ તો ન્યાય માગે છે પૂરેપૂરો જીવનમાં તે.

હવે ઓછું ન ચાલે છે ગરીબને કોઈ રીતિએ,
ગરીબનાં બાવડાં સાબૂતતણા જોરે જ બોલે તે.

ગરીબ પોતે જ પોતાને પૂરી તાકાતથી જીવને
-'ચઢવવાનો જ છે નિશ્ચે' સમય પોકારી બોલે છે.

સમયને પારખી લઈને જગત ચેતી જશે જો તે,
ઊગરવાનો કંઈક આરો જરૂર તો આવવાનો તે.

પરંતુ લોકને હૃદયે હજીયે સાન એવી તે
-પૂરી પ્રગટેલ છે ના, શો બગડવા કાળ રૂઠ્યો છે !

હરિઃૐ

## જીવનની તે કમાણી છે

ગરીબાઈ મળી તેથી ગરીબ સાચું થવાતું તે,
ખરેખર ભાન જાગી દિલ મને શિક્ષણ મળેલું છે.

ગરીબાઈ શી ધનની છે ! ગરીબાઈ શી મનની છે !
ગરીબાઈ હૃદયકેરી શી ઉત્તમોત્તમ શ્રેષ્ઠ જ છે !

જીવનની તે ગરીબાઈ હૃદય કેળવવું ધારીને,
હવે ખંતે મચેલું છે, જીવનની તે કમાણી છે.

ગરીબાઈ મળી તેથી પ્રવેશાઈ શકાયું છે,
ગરીબીએ જીવનને શું ખરેખર ધન્ય બનવ્યું છે !

હરિ:ૐ

# ખરું દર્શન કરાવ્યું છે

ગરીબાઈથી જીવનમાં મને દિલ આંચકા કેવા !
શું વજ્રાઘાત સમ લાગ્યા ! કંઈક લાગ્યું જ સમજાવા.

જીવનમાં આંચકાએ તે તળેઉપર કરાવ્યો છે,
જીવનનું આંચકાએ તે ખરું દર્શન કરાવ્યું છે.

મને તે આંચકાએ શો હૃદયથી ચેતવેલો છે,
અને તેથી જીવન રળવા હૃદય ચેતવણી લાગી છે.

હૃદય ચેતવણીથી જાગી જીવન પુનર્જીવન પામી
-જીવનનો યજ્ઞ અંતરનો જીવંતો તેથી ચાલ્યો છે.

હરિઃૐ

# ખરો શણગાર જીવનનો

ગરીબાઈ જીવનમાંની ખરા દુશ્મનના જેવી છે !
સતાવીને સતાવીને પૂરો ડૂચો જ કાઢ્યો છે.

ગરીબાઈથી જીવન **આ** પૂરું કથળી ગયેલું જે,
ગરીબાઈ પ્રભુપદની જીવન સમૃદ્ધ બનવે છે.

ગરીબાઈ મળેલી તે મહદ સદ્‌ભાગ્ય કેવુંયે
-જીવન રળવાનું સાધન તે કૃપાથી શું મળેલું છે !

સમગ્ર જિંદગાનીની કમાણી સર્વ ગરીબાઈ,
ખરો શણગાર જીવનનો જીવનની તે ગરીબાઈ.

હરિઃૐ

# હૃદય નિશ્ચય પ્રવર્ત્યો છે

જીવનમાંની ગરીબાઈ મને ત્યારે કઠેલી છે,
કહીંથી આવી ગરીબાઈ ! ખરેખર દિલ થયેલું તે.

ગરીબાઈની કઠણાઈ સહન કરવી પડેલી છે,
હૃદય ઉકળાટયે ત્યારે મને પૂરો થયેલો છે !

હૃદય કકળાટ શો ઊંડો મને ત્યાં ઊપજેલો છે,
થવાને મુક્ત તેનાથી હૃદય નિશ્ચય પ્રવર્ત્યો છે.

અને એ નિશ્ચયે કેવાં ભગીરથ કામ કીધાં છે !
ન આવે કલ્પનામાંયે બધું એવું કરાવ્યું છે.

હરિ:ૐ

## મને એણે મથાવ્યો છે

ગરીબીથી ઊગરવાને મહેનત શી કરેલી છે !
બહુ મથતાં વળી મથતાં ચકલી ફાળ ભરાઈ છે.

પરંતુ માતબર હૃદયે થવા ઉત્કટ લગન મુજને,
સતત જલતી રહેલી જે મને એણે મથાવ્યો છે.

જતાં આગળ પથે આગળ અગાઉની મહેચ્છા તે,
કૃપાથી કેવી રીતે તે ગયેલી ઓગળી શી છે !

જીવનમાં માતબર પૂર્ણ થઈને મહાલવાની તે
-મહેચ્છા શી અમર જીવનતણી દિલમાં ફળેલી છે.

હરિઃૐ

# ગરીબાઈ જ તે યોગ્ય

ગરીબાઈ થકી કેવા જીવનમાં પાઠ શીખવાને,
જુદી જુદી જ રીતનાયે શું સદ્‌ભાગ્યે મળેલા છે !

જીવનનું સર્વ દારિદ્ર બધી રીતે ફિટાવાને
-ગરીબાઈથી મુજને શો શું ધક્કેલો જ લાગ્યો છે !

ગરીબાઈ નરી સ્થૂળથી ગરીબાઈ સૂક્ષ્મ ને દિવ્ય
-જીવન અનુભવ થવા કાજે મહત્ત્વની તે ખરેખર છે.

શિખર તે નમ્રતા ટોચે પહોંચી શૂન્ય બનતીયે,
ગરીબાઈ જ તે યોગ્ય શું અવતરવા નીચે નિમ્ને.

જીવનમાં નમ્રતા તેવી વિના પ્રગટ્યા જ સંપૂર્ણ
-અનુભવી ના શકે કોઈ જીવનના તત્ત્વનું હાર્દ.

હરિઃૐ

# કૃપાની તે પ્રસાદી છે

જીવન સર્વસ્વનું ઊંડું સમર્પણ સર્વ ભાવેથી
-પૂરેપૂરું બની જાતાં ગરીબી શ્રેષ્ઠ તે દિલની.

જીવનમાં કેળવાયેલું ખરેખરનું સમર્પણ જે,
ઘડાવાને જીવન નક્કર શું કેવું પાત્ર યોગ્ય જ તે !

ગરીબાઈ ચરણરજની કૃપાની તે પ્રસાદી છે !
ગરીબાઈ **हरि**ને દિલ અતિશય લાડલી શી તે !

ગરીબાઈ ચરણરજની ન ઘેટાંના સમી તે છે,
ભયંકર ગર્જના સિંહની સમી, કદી કેવી ગર્જે તે !

હરિઃૐ

# ચરણરજનીય રજ તે શું !

'ચરણરજનીય રજ તે શું !' જીવન જ્યારે બને છે તે,
ગરીબાઈ જ તે સાચી **હરિ**નાં પદકમળની છે.

શિખરની શૂન્યતા ટોચે વળી એથીય શું શૂન્યે
-થવાતાં પૂર્ણ, તે યોગ્ય શું સાચી નમ્રતા તે છે !

હૃદયની નમ્રતા એવી ગરીબાઈ જ ઉત્તમ છે,
વિના એવી ગરીબાઈ ખરી ભક્તિ ન જાગે છે.

ગરીબાઈ મળી સ્થૂળ જે જીવન પલટાવવા કાજે,
ગરીબાઈ જ શી શૂન્ય હૃદયમાં કેળવાઈ છે !

હરિ:ૐ

## જીવન શણગાર ગરીબાઈ

ભિખારીની ગરીબાઈ જીવન અમને મળેલી છે,
અમે ગરીબાઈને કેવી જીવન શોભાવી ઉત્તમ છે.

જીવન શણગાર ગરીબાઈ અમારે શિર મુગટરૂપે,
ગરીબીની અમીરાઈ શી ભોગવતા રહ્યા છીએ !


ગરીબી કેળવાવાને તપશ્ચર્યા કરેલી છે,
ગરીબીમાં જીવનધંધો જીવન જીવતાં દીપાવ્યો છે.

સધાતાં પૂર્ણ ગરીબાઈ જીવન મસ્ત ખીલેલું છે,
અમારી તે ગરીબાઈ અમે ચરણે સમર્પી છે.

હરિઃૐ

# ખંડ - ૨

# સાધનાભ્યાસ



ન્યાય અન્યાયથી પૂર્ણ શૃંખલાબદ્ધ જીવન
-મુક્ત તેથી થવા જેઓ જીવે, તે યોગ્ય જીવન.

હરિઃૐ

# તમન્ના દિલની ઉત્કટ

તમન્ના દિલની ઉત્કટ ન જંપી બેસી રહેવા દે,
મથાવ્યા શું કરી એણે મને યત્ને જ જોડ્યો છે !

શું બળતા આગ અંગારા સમી, જીવન અનુભવવા
-હૃદય જાગેલ જિજ્ઞાસા કરે ચિંતવન શું પ્રેરાવ્યા !

નિરંતરના હૃદયના તે થયા કરતા જ ચિંતવનથી
-વલોવ્યાની રીતે દહીં ને ઉપર માખણ તરે દિલથી.

મનન ચિંતવન જીવનનું તો તમન્નાથી જીવંતું રહે,
હૃદય તેથી જ નવનીત જીવન તરતું જણાયે છે.

હરિઃ ૐ

# **હરિપદ ચોંટતાં લગની**

ભજન, કીર્તન, નિવેદન ને સમર્પણ, પ્રાર્થના **હરિ**પદ,
-સ્મરણ, ધ્યાનાદિ, ત્રાટક સૌ થયાં સાધન કરેલાં છે.

બહિર્મુખ જે કરણ ઇંદ્રિય, **હરિ**પદ વાળવા કાજે
-મથામણ જે થયેલી છે, રહસ્યો ગૂઢ તેમાં છે.

લગની સંપૂર્ણ **હરિ**પદમાં જ્યહીં સુધી થઈ ના છે,
કરણ, ઇંદ્રિય, ત્યાં સુધી ન અંતર્મુખ થતાં તે છે.

સ્મરણાદિ જ સાધનને કર્યા કરતાં નિરંતર તે,
**હરિ**પદ ચોંટતાં લગની સધાવાનું સધાયે છે.

હરિઃૐ

# નમાલું જીવવું ફોગટ

નમાલું જીવવું ફોગટ, ભગીરથ યત્ન કૈં કરીને,
જીવનને મહાલી મહાલીને જીવન કરવાનું સાર્થક છે.

જીવનને ત્યાગ પરમાર્થે વધેરીને વધેરીને,
જીવનમાંથી નવું જીવન અનુભવવું અમારે છે.

જીવનને ખાખ સંપૂર્ણ ચરણરસમાં કરી દઈને,
**હરિ**ના હાર્દનું અમૃતતણું દિલ પાન ધરવું છે.

સ્મરણ શો ભોમિયો બનીને જીવન પથ તો બતાવ્યો છે,
સ્મરણ નાનકડું છો સાધન, છતાં પરિણામ જબ્બર છે.

હરિઃૐ

# સ્મરણ પકડેલું રાખ્યું છે

નમાવામાં ટટારી શી રખાવાનું કરાવ્યું છે !
તુટાયું, તોય ના કટકા થવા ચૂરા જ દીધા છે.

ન જાણ્યું શી રીતે સજ્જડ મને જકડાવી માર્યો છે.
થવાને મુક્ત યત્નો કૈં કર્યા કેવા કીધેલા છે !

છુટાયું ના અને ઊલટું વધારે ઓર જકડાયો,
શું જકડાઈ જવાતાંમાં સ્મરણ પકડેલું રાખ્યું છે.

નિવેદન પ્રાર્થના દિલનું સ્મરણ ધા શી હૃદયની તે,
હૃદયના ભાવથી જકડી ખરેખર ખૂબ રાખ્યાં છે.

હરિ:ૐ

## ઝઝૂમવું શું પડેલું છે !

પ્રસંગો આડાઅવળાયે જીવનમાં શાં બનેલા છે !
પ્રગટતાં જાગૃતિ એની બહુ મંથન થયેલું છે !

વલોવાતાં હૃદયના તે મથામણને લીધે હૃદયે,
જીવનનો હેતુ પ્રિછાવે નવી દૃષ્ટિ મળેલી છે.

પડેલી આદતોને સૌ ઉખેડી નાખવા મૂળથી,
ઝઝૂમવું શું પડેલું છે ! જીવનમાં ઉગ્ર મથી દિલથી !

સફાચટ સૌ થતાં, નેવાંનું પાણી મોભે આવ્યું છે,
કૃપા વિના મૂળે સ્વચ્છ થવું, જીવનમાં અઘરું છે.

હરિઃૐ

# હૃદય તડફડિયાં માર્યા છે

ઊકળતા દિલની ઉગ્ર શી હિજરત ને તડપ ભારે,
શું ઝંઝાવાત જીવનમાં મને એનાથી જાગ્યા છે.

નિરાંતે જંપ વળવા દે જીવનમાં તે જરાયે ના,
હૃદય ના ચેન પડવા દે કશામાં ક્યાંય જીવનમાં.

જીવનમાં કારમા કેવા બહુ પછડાટ ખાધા છે !
કશું તોયે વળ્યું ના છે હૃદય તરફડિયાં માર્યા છે.

સતત એવી રિબામણની હૃદય એવા અજંપાની,
મનોહર દિલ વ્યથાની શી જીવનકથની રસીલી છે !

હરિ:ૐ

## તમન્ના અગ્નિના જેવી

કઠણ પર્વતની વચ્ચેથી ઊગેલું ઝાડ ફાલે છે,
તમન્ના અગ્નિના જેવી જીવન પથનુંય તેવું છે.

ભયંકર વિઘ્ન મુશ્કેલી ભલે પર્વત સમી છોને
-બધુંયે તોડીફોડીને ફગાવી ક્યાંય તે દેશે.

સમજ શ્રેયાર્થીને દિલ કે મળે અવરોધ નિશ્ચયને
-વધારે પ્રાણવંતો તે ચગવવાને ખરેખર છે.

નડે અડચણ પથે જ્યારે, ખરો શ્રેયાર્થી જીવનનો
-કમર કસીને ઊઠે જાણે ગગનની પાર ઊડવાનો.

હરિઃૐ

## ભયંકર શી દશા થઈ જે !

‘મથ્યા કરવાનું હરદમ ને ઝઝૂમીને ઝઝૂમીને,
દઢવવાને સ્મરણ જીવતું કૃપાથી ભાન ધાર્યું છે.

પથે અટકી પડતાંમાં હૃદય જ્યાં વાગતાં ઠોકર,
વળી કળ ના શકે એવી ભયંકર શી દશા થઈ જે !

ઘડીક બેસી પડાયું છે નયન તમ્મર શું આવ્યાં છે,
ઉભય કરથી તહીં મુજથી મીંચી દેવાઈ આંખો છે !

હૃદય તે વેળ ઓચિંતું **हरि** સ્મરવાનું સૂઝ્યું છે,
કરી કરી પ્રાર્થના, ફરીથી સચેતન તો થવાયું છે.

હરિઃૐ

# પછીનો રંગ ન્યારો છે

સતત મથવું સતત મથવું જીવનનો ક્રમ બનાવીને
-મચેલો દિલ મંડેલો રહ્યા કેવો કરેલો છે !

મથામણની જીવનકેરી સતત જે પ્રક્રિયા થઈ છે,
મને તેમાંથી ગતિ ઉદ્‌ગમ જવા આગળ મળેલાં છે.

સતત મથતા રહેવાથી મથામણ પ્રક્રિયા જીવને
-હૃદય ચાલુ રહેવાથી મળેલી પ્રેરણા યત્ને.

જીવનની એક બાજુના, થતા રહેતા પ્રયત્નોમાં,
સતત ધારા બને જ્યાં તે, પછીનો રંગ ન્યારો છે.

હરિઃૐ

# ફરી મંડ્યા જવાયું છે

બધાયે આગ્રહો, સમજણ, મડાગાંઠો શી મનની જે
-કૃપાથી તોડવાને તે શી સેવી જાગૃતિ દિલ છે !

બહુ વેળા નજરમાંથી જીવન વિકાસકેરી તે
-હૃદયની જાગૃતિને હું ભૂલી કેવો ગયેલો જે !

છતાં લપડાક મારીને કૃપાથી શો જગાડીને
-હૃદય પ્રેરાવિયું છે તેં ખરેખર ભાન ઉત્કટ તે !

જીવન વિકાસનું લક્ષ્ય શું સાંપડતાં ફરી મુજને
-સચેતન થઈ ઝડપ હર્ષે ફરી મંડ્યા જવાયું છે.

હરિઃૐ

# ન કંઈ સહેલું જરાયે છે

અનેકે જાતના ફાંકા જીવનમાં ઊગી ઊગીને
-જીવનને લઈ જવા પ્રેરે પ્રદેશે આડફંટે તે.

કૃપા તારી થતાં મુજ પર સ્મરણ તારું થવા મુજને,
હૃદય કેવું સુઝાડીને કુનેહે પંથ વાળ્યો છે !

પરંતુ પંથ તુજ વળવું ન કંઈ સહેલું જરાયે છે,
વમળમાં ભેરવાયો જ્યાં મથેલો ખૂબ છૂટવાને.

વિનંતી પ્રાર્થના દિલથી કરગરી ખૂબ કીધી છે,
ઉછાળો ભાવ સ્ફુરંતાં વહેતાં કામ દીપ્યું છે.

હરિઃૐ

## સતત મંડ્યું રહેવાતાં

સફળ સૂચવેલ સાધનને થવા યત્ને ફરી ફરીને
-મથેલો એકધારો શું ! છતાં નિષ્ફળ થવાયું છે.

ફરી ફરી મંડવું પાછું, પડાતાંયે ફરી ઊઠીને,
સતત મંડ્યા રહેવાનું કૃપાથી ભાન જાગ્યું છે.

સધાવા લક્ષ્યને દિલમાં જીવનમાં સ્વાર્થ લાગ્યો છે,
કૃપા એવી ખરેખર શી થયાં સાધનથી લાધી છે.

સતત મંડ્યું રહેવાતાં પરોવી ધ્યેયમાં લક્ષ
-ઊઠે ત્યાં આડુંઅવળું જે બધું ઉકેલ પામે છે.

હરિઃૐ

## જીવન અવરોધ કેવાયે

જીવન અવરોધ કેવાયે પ્રગટી કેવુંય પજવે છે,
પથે શાને શું કરવાને પજવણી કેવી કેવીયે !

જીવનમાં અગ્નિ સમ ત્યારે શી ઉત્કટ સાવધાનીને
-પૂરી ત્યાં ચેતનાત્મક તો ખરેખર રાખવાની છે !

જીવનમાં ઊઠવા પૂરું સચેતનતા પૂરેપૂરી,
પળેપળ જાગૃતિયુક્ત વિના અભ્યાસ ના રહેશે !

સતત વૈરાગ્ય અભ્યાસે જીવનની તે ભૂમિકામાં
-બધા અવરોધ ઓગળતા જતા તે લાગતા કેવા !

હરિઃૐ

# મદદ ત્યારે મળી શી છે !

જીવનમાં આડખીલી તે મને કેવીય આવી છે,
પથે અવરોધકર્તા શી ખરેખર નીવડેલી તે !

કઈ રીત સામનો કરવો મને એની ખબર ત્યારે
-જરીક સરખી પડી નહોતી બધું સૂમસામ લાગ્યું તે.

અવરજવર અવરની ત્યાં મને દેખાતી વર્તાયે,
પરંતુ જે જવાનો, તે જીવનપથ કો ન બતલાવે.

કૃપાની ગેબની સૂક્ષ્મ મદદ ત્યારે મળી શી છે !
જીવનપથ આગળે તેની ખબર સ્પષ્ટ પડાવી છે.

હરિઃૐ

# અનાસક્તિ પ્રગટતાં દિલ

ત્યજાતાં રાગદ્વેષાદિ અનાસક્તિ હૃદય પ્રગટે,
સ્મરણાદિ પછી સાધન થયાં કેવાં કરેલાં છે !

ખરી એકાગ્રતા દિલની સધાતાં સર્વ સાધનમાં,
જીવંતી કેવી પ્રગટીને ઉઠાવ સાધનામાં દે.

અનાસક્તિ પ્રગટતાં દિલ નિરાગ્રહ ને નિરહંકાર,
શું નિર્મમત્વ આદિ સૌ ખીલે છે સર્વ તે આપ !

જીવન ઓથાર સઘળોયે જતો ત્યારે સમૂળો રહે,
**હરિ**માં ચિત્ત ત્યાં લાગી પડે એકીટશે શું તે !

હરિઃૐ

# મને એણે મથાવ્યો છે

જીવનની હીન વૃત્તિમાં ભૂલે અજ્ઞાનથી હૃદયે
-શું લેવાયેલ જે ભાગ, થયો પસ્તાવો જલતો તે !

હૃદય પસ્તાઈને ઊંડું, ઊંડો જે ખેદ વ્યાપ્યો છે,
હૃદય **આ** કેવું તે ખેદે ગયું ભેદાઈ, દુઃખી છે.

સ્મરણ ઓચિંતું તે સાધન કૃપાથી લાધતાં મુજને,
પડ્યો છું શો કૂદી તેમાં પરોવાઈ જવાયું છે !

બીજાં એવાં કર્યે સાધન મહત્ત્વ શું જીવનનું તે,
હૃદય ઊતરી જઈ, કેવો મને એણે મથાવ્યો છે !

હરિ:ૐ

# થયાં તે પાદ આસક્ત

કરણ ઇંદ્રિય સૌ જેનાં થતાં નિર્મળ રહે જ્યાં તે,
જીવનમાં ભાવના ટકવા ખરેખર માંડતી પ્રીતે.

જીવનના ભાવના ક્ષેત્રે કરણ ઇંદ્રિય પરોવાવા
-હૃદય સ્મરણાદિ સાધનને કર્યા કરવાનું રાખ્યું છે.

સતત અભ્યાસને લીધે કરણ ઇંદ્રિય પર છાપ
-પડ્યા કરતી રહેવાથી થયા તે પાદ આસક્ત.

મનન ચિંતવન સતત જેનું અસર તેની પડ્યા વિના,
બહિર્ ઇંદ્રિય કરણો પર કદી કાળ રહે છે ના.

હરિઃૐ

# જીવનના રાહબર પ્રત્યે

કશી ગડભાંજ જીવનમાં ગૂંચોવાળી ઊગે ગૂઢ,
કદી મન મારું કૈં નિર્ણય કરી શકતું નથી યોગ્ય.

હૃદય વિચારી વિચારી બહુ પેરે મથે ત્યારે,
છતાં ઉકેલ તે એનો નીકળી શકતો નથી ક્યાંયે,

હૃદય નિશ્ચિંતતા પૂર્ણ છતાં મારે વસેલી કે
-બધું જે તે થવા જેવું થવાનું આપમેળે છે.

જીવંતો આત્મવિશ્વાસ જીવનના રાહબર પ્રત્યે,
જીવન પ્રગટેલ સંપૂર્ણ હૃદય નિરાંત શી દે તે !

હરિઃૐ

## બધીયે ઝંખના ત્યજી છે

પરિણામતણી દિલથી બધીયે ઝંખના ત્યજી છે,
કર્યા કરવાનું તે માત્ર હૃદયમાં સત્ય ઊગ્યું છે.

કર્યા કરતાં, કર્યા કરતાં નિરંતર તે કર્યા કરતાં,
જરૂર તે **आज** કે **काल** ફળ્યા કરવાનું નિશ્ચે ત્યાં.

હૃદયમાં ખાતરી પાકી પૂરેપૂરી થયેલી તે,
સતત તેથી કૃપાથી તુજ શું મંડાતું જ રહેવાયે !

કૃપાબળ આશરો મોટો સહારો એ જ મારે છે,
પુરુષાર્થ કૃપા ઉભય બળે શો હું નભેલો જે !

હરિ:ૐ

## જીવનમાં લગની લાગી છે

સતત સાધન કર્યા કરીને મનાદિ ઇંદ્રિયો સૌ તે,
થવા આસક્ત ચરણોમાં જીવનમાં લગની લાગી છે.

લગનમાં ને લગનમાં તે શું ગાંડાતૂર થઈને શો !
નશામાં ને નશામાં મેં નર્યું ચાલ્યા જ કીધું છે.

લગનની તેજ માત્રામાં જરીક શી મંદતા થઈ છે,
રુકાવટ કેવી ત્યાં થઈને અજંપો દિલ જગવ્યો છે !

અજંપાએ હૃદય એવા વળી પાછી લગનમાં તે,
શૂરાતન ઓર પ્રગટાવી મને પંથે ધપાવ્યો છે.

હરિઃૐ

# પ્રભુ તુજ સાથની ઓથ

પ્રભુ, તુજ સાથની ઓથ સ્મરણ ભાવેથી પ્રગટી છે,
જીવનમાં તેથી શું નિર્ભય વિકટ વેળા થવાયું છે !

કરી બેભાન દેવાને બધાં વિકૃત બળોએ શા
ઉધામા કેટલા કેવા અનેકે વાર છે કીધા !

પડાયું ત્યાં છતાં પાછું જરીક જ્યાં કળ વળેલી છે,
ઊભો થઈને લડતમાં તે, કમર કસી ઝંપલાવ્યું છે.

હૃદયથી પ્રાર્થી પ્રાર્થીને, મદદ લેવા પ્રભુ તુજ તે
-સતત મંડ્યા કરેલો છું, તને પોકાર પાડીને.

હૃદયની આર્ત ને આર્દ્ર પીડાયેલા જ દિલની જે
-થયેલી પ્રાર્થના કેવી જીવનમાં કામ આવે છે !

હરિઃૐ

## મથ્યા કરવું, મથ્યા કરવું

મથ્યા કરવું, મથ્યા કરવું, જવા આગળ મથ્યા કરવું,
નિરંતરની જીવનની તે મથામણની જ કથની શું !

બધું જે જે થતું તેમાં તને સ્મરવાની દિલની જે
-પડી આદત, ખરી ખપમાં જીવનમાં કેવી આવી છે !

ભયંકર આપદા આવી જહીં મૂંઝવી દીધેલો છે,
જીવનપથ ખોઈ બેઠો જ્યાં, તને ત્યાં સાદ પાડ્યો છે.

નિરંતરની મથામણની જીવનની ગડમથલ વિશે
-ન કૈં સૂઝતાં, હૃદયભાવે તને પ્રાર્થ્યા કરેલો છે.

ગરુડે શો ચઢી વહારે પ્રભુ ! કેવો તું ધાયો છે !
પતિતને હાથ પકડીને પ્રભુ ! તેં સહાય દીધી છે.

હરિઃૐ

# તને મેં ગાળ ભાંડી છે

પડાયું છેક તળિયે જ્યાં, ઉપર ત્યાંથી નીકળવાને
-મરણિયા યત્ન ભગીરથ તે કૃપાથી શા થયેલા છે !

કળણ કર્દમ વિશે ઊંડું, ઊંડું ઊતરી જવાયે છે,
મથામણ ત્યાં બધી ફોગટ નકામી સર્વ જાયે છે.

મથામણ કૈં જ ના કરવી ખરી સાચી મથામણ તે
-કૃપાથી દિલ ઊગવાથી પડી રે'વાયું છાનું છે.

હૃદય ભજતાં, તને સ્મરતાં, ખરા દિલથી પુકાર્યો છે,
કળણ કર્દમથી નીકળવા, તને મેં ગાળ ભાંડી છે.

હરિઃૐ

# ઝઝૂમવું એ જ જીવન છે

પ્રભુ, મુજ હાથ તે કેવા બધા હેઠા પડેલા છે,
કશું કેમે કર્યે મારું જરા ચાલી શકે ના તે.

બધા જે જે હું નાખું છું જીવનમાં દાવ તે તેયે
-કશા કૈં કામ ના આવે, દુઃખદ ઈતિહાસ શો મુજ તે !

નિરાશાએ મને ઘેરી ન કળ વળવા જ દીધી છે,
કૃપા કરી તેં સુઝાડ્યું કે ઝઝૂમવું એ જ જીવન છે.

વળી વળી કેવું પડવાનું વળી વળી પાછું જીવનમાં
-ઊભું થઈને કસી કમર ઝઝૂમવાનું જ છે જ્યાં ત્યાં.

હરિઃૐ

## મને બેઠો કરાવ્યો છે

ફવાતાં ના, થતું છે જ્યાં જીવનમાં હારવાનું જે
-ખબર તેની પડાવી છે, કૃપા સાક્ષાત્ તે તુજ છે.

મથામણ શી ઊગરવાની હૃદય ત્યારે કરાવી છે,
મને ત્યારે ગ્રહી કરને ઉપર શો ખેંચી આણ્યો છે !

મથામણ એવી તો કૈંક જીવનસંગ્રામમાં ત્યારે
-મને શી સાંપડેલી છે, જીવનમાં કેટલી વારે !

ન નામર્દ થવા દીધો જીવનમાં બળ શું સીંચ્યું છે !
હૃદય જાગૃત કરાવીને મને બેઠો કરાવ્યો છે.

હરિઃૐ

## બધો ઓથાર દિલનો જે

જીવનમાં ગડમથલ ભારે ભયંકર કેવી જાગી છે !
વિમાસણમાં મને નાખી બનાવ્યો, તંગ જબ્બર તેં.

બધી સૂધબૂધ દિલની તે જહીં હું ખોઈ બેઠો છું,
કશું કૈં આમ કે તેમ મને ત્યારે ન સૂઝેલું.

સ્મરણ ને પ્રાર્થના દિલનાં, નિવેદન સર્વ બનતું જે,
કર્યા કરવાનું રાખીને, તને સંભળાવિયું છે તે.

બધો ઓથાર દિલનો જે કર્યા કરવાથી નિવેદન
-ખરેખર ઓગળે છે શો ! પડાયું પદ થયું સાર્થક.

હરિઃૐ

# સ્મર્યા તુજને કરેલો છે

કદીક શો ખૂબ થાક્યો છું, ન ડગ ભરવાની શક્તિ છે,
છતાં ચાલ્યા વિના છૂટકો કદી મારો થયો ના તે.

લથડિયાં ખાઈ ખાઈને નયન અંધાર પ્રગટ્યાં છે,
બધી મુજ સાન ખોઈને થઈ ઢગલો પડેલો તે.

ન ઊઠવા હામ ત્યારે છે, ન ઊંચી ડોક થાયે છે,
જરી પણ ના હલાયે છે, દશા કમબખ્ત શી થઈ છે !

છતાં બેહોશીમાં એવી મહા મહેનત કરી કરીને,
સ્મરણ પર મેં પકડ રાખી સ્મર્યા તુજને કરેલો છે.

હરિઃૐ

## એક જ ઉપાય

ધમાચકડી જીવનમાં શી બહુવિધ તો કરેલી છે !
જતાં છૂટવા તહીં કેવું મહીં ઊંડું ફસાયું છે !

અરે ! તે ફાંસલામાંથી છટકવાને બહુ રીતે,
ઘણાં ફાંફાં જ માર્યા છે, નિરર્થક સૌ ગયેલાં છે.

કશું જ્યારે ન ફાવ્યું છે, સ્મરણના માત્ર સાધનને
-ગરીબની મૂડીની પેઠે લીધું જકડી હૃદયથી છે.

સ્મરણ લગની શી લાગ્યાથી ઊગરવાનો જીવન મુજને
-રહ્યો ઉપાય તે માત્ર, લીધા તેથી કરાયું છે.

હરિઃૐ

## મથાયું છે, કૃપા તે છે

ગમે તેવું ભલે બનતું છતાં તોયે જ જીવવું છે,
હૃદયનો આત્મવિશ્વાસ ટકોરાબંધ જીવતો છે.

કૃપાથી જીવવા કાજે, બધાં તરફડિયાં બનતાંયે
-સૂઝ્યાં તેવાં જ માર્યા છે, કૃપાની તે નિશાની છે.

ડુબાતું હોય તે વેળા જીવનના હોડકાને તે
-કિનારે લાવવા શા શા થયા યત્નો કૃપાથી છે !

નિરાશાએ મને કેવો જીવનમાં આવરેલો છે.
છતાં ત્યાં ભાન જાગીને મથાયું છે, કૃપા તે છે.

હરિઃૐ

# સ્મરણને જીવતું હૃદયે

ભલે જ્યાં ડૂબતો હોઉં, ઊગરવાની છતાં દિલ જે
-થતી રે'તી મથામણની, રસિક કથની અનેરી છે.

થતું જે જે બધું તે તે, બધું અંતર વિશેનું તે
-થતું જે વ્યક્ત આ રીતે, મથે ગૂંગળાવવા શું તે !

સમજવા સ્પષ્ટ તેવુંયે હૃદય જે દિલ ઊગેલું છે,
તટસ્થ કૈંક હોવાની ખરેખર ખાતરી દિલ તે.

સ્મરણને જીવતું હૃદયે કરી કરીને ઉમળકાયે,
ઉપર શું આવવા મથીને પ્રયત્ને કૈં ફવાયું છે !

હરિ:ૐ

# મનોબળ દૃઢ કરી કરીને

કદીક સંગ્રામમમાં ભારે ભયંકરમાં ભયંકર તે
-પડાતાં ઊતરી, ઉગ્ર મહા ઘમસાણ જામ્યું છે !

કૃપાથી બાવડાં સાબૂતતણું બળ એકઠું કરીને
-કર્યો શો સામનો મજબૂત મનોબળ દૃઢ કરી કરીને !

‘કદીક જ્યાં હારવા બાજી’ ખબર તેની પડી જ્યાં છે,
ઝઝૂમવા ખૂબ મંડ્યો છું, હૃદયથી પ્રાર્થના કરીને.

શું શ્રદ્ધા-આત્મવિશ્વાસ ન ત્યારે સહેજ ડોલ્યાં છે,
ફરી ફરી બેઠું થઈ પાછું, કર્યું છે મંડવાનું જે.

હરિઃૐ

# કૃપા એ તો હરિની છે

મથામણ ભીંસથી ભારે કદીક હારી જવાયું છે,
અગમ્ય પ્રેરણા દિલમાં ફૂટી ઓચિંતી નીકળી છે.

જવાથી હારી, શરમિંદો ખરેખર શો થયેલો છું !
ઊંડો શો દિલ પસ્તાવો જલંતો અગ્નિ પેઠે છે !

થઈ બેઠો, કસી કમર ફરી મંડાયું પાછું છે,
અને એમાંથી તો કેવું સફાળું તે જગાયું છે !

થઈ શી ચઢઊતર આવી ઘણીયે વાર જીવન તે !
તહીં ચેતાતું રહેવાયું ચમત્કાર થયો શો તે !

જીવતું ચેતાતું રે'વાઈ થયું લડવાનું કેવું તે !
કૃપા એ તો **હરિ**ની છે, થયું મુજથી ન મારું તે.

હરિઃૐ

# हरिની બાંય પકડી છે

અનેકે વાર પછડાયો, બહુયે વાર ચૂક્યો છું,
ભયંકરમાં ભયંકર શી ભૂલો મેં તો કરેલી છે !

પરંતુ તેથી રંડાઈ ન કૂટતો માથું બેઠો છું,
થયું છે તેટલું સઘળું સમગ્રે જોમ ધાર્યું છે.

જતાં હારી, જતાં હારી, કદી પીઠ ના બતાવી છે,
પડ્યો તોયે, ઊભો થઈને લડતને જારી રાખી છે.

જીવનમાં હાર ને જીત ઘણીયે વાર જન્મી છે,
બધા એવા તબક્કામાં **हरि**ની બાંય પકડી છે.

હરિઃૐ

# ખરી લગની લગાડી છે

‘જીવનને ખોયું’ તેનું શું હૃદયમાં ભાન જગવીને,
હૃદય ડંખ્યા કરેલું જે અતિશયમાં અતિશય તે.

હૃદયના તીવ્રતમ ડંખે જીવન આદર્શ જગવ્યો છે,
હૃદય આદર્શની પ્રત્યે ખરી લગની લગાડી છે.

જીવન આદર્શની લગની કૃપાથી લાગી ગઈ છે જે,
નિરંતરનું મનન ચિંતવન સતત ચાલ્યા કરેલું છે.

મનન ચિંતવનથી અંતરનું સ્વરૂપ અનુભવનું જાગ્યું છે,
અનુભવનાં સ્વરૂપ એવાં જુદાં જુદાં નિહાળ્યાં છે.

હરિઃૐ

# તને નીરખ્યા વિના જીવવું

મરી મથતાં મરી મથતાં, નજરમાં તું ન આવે છે,
કદીક ઝાંખી હૃદય બનતાં, વળી અદૃશ્ય થાયે છે.

વળી નજદીક તુજ પાસે અવાતાં દૂર ભાગે છે,
નજર સરખી ન પડવા દે અમારી તુજ પરે સહેજે.

છતાં હૃદયે નીરખવાને જીવનમાં કોડ કેવા છે !
તને નીરખ્યા વિના જીવવું બધું મિથ્યા શું લાગે છે !

હૃદયમાં પામવા તુજને શું નિર્ધાર મરણિયો છે !
ભલેને **आज** કે **काल** શું તુજમાં મહાલવાનું છે !

હરિઃૐ

# ન વળવા જંપ દે ક્યાંયે

પ્રભુપ્રીત્યર્થ કરતાં સૌ, તને મળવાની દિલમાં છે
-શું બળતા આગ અંગારા સમી બળતી તમન્ના છે !

જીવનની તે તમન્નાએ જરી ઠરવા ન દીધો છે,
ઠરીને બેસવા ક્યાંયે મને **एणे** ન દીધો છે.

સતત મંડ્યા કરાવીને મચેલા શા રખાવીને !
મનન ચિંતવનમાં નિરંતર મતિ, મન, પ્રાણ પ્રોવે છે.

નિરાંતે તે સૂવા ના દે, ન વળવા જંપ દે ક્યાંયે,
હૃદયની વેદનાથી શું ભયંકર દિલ તલસતું છે !

હરિ:ૐ

# જગાડી પંથ પ્રેર્યો છે

જીવનની અધવચે ક્યાંક ભૂલું કેવું પડાયું છે !
ભુલાતાંમાં મને ઠોકર પથે ખત્તા જ ખાધા છે.

પડ્યો ત્યાં ગૂઢ શો માર ! જીવન કળ ના વળેલી છે,
જીવનમાં મૂઢતા વ્યાપી હૃદય દિગ્મૂઢ બનાવ્યો છે.

અને એ મૂઢતાની શી જીવન છાયા છવાઈને !
મને વિચાર ચિંતવનનો રહ્યો અવકાશ પણ ના તે.

પરંતુ શો કરુણાળુ પ્રભુ મારા પરે થઈને
-મને તુજ ભાન પ્રગટાવી જગાડી પંથ પ્રેર્યો છે !

હરિઃૐ

## મથામણની જ રમઝટ છે

સ્તવી સ્તવીને તને હૃદયે સજીવન મૂર્તિમંતો શો
-જીવનમાં પૂર્ણ સાકાર થવા, નિશ્ચય થયેલો છે !

કરીને ધ્યેય સંપૂર્ણ હૃદય સંતોષ ધરવો છે,
નહિતર ખોળિયું **हरि**ને કરી દેવું સમર્પણ છે.

મરણિયો શો અડગ મક્કમ હૃદય નિર્ણય થયેલો છે !
ન તેમાં કૈં સમાધાન ન કો રીતે થવાનું છે.

કૃપાથી દિલ સતત કેવી મથામણની જ રમઝટ છે,
નિરંતરની મથામણથી ચરણકમળે નવાજ્યો છે.

હરિ:ૐ

## હૃદયની આરતી ભાવે

જીવનની દિલની આરત તે હૃદયની આરતી ભાવે,
ચરણકમળે ઉતારીને શું હળવું ફૂલ થવાયું છે !

હૃદય આરતના કારણથી થઈ છે ગડમથલ ભારે,
હૃદય આરતથી અવતરવું ઊંડે ઊંડે થયેલું છે.

હૃદય પ્રગટેલ આરત જે **हरि**ની ભાવના હૃદયે,
જીવંતી શી દૃઢાવાને મહત્ત્વે ભાગ ભજવે છે.

હૃદયની આરતીએ શો તને જિવાડવા જીવને !
સતત તુજ યાદગીરી દિલ જીવંતી શી રખાવી છે !

હરિ:ૐ

## શું સંભાળ્યો હરિએ છે !

ભયંકર હાડમારીમાં જીવન દિક્કત પડેલી છે,
મુસીબતમાં મુસીબતમાં દિવસ ભારે વિતાવ્યા છે.

મળેલાં સર્વના ધક્કા ચીંધ્યા ખાધા કરેલા છે,
મળેલાં સર્વની સાથે મહોબત શી રખાઈ છે !

મળ્યાં તેથી મદદ, ઓથ હૃદય સહાનુભૂતિ ભાવ,
ઊંચે ચઢવા જીવન પોરો મને તેથી ચઢેલો છે.

કદી 'ના' કીધી કોઈને બતાવેલું કરેલું છે,
નજર મીઠી, અમીયુક્ત મને સૌની મળેલી છે.

જીવનમાંનું મળ્યું દુઃખ સહી તેથી શકાયું છે,
પડ્યો, ભાંગ્યો બહુ વેળા શું સંભાળ્યો **હરિ**એ છે !

હરિઃૐ

# કશી ત્યાં ગણતરી ના છે

જીવનની આમદાનીની કશી ત્યાં ગણતરી ના છે,
નફાતોટાનું સરવૈયું ન જાણ્યું કાઢવાનું તે.

કમાવામાંય શી ખોટ કદીક ખાવી પડેલી છે,
હૃદયના તાનના જોશે હૃદય ખચકાટ સેવ્યો છે.

છતાં તેયે ન ગણકારી કમાવાની પરત્વે તે,
જીવનનો ઝોક સઘળોએ હૃદય થઈ મસ્ત રાખ્યો છે.

સતત એકધારું મસ્તીથી ચહી એકીટશે દિલથી,
પુરુષાર્થે જ સ્ફૂર્તિથી કૃપાથી દોટ મૂકી છે.

હરિઃૐ

# મને પાછો જગાડ્યો છે

ભયંકરમાં ભયંકર શાં પ્રલોભન કંઈ જીવન વિશે,
અપાર્થિવ તત્ત્વકેરાંએ મને ભરમાવી માર્યો છે !

મને ગબડાવી પાડ્યો છે, શું રગદોળાઈ જવાયું છે !
હૃદયની ભાવના વિશે ફરક કેવો પડેલો છે !

જીવનનો ભાવનો પારો શું નીચે સાવ ઊતર્યો છે !
રહેલા એટલા ભાને હૃદય સળવળતું રાખ્યું છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન, પ્રાર્થનાદિ જે,
થયાં સાધન કરેલાંએ મને પાછો જગાડ્યો છે.

જગાડીને સુઝાડ્યું છે બધી ભ્રમજાળ ભૂતાવળ,
સકંચામાંથી છોડાવી જીવતદાન દીધેલું છે.

હરિઃૐ

# તમન્નાથી શહાદતની

કંઈ કંઈ શી મુસીબતની પ્રસાદી તો મળ્યા કરી છે !
જવાયે પૂરું ગભરાઈ પડી મુશ્કેલી એવી તે.

કૃપાની તુજ પ્રસાદીથી, તમન્નાથી શહાદતની,
ફનાગીરીની મહોબતથી થયું ડગવાનું ના દિલથી.

મુસીબત શી જીવનને તો પૂરું મજબૂત દૃઢ મક્કમ
-થવા કાજે પ્રસાદીથી ઘડાવાને મળેલી છે !

શી પારાવાર મુસીબત ને બહુ જ મુશ્કેલી લાધી છે !
છતાં દિલમાં ન કંટાળ્યો ન દિલ મજબૂર થયેલું છે.

હરિઃૐ

## તટસ્થ શો રખાવ્યો છે !

અવનવી શી નિરાશાઓ જીવનમાં સાંપડેલી છે !
સકંચે ત્યાં જ સપડાઈ જવાની શી ઘડી પળ તે !

જવા લેવાઈ શો વારો નજીકમાં તે નજીક ત્યારે,
છતાં કોઈ કરામતથી ટકાયું જીવતું ઊભીને !

અસર જીવને નિરાશાની શી મોળી પાડવાની તે !
કૃપાએ ચેતતો પૂર્ણ તટસ્થ શો રખાવ્યો છે !

ગરક કાદવ વિશે જ્યારે હતી પળ થઈ જવાની તે,
હૃદય શું સંપડાવેલું અદીઠ બળ તેં પ્રભુ મુજને !

હરિઃૐ

# જીવન જીવવાની સાચી પળ

પરાકાષ્ઠા શી કુરબાનીતણી જીવન ઊગેલી છે !
કદીક હિંમત જઈ હારી વળી બેવડ ગયેલો જે.

પરીક્ષા સાહસિકતાની જીવનમાં શી થયેલી છે !
કંઈક વારે શું હાર્યો છું ! કંઈ વારે ટકેલો જે.

દશાએ થઈ મરણતોલ જીવનમાં કેટલી વાર !
છતાં તે વેળ તુજ પીછો મુકાયો છે ન દિલથી જ.

ઘડી પળ આવી પહોંચી છે શી મૃત્યુ પામવાની તે !
જીવન જીવવાની સાચી પળ ખરેખર તે જ જાણી છે.

હરિ:ૐ

## સતત અભ્યાસમાં લગ્ન

જીવનની શક્તિએ મુજને જીવન પંથે શું રચનાત્મક
-સતત શા વાળવાકેરા કરાવ્યા છે બહુ યત્ન !

સતત દિલ ભાવથી સાધનતણા અભ્યાસમાં હરદમ
-પરોવ્યા મન કરેલું છે, વળેલું તેથી યત્ને દિલ.

સતત અભ્યાસમાં લગ્ન રહેવાથી હૃદય ભાવ,
પ્રભુની ધારણામાં તે ઊગ્યા કરતો રહે આપ.

હૃદય રહેવાથી અભ્યાસે સતત શાં શાં બીજાં સાધન
-કૃપાથી તે ઊગેલાં છે ! કર્યાં મેં તે કીધાં નિશદિન.

હરિઃૐ

# પ્રભુપ્રીત્યર્થના યજ્ઞે

સિફતથી કેવી જીવનનો કરેલો સામનો કેવો !
રૂંવાડાં સૌ ખડાં થાય ખરે અદ્‌ભુત રીતિનો શો !

કહીંથી એટલું બધું તે ફૂટી નીકળ્યું હશે બળ જે
-કરી ના કલ્પના શકું હું, મળ્યું સાધનના અભ્યાસે.

સતત વળગેલ સાધનમાં રહ્યા કરવું બનેલું છે,
હૃદય ઉત્કટમાં ઉત્કટ શી તમન્નાએ જલાવ્યો છે !

બધું જે તે થયા કરતું પ્રભુપ્રીત્યર્થના યજ્ઞે,
જતું હોમાઈ તે પદમાં, નિરંતરની કથા મુજ તે.

હરિઃૐ

# ખબરદારી રખાઈ છે

નશીલો મસ્ત જીવનનો મિજાજ ને હૃદય રણકો
-કર્યા કરવાથી સાધનને જીવનમાં ઊપજેલો શો !

'સતત તેજસ્વી તે રણકો કરંતો કર્મ ઉપયોગે
-રહેવા નિત્ય પ્રેરાઈ' ખબરદારી રખાઈ છે.

કૃપા એવી **हरि**ની કે જીવનની જાગૃતિ વિશે,
હૃદય ચેતાવતો પૂર્ણ મને **एणे** રખાવ્યો છે.

નહિતર બાકી શું મુજથી થવાનું કૈં હતે ભારે !
મગતરું તે કરી કરી શું શકે જીવનમાં નવતર તે !

હરિઃૐ

# સતત મથવું પડેલું છે

ચીલાચાલુ જ જીવનની જરા અમથી ન કિંમત છે,
હૃદય સંપૂર્ણ તે ઊંડું પૂરું સમજાઈ ગયેલું છે.

જીવન પલટાવવા તેથી સતત મથવું પડેલું છે,
સતત ઉગ્ર મથામણથી કંઈક જાગ્રત થવાયું છે.

જીવનના અટપટા પ્રશ્નો જુદા જુદા તબક્કામાં,
જુદા જુદા ઊઠી મુજને શું હલમલાવી મૂકેલો છે !

છતાં જબ્બર જહેમત શી કરી કરીને ઝુકાવીને,
સમગ્ર શક્તિથી યુદ્ધ કૃપાથી કેવું આપ્યું છે !

હરિઃૐ

# મુસીબતની ઝડી વર્ષી

ઈબાદત દિલ ખુદાને મેં શી વારંવાર કીધી છે !
હૃદયથી ગેબની કેવી મદદ માગ્યા કરેલી છે !

બઢાવ્યાં શાં કરેલાં છે કદમ જીવનના પથ પર મેં,
ન આડુંતેડું જોયું છે નજરને સીધી રાખી છે.

મુસીબતની ઝડી વર્ષી મને ઝૂડ્યા કરેલો છે,
ખુદાની મહેરબાનીથી રહેવાયું જ જીવતું છે.

બધીયે જિંદગાનીનું બધું રળતર ચરણકમળે
દઈ દીધા પછી કેવું રહેવાયું જ ખાલી છે !

હરિઃૐ

## જીવન શ્રેયાર્થી સાચો છે

નિરાશા આવતાં પહેલાં નિરાશાને ઉરાડી દે,
ખરેખર એ જ તે માત્ર જીવન શ્રેયાર્થી સાચો છે.

જીવન વિકાસને કાજે સતત દિલથી મથે છે જે,
નિરાશા દિલ તેનામાં પ્રવેશી ના શકે કેમે.

હૃદયથી એકધારું જે ખરેખર ભાવ ઉમળકે
-મથે ધપવા, નિરાશાને કદી ના શક્યતા ત્યાં છે.

હૃદયભાવે નિરંતર જે જીવનના ધ્યેયને પૂર્ણ
-થવા સાકાર, કટીબદ્ધ થતાં તેને નિરાશા ના.

હરિઃૐ

# ખરો તે ધ્યેયલક્ષી છે

નિરાશામાં મનોબળને વધારે દૃઢ ને મક્કમ તે
-થવા કાજે હૃદયભાવે, કૃપાથી શું મથાયું છે !

નિરાશા જીવને મળતાં ખમીર જીવનનું તે વેળા
-કરે વર્ત્યા જ શી રીતે ! ખબર તેની પડે છે ત્યાં.

નિરાશા જાગતાં હિંમત, ધીરજ, સાહસ, બીજા ગુણો,
ખીલેલા કેટલા કેવા ! સમજ તેની પડે છે તો.

નિરાશાના વમળમાં જ્યાં ફસાઈ તે જતાં સમયે,
ટકી રહેવા પુરુષાર્થ થતો કેવો જણાયે છે !

નિરાશા, આત્મવિશ્વાસ પરીક્ષા કાજ મળતી તે,
નિરાશામાં જીવે સાચું ખરો તે ધ્યેયલક્ષી છે.

હરિઃૐ

# નિરાશા પારખું લેતી

જીવન મળવાથી નિરાશા, જીવનની ધ્યેય પ્રત્યેની
-ખરેખર દિલ જિજ્ઞાસાતણું તે પારખું લેતી.

નિરાશાનો સમય જીવનતણો શ્રેયાર્થી જે જન છે,
ટટારીને અનુભવવા ખરો અવસર મળે તેને.

નિરાશાથી મપાયે છે, ખરી મર્દાનગી શી છે !
'જીવન છે કેટલું કેવું ?' નિરાશા પારાશીશી તે.

નિરાશાને ન ટકવા દે ખરો શ્રેયાર્થી જીવનનો,
નિરાશાનો સમય દિલથી ખરો પડકાર પાડે શો !

હરિઃૐ

## કૃપાથી શું બચાયું ત્યાં !

નિરાશાના વમળમાં જ્યાં ડુબાતાંમાં ડુબાતાંમાં,
રહે દિલ ભાન તેવું જ્યાં કરે જે યત્ન ત્યાં તરવા.

કરંતાં યત્ન એવા શા છતાં મુજથી ફવાયું ના !
અનેકે વાર ડૂબવાથી કૃપાથી શું બચાયું ત્યાં !

બહુયે બાવડાં ત્યારે હલાવ્યાં શાં કરેલાં છે !
કશીયે કારગત ફાવી ખરેખર ના શકેલી છે.

હૃદયથી પ્રાર્થનાની **ધા** ચરણ પાડ્યા કરેલી તે,
થયા યત્નો જ બચવાને કૃપાથી તેથી ઊગર્યો છે.

હરિઃૐ

# છતાં તરવાની જહેમત છે

નિરાશા ઊગતી જ્યાં હો હૃદયની ભાવના દરિયે
-ખરેખર ઓટ પ્રગટીને પૂરો કાદવમાં ચોંટાડે.

બધા ત્યાં યત્ન મિથ્યા છે, બીજી ના કારગત ફાવે,
છતાંયે હાથ જોડીને ન બેસી રે'વું જાણ્યું છે.

ભયંકર કારમી ત્યારે જીવન પળ ડૂબવાની જે
-હૃદયની **ધા હરિ**ચરણે સતત પાડ્યા કરેલી છે

પ્રભુ સૂણશે નહિ કે, ના કદી દિલ ખ્યાલ રાખ્યો છે,
થતું છો હો ગમે તેમ છતાં તરવાની જહેમત છે.

હરિઃૐ

# ખરું લડવું પડેલું ત્યાં

જીવનની કૂચમાં જ્યારે, ડગેડગની મુસાફરીમાં
-પથે ખચકા નડેલા છે, ખરું લડવું પડેલું ત્યાં.

મને તે વેળ ટકવાને ઝઝૂમવાને જ સંગ્રામે,
હૃદય પ્રેરાયેલું બળ જે, કૃપાની શી પ્રસાદી તે !

ઘણીયે વાર લથડ્યો છું, ઘણી વેળા પડાયું છે,
છતાં ઊભું થવા ફરીને મતિ થઈ, તે કૃપા તુજ છે.

ગમે તેવી પરિસ્થિતિમાં ઝઝૂમીને ઝઝૂમીને,
ચરણમાં જીવતું રહેવા મને તેં શો મથાવ્યો છે !

હરિઃૐ

# હૃદયની ધા વિના પાડ્યા

જીવનની કારીગીરી શી હૃદયથી શીખી શીખીને,
જીવનનું પામવા હાર્દ અમે કેવું મથેલા તે !

શું અટવાવાનું જીવનમાં થયેલું કેવું કેવું છે !
ન આગળનું કશું સૂઝે, શું બિયાબારું એવું તે !

બહુ બુદ્ધિ ચલાવી છે, બધી મહેનત કરી જોઈ,
સૂઝ્યા સૌ દાવ નાખ્યા છે, છતાં કારી ન ત્યાં ફાવી.

હૃદયની **ધા** વિના પાડ્યા બીજો ઉપાય ના કો છે,
નયન આંસુની ધારાથી ચરણ તારા પલાળ્યા છે.

હરિઃૐ

# સમર્પણની જીવનગાથા

પળેપળ મોત જીવનનું નજીકમાં શું નજીક જ્યાં છે !
શું જોખમ કેટલાંયે જ્યાં જીવનમાં ખેલવાનાં છે !

જીવનને હોમી દેવાના પ્રસંગો ત્યાં પડેલા છે,
મહાસંગ્રામ વચ્ચેયે થયું જીવવું, કૃપા શી તે !

તને દર્શાવવાનીયે સમર્પણની જીવનગાથા
-જીવનમાં તે કદી મુજને ન જાગી છે હૃદય ઈચ્છા.

જીવનની પ્રેમ-મહોબતમાં સમર્પાવું હૃદયભાવે,
સહજ ને શી સરળ ગતિનું થતું તે આપમેળે રહે !

હરિઃૐ

## ચમત્કાર કૃપાનો ત્યાં

ધરાશાયી જીવનમાં શો પળે જ્યાં થઈ જવાની તે,
કહીંથી શી કૃપાશક્તિ ચમત્કારિક ઊગેલી છે !

કરણ ઇંદ્રિય સઘળાંયે વળી ઊંધાં જતાંમાં તે,
કર્યા સાધનના અભ્યાસે શું જીવવાનું થયેલું છે !

જીવનમાં કેટલી વાર પડાતાંમાં, પડાતાંમાં,
ટકાવાનું બનેલું તે ! ચમત્કાર કૃપાનો ત્યાં.

પડી ચૂક્યો હતો પૂરો, છતાંયે જીવવા દિલને
-પથે ધક્કેલીને પ્રભુ તેં ટકાવી સાવ રાખ્યો છે.

હરિ:ૐ

# કૃપા બક્ષિસ પ્રભુની તે

થયેલો દિલ તરવરિયો ખુવારી વહોરવા જીવને,
શું થનગનતા જ યૌવનથી કૂદી પડવા થયેલું છે !

કરી યાહોમ દઈ ભૂસકો ખરેખર ઝંપલાવ્યું છે,
જતાંમાં ડૂબી, શો હાથ પ્રભુ, તેં પકડી લીધો છે !

જીવનના શા સટોસટનું કર્યા સાહસથી અનુભવને
-કૃપાથી મેળવાયે છે, કૃપા બક્ષિસ પ્રભુની તે !

ચઢ્યો શિખર, પડ્યો ખીણે શું અપરંપાર છોલાયો !
થઈ બેઠો, વળી પાછો મથ્યો ચઢવા ઉપર કેવો !

હરિઃૐ

# પ્રભુ રેઢો પડ્યો ના છે

અનેકે વાર બહુ જોખમ શું ખેડેલાં જીવનમાં છે !
પડ્યો તોયે, ફરી ફરીને વળી જોખમ વહોર્યાં છે.

પહોંચે કલ્પના ના જ્યાં મતિની, એટલાં એવાં
-જીવનમાં કેટલી વાર નર્યાં સાહસ વરેલાં શાં !

પ્રસન્ન થાય ના અમથો, પ્રભુ રેઢો પડ્યો ના છે,
વધેરાયું જ છે માથું બહુ વારે ચરણકમળે.

કર્યું તેમાં વધારે ના, હતો ઉમળકો દિલનો તે
-હૃદય મેળવવા રાજીપો, હૃદય ભાવે વધેર્યું છે.

હરિઃૐ

# ચહી ચહીને જ મરવાનું

જીવનમાં કેટલી વાર પૂરું મરવું પડેલું છે,
ચહી ચહીને જ મરવાનું ઉપરથી માગી લીધું છે.

જીવન જે, જીવીએ છીએ મર્યા વિના પૂરેપૂરું
-નવું જીવન થવા સર્જન કદી ના શક્યતા ત્યાં છે.

જીવન જે રીત જીવતા છો, જીવન સંપૂર્ણ મરી મરીને
-નવે જીવન પ્રવેશીને વળી મરવાનું તેયે છે.

જીવવું મરવું બહુ વાર જીવનમાં **આ** થવાયું છે,
શું પુનરુદ્ધાર એમાંથી જીવનનો શો થયેલો છે !

હરિઃૐ

# જીવન બલિહારી ન્યારી છે !

અજબ અંતર મનોબળથી હૃદય જે કેળવાયું છે,
ઊગેલી સ્વસ્થતાથી તો કટોકટીમાં બચાયું છે.

શી હિંમત તે પરાક્રમની પરાકાષ્ઠા જીવનમાં તે,
કંઈક વેળા પ્રગટી જઈને ખરેખર કેવો તાવ્યો છે !


તવાવાની મથામણની રહેંસાવાની જીવનની,
ઉમળકાની રસિક કથની તપશ્ચર્યાની અદ્ભુત છે.

જીવનમાં શું પળેપળનું જવાનું પદમાં હોમાઈ,
શું ભક્તિના સમર્પણની જીવન બલિહારી ન્યારી છે !

હરિઃૐ

# ખંડ - ૩

## ગરજ



ખરેખરી જ ઈચ્છા જો હો કમાવાની જીવને,
રેઢિયાળ પછી ખાલી જીવવું છોડવું પડે.

હરિઃૐ

## ગરજનો અર્થ

'તમન્ના', 'દિલ જિજ્ઞાસા', 'ગરજ'-એ શબ્દ જુદા છે,
પરંતુ અર્થ તે સૌનો સમજમાં એકસરખો છે.

ગરીબની બોલીનો શબ્દ ગરજ તે સાચી રીતનો છે,
સીધી સાદી ગરીબની તે સમજનો શબ્દ યોગ્ય જ છે.

ગરજ જીવન વિશે ઊગી, જીવનપથ શા ચલાવ્યા છે !
ગરજ જીવનતણો કેવો ખરેખર રાહબર તે છે !

ગરજ જીવનનું બુનિયાદી ખરું શિક્ષણ પમાડે છે,
ચહેલું કર્મ નીપટાવી ઊંચે શું તે મુકાવે છે !

હરિ:ૐ

# ગરજ કર્તવ્યનિષ્ઠ જ છે

ગરજ કર્તવ્યનિષ્ઠ જ છે, ગરજ કર્તવ્યપાલનમાં,
શૂરી શી મર્દની જેમ આરપાર જવામાં ત્યાં !

કરવવા સિદ્ધ કર્તવ્ય ગરજ ગોદાટતી શી રહે !
ફળવવા ધ્યેય પોતાનું શી તાલાવેલી સેવે તે !

સળગતા અગ્નિના જેવી ગરજ જાગ્યા વિના ઉત્કટ,
જીવનનું કર્મ ધારેલું થવાનું ના કદી સિદ્ધ.

ખડી બોલી ગરજની શી થતાં કર્મે જણાયે છે !
ગરજનાં સાન ને ભાન જીવંતાં જાગતાં રહે તે.

હરિઃૐ

# ગરજની તન્મયતા

ગરજનું **પ્રાણ**પંખેરું ગરજનાં કર્મની વિશે,
ઊંડું શું અવતરીને તે ફળવવા કર્મ પ્રેરાવે,

ગરજ તત્પરતા શી દાખે, અદમ્ય ઝંખના શી છે !
ન બીવે મારવે ભૂસકો, અદીઠમાં દોટ મૂકે છે.

ગરજ તન્મયતા પ્રેરે છે, કરે નિદાન યોગ્ય જ તે,
ગરજ નિશાન તોડીને જતી શી આરપારે તે !

ગરજ સંપૂર્ણ તે ધ્યેયે પહોંચે, ત્યાં ગરજ પોતે
અસલ મૂળ રૂપની ના રહે, જુદી પોતે બને શી તે !

હરિ:ૐ

## ગરજ તાકાત પ્રેરે છે

મથાવીને મથાવીને ગરજ જે કર્મ નિજનું છે,
થવા સંપૂર્ણ સૌ રીતે, ગરજ તાકાત પ્રેરે છે.

ગરજનું શક્તિ સામર્થ્ય ગરજ ઉત્કટપણા સાથે,
ખરેખર મેળ એનો છે, જણાઈ આપ આવે તે.

ન બોલી તે બતાવે છે, કરી પોતે બતાવે છે,
સદા વર્તન વિશે નક્કર ગરજ પોતે રહેલી છે.

ગરજ, કરવાનું જે તે કૈં કર્યા કરવા વિશે તે તે,
નશીલી, ખંતીલી, વીર ખરેખર કેવી પોતે છે !

હરિઃૐ

# ગરજ સુમેળ રાખે છે

મનસ્વી હોય એવી તે ગરજ પોતે શી લાગે છે !
અભિમાની ગરજ પોતે કદી કદી તે જણાયે છે.

‘ગરજને ના કશી અક્કલ’ કહેવત યોગ્ય ના તે છે,
ગરજનાં કર્મ પ્રત્યે શી ગરજ બુદ્ધિ ચલાવે છે !

ડહાપણ, યોગ્ય વિવેક ગરજનાં કર્મ પ્રત્યે તે,
શું તોળી તોળી વાપરતી ! ગરજનાં તે જ લક્ષણ છે.

બગાડી ના કદી બેસે ગરજ તો કોઈની સાથે,
ફળાવે કર્મ ધારેલું હૃદય સુમેળ રાખીને.

હરિઃૐ

## ગરજ તમને જગાડે છે

ગરજ જેના વિશે ઊગે મનાદિ તે વિશે રહે છે,
ગરજના તે વિષય પ્રત્યે પૂરું શું ભાન જગવે છે !

ગરજ શા ઊંઘતાનેયે જગાડે સળવળાવીને,
સલામત સ્થિતિમાં કદી ના ગરજ રહેવા દે કોઈને.

ગરજની તે વિષય યાદ ગરજ શી દેવરાવે છે !
શી છાનીમાની તે પોતે કદી બેસી જ ના રહે છે !

ગરજ જાગેલ જ્યાં ઉત્કટ જીવન વર્તાવવા તેમ
-સતત ગોદાટી કરી કરીને ચલવવા તેની શી નેમ !

હરિઃૐ

# ગરજની શી દૂરંદેશી !

ગરજ જેવી તરફ જેની કરી તેવું બતાવે તે,
શી અક્કલ હોશિયારીથી ગરજ સૌ સાથ નીપટે છે !

પડે શિખવાડવું ના કૈં, ખરી શી હૈયાઊકલત છે !
ગરજને આગવી બુદ્ધિ જરૂરની રીત ઊઘડે છે.

ગરજ રાખી શકે યોગ્ય સબૂરી ઠંડી અડીખમ તે,
ગરજની તીવ્રતા પાછી શી કરવે કર્મ, અનુપમ છે.

ગરજ પોતે ન બોલે છે, શી એની ચાલ બોલે છે !
ગરજની શી દૂરંદેશી ! વખત આવ્યે બતાવે છે !

હરિઃૐ

## ગરજથી પ્રાણ થનગનતા

ગરજ તો આગવું ડહાપણ કદીયે તે ન ડો'ળે છે,
જરૂર પૂરતી કળા સર્વ શી કરવી કર્મ જોડે છે.

હૃદયમાં ઊગતાં પૂર્ણ ગરજ ઉત્કટમહીં ઉત્કટ,
ગરજનું કર્મ પરિણામ નીપજવાનું જ તે નિશ્ચિત.

વિના લાવ્યા જ છેડોયે ગરજ મૂકી ન દેશે તે,
સધાયા તે વિના પૂર્ણ ગરજ વળગી જ ત્યાં રહેશે.

ગરજથી **પ્રાણ** થનગનતા ગરજનાં કર્મની વિશે
-ગરજ પ્રગટાવતી રહે છે અદમ્ય ખંત, સાહસ તે.

હરિ:ૐ

# ગરજની ઉત્કટતા

ગરજને જે રીતે કર્મ પડે તે પાર, તે રીતે
-ગરજ જુદી જુદી રીતે શી વર્તતી જણાયે છે !

ગરજની હામ, ધીરજ શાં ! સબૂરી પાર વિના છે,
ગરજ તેજસ્વી જેવી છે, ગરજ શી વેગીલી ત્યાં છે !

ગરજની દીર્ઘદૃષ્ટિની અગમબુદ્ધિ નિરાળી છે,
ગરજ જાગ્યે જ તે મેળે વિચારી આપ સૌ લે છે.

ગરજ ઉત્કટપણામાં ના વિચાર, તર્ક ઝાઝા છે,
કરી લેવાનું છે, તેને ગરજ વિચારી ઝટ લે છે.

હરિ:ૐ

## ગરજને અંતરાયો ના

ગરજ ના બાપડી પોતે, ન લાચારી જ દર્શાવે,
પરત્વે જે ગરજ ઊગે ગરજ શી તે તરફ દોડે !

મળેલાં કર્મના કેવા બધા અર્થો સરાવે છે !
ગરજને આડખીલીથી કશા ના અંતરાયો છે.

ગરજ ભડવીરની જેમ પરાક્રમીની રીતે યુદ્ધે,
રહે શી સાબદી પૂર્ણ ધરાવી દૃષ્ટિ ચોગમ તે !

ગરજ 'હિંમત, ધીરજ, સાહસ' પ્રગટતાં કેળવાયે છે,
ગરજને ગુણની સોબત મળેલી આપમેળે છે.

હરિઃૐ

## ગરજનાં કર્મની પ્રત્યે !

ગરજથી માતબર કેવાં પરિણામ જીવન નીપજે,
પ્રચંડ શા પ્રયત્ને તો ગરજ તે જોતરાવે છે !

ગરજ ખંખેરી નંખાવે પ્રમાદ જે બધો જીવને
ગરજનાં કર્મની પ્રત્યે ગરજ તમને રખાવે છે.

સમગ્ર ભાન હૈયાનું પરોવાયેલ ત્યાં રહે છે,
ન નિસ્બત તે કશી બીજી ગરજ પોતે ધરાવે છે.

ગરજ ઉત્કટ હૃદય લગની ગરજની તે સ્ફુરાવે છે,
ગરજ તેના જ ચિંતવનમાં ગળાબૂડ જિવાડે છે.

હરિઃૐ

# ગરજની બોલબાલા છે

ગરજની કર્મ પ્રત્યેની શી તે સભાનતા દિલ છે !
ગરજ નિજના વિષયને દિલ કદીયે ના ભૂલે છે તે.

શી નિષ્ઠાવંત સંપૂર્ણ ગરજ પોતે જીવનમાં છે !
ગરજ વર્તતી હો, ત્યારે જરૂર પરખાઈ આવે છે.

ગરજની બોલબાલા છે, વિજયવંતી થવા ઝંખે,
ગરજની આપખુદીનો કહીં જીવને ન જોટો છે.

ગરજને ન્યાય અન્યાયતણી ક્યાંયે પડી ના છે,
ગરજનું ઉષ્ણતામાપ ખરેખર તે બતાવે છે.

હરિ:ૐ

## ગરજનું જ્ઞાન સાચું તે !

ગરજ જાગ્યા વિના સાધન વિશે નિષ્પત્તિ ના રસની,
ગરજથી એકધારી તે શી મસ્તી છે રહેવાની !

ગરજ જ્યારે પ્રવર્તેલી શી ઉત્કટમાં જ ઉત્કટ તે,
સતત એકાગ્ર ને કેંદ્રિત મનાદિ ત્યાં રમે છે સૌ.

મજા આનંદ જીવનનો અનેરો મહાલવા જેવો
-જીવનમાં કોઈ બીજો ના, પરમ આનંદ એવો છે.

કિનારા સર્વ છોડીને પહોંચી મધ્ય દરિયે તે,
શી મર્યાદાય દરિયાની ફગાવી ક્યાંય તે રમશે !

ગરજનું કામ એવું છે, ગરજનો ધર્મ એવો છે,
ગરજની ભક્તિથી ઊગે ગરજનું જ્ઞાન સાચું તે.

હરિઃૐ

## સ્ફુરે શરણાગતિ ના તે

નિરાધાર બધી રીતે પૂરેપૂરું થયા વિના,
પ્રભુના ભક્ત સાચા તે થવાવાનું કદીયે ના.

ગળ્યા વિના પૂરેપૂરું પ્રભુપદમાં ખરેખર તે,
પ્રભુનાં પદકમળ યોગ્ય થવાવાનું પૂરું ના છે.

મતિ, મન, ચિત્ત, અહં, પ્રાણ પ્રભુની ભક્તિથી જીવને
-હૃદય એકરસ થયા વિના સ્ફુરે શરણાગતિ ના તે.

હરિઃૐ

## ગરજનો રસ અનેરો છે

ગરજ પોતે નવાજે છે, ગરજ જેમાં શી લાગે છે !
લગાતાર ગરજ લાગી મથાવ્યા શી કરે છે તે !

ગરજની ધૂન ન્યારી છે, ગરજની લગની કેવી છે !
ગરજનો રસ અનેરો છે, ગરજ **एक** કરાવે છે.

ગરજ તો કેવી ઉત્કટતા ગરજ વિષયે ધરાવે છે,
વિષય સાકાર કરવાને શી તલપાપડ ગરજ રહે છે !

ગરજને ભાન પોતાનું હૃદય જેમાં અને તેમાં
-સદા જીવતું રહ્યા કરી, તે શું ધાર્યું મેળવાવે છે !

હરિઃૐ

# ગરજ તાદાત્મ્ય પ્રગટાવી

ગરજ વિષય પરત્વે શું હૃદય તાદાત્મ્ય પ્રગટાવી,
વિષયની સાથ દિલને તે અહા ! જોડી શું તે દે છે !

ગરજ જાગ્યે, વિષય પ્રત્યે ઊંડી સભાનતા પ્રેરે,
ગરજને જ્યાં જવાનું છે ગરજ ત્યાં પહોંચતી પ્રેમે.

ગરજને વિઘ્ન, મુશ્કેલી, મુસીબત, ગૂંચ અનેકેયે
-જીવનમાં સાંપડે ત્યારે ગરજ તે સૌ વટાવે છે.

ભલે જે તે બધું આડું ગરજની સામને આવે,
ગરજ તેથી ન અકળાતાં, ગરજ તે સૌ ઉકેલે છે.

હરિઃૐ

## ગરજની કામિયાબી શી !

ગરજ જે દિલ પ્રેરાવે, ન તેવું કોઈ પ્રેરાવે,
ગરજની શી ગતિશીલતા ! ગરજ કર્મે શું પ્રેરાવે !

ક્રિયાશીલ છે ગરજ પોતે, શી સર્જનશીલ ગરજ તે છે !
ગરજ નિષ્ઠા શી અદ્‌ભુત છે ! નિપુણ શી તાકવે તે છે !


ભૂલી નિશાન જાયે ના, ગરજથી જે ધરાયું છે,
ગરજના ધ્યેયથી લક્ષ ગરજનું ના જતું રહે છે.

ગરજની કામિયાબી શી ! શી પોતે એકલક્ષી છે !
કર્મને પાડવા પાર ગરજને હોશિયારી છે !

હરિઃૐ

# ખંડ - ૪

## સ્મરણ



તેજસ્વિતપણું કેવું ધર્મના પાલને ઊંડે !
ધર્મપાલનથી ઊંડા વિવેક યોગ્ય સાંપડે.

હરિઃૐ

# વેગ લાધ્યો છે

શરૂ શરૂમાં સ્મરણ થવું જે મહામુશ્કેલ લાગ્યું છે,
જવાતું'તું ભૂલી પળમાં, જરા ટકતું નહોતું તે.

પરંતુ દિલ વધતાંમાં સમયગાળો સ્મરણનો તે
પછીથી તે હૃદય ટકવા કૃપાથી લાગ્યું કેવુંયે !

સ્મરણ ટકવા જહીં લાગ્યું શું પડવા સ્વાદ લાગ્યો છે !
હૃદય ઉત્સાહ તો તેથી ખરેખર ખૂબ પ્રગટ્યો છે.

થતાં ઉત્સાહથી કર્મ હૃદયરસ શો ઝરેલો છે !
સ્મરણને પંથ તેથી દિલ ઝડપીલો વેગ લાધ્યો છે.

હરિઃૐ

# પથે રે'વાયું વળગી છે

વમળ સૌ કામ ક્રોધાદિતણું ઘટવા જીવન માટે
–સ્મરણના દિલ અભ્યાસે કૂદી કેવો પડેલો જે.

ન જોયું પાપ કે પુણ્ય ન જોયું સત્ અસત્ કૈંયે,
સતત સ્મરણે હૃદય મારું પરોવાવા મથેલો છું.

છતાં છટકી જતું કેવું સમજ એની પડે ના તે,
કૃપા એ તો ખરેખર તુજ સ્મરણ પંથે ચઢાવીને.

મને મુડદાલને કેવો ભૂલેલાને જગાડ્યો છે,
સતત એવું મથ્યા કરતાં પથે રે'વાયું વળગી છે.

હરિ:ૐ

## હૃદય અભ્યાસ પાડ્યો છે

ધીરે ધીરે સ્મરણનો મેં હૃદય અભ્યાસ પાડ્યો છે,
સ્મરણને કાળજી રાખી સતત લેવા મથેલો જે.

સ્મરણ અભ્યાસ દિલ પડતાં કંઈક પણ સારું લાગ્યું છે,
સ્મરણ નેડો થવા, એણે પૂરો શો ભાગ ભજવ્યો છે !

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં જીવન ભૂલો થયેલી છે,
સ્મરણથી જાગતાં દિલમાં શું પસ્તાવો થયેલો છે !

જીવન પડતાં જ પડતાંમાં સ્મરણથી ઊગરાયું છે,
થતાં ઊંડું પતન સ્મરણે શું અટકાવ્યું જીવનમાં તે !

હરિઃૐ

# સ્મરણમાં દિલ પરોવાથી

બૂરાં કર્મોની શી છાયા જીવન જે પાંગરેલી તે,
સ્મરણ અભ્યાસથી હાવાં ભુસાવા કેવી માંડે છે !

સ્મરણ, અજવાળવા જીવન હૃદય લીધા કરેલું છે,
સ્મરણના નિત્ય અભ્યાસે જીવન પગરણ સધાયું છે.

સ્મરણમાં દિલ પરોવાથી, અસર બીજી થતાંમાં તે
-શી ઉત્કટતા અસરકેરી બહુ ઝાઝી પડે ના તે !

સ્મરણ, કેવું હૃદય ભાન જીવનના ધ્યેય પ્રત્યેનું
-સહજતાથી રખાવે છે, સ્મરણ બખતર શું જીવનનું !

હરિઃૐ

# સ્મરણ ઉપયોગ આવ્યું છે

કળા જીવનની જીવવાની ઊગેલી શી સ્મરણથી છે !
પડેલો ભોંયતળિયે શો ! ઉપર સ્મરણે અવાયું છે.

પતિત જનને શું ઉદ્ધારી સ્મરણથી તારવેલો છે !
જીવનની ભીંસની વેળા સ્મરણ ઉપયોગ આવ્યું છે.

જીવનનાં રંગરોગાન ઊઠ્યાં દીપી સ્મરણથી છે.
જીવનરંગત સ્મરણથી શી ! નૂતન કોઈ ઓર પ્રગટી છે !

જીવનમાં તો સ્મરણથી શું નવું નવું હું શીખેલો જે,
જીવન વ્યવહાર પ્રત્યક્ષે ખરો ઉપયોગ લીધો છે.

હરિ:ૐ

## સ્મરણ કીમિયો શું જાદુગર !

સ્મરણ કીમિયો શું જાદુગરતણો સ્પર્શેલ જીવન છે !
જીવન દીદાર દર્શન શાં સ્મરણથી પાંગરેલાં છે !

જીવનની તે મરામત શી સ્મરણથી તો થયેલી છે !
જીવન જે ઘોર અજ્ઞાન થકી જ્ઞાને પ્રકાશ્યું છે.

શું વૈરાગ્ય ભૂમિકામાં થયાં સાધન બીજાં જે જે,
જીવનનાં પાપ ને પુણ્ય શું પીગળતાં ગયાં તે છે !

સ્મરણ અભ્યાસના જોરે બીજાં સાધન થતાં જીવને,
શું પુનરુદ્ધાર જીવનનો થયા કેવો કરેલો છે !

હરિઃૐ

## સ્મરણ આધાર પાકો છે

સ્મરણથી શું નવા જીવનતણું દર્શન થયેલું છે !
સ્મરણ શું આંધળા જનની પથે તે લાકડીરૂપ છે.

સ્મરણથી વણ ચીંધાયેલા પથે કેવું જવું થયું છે !
સ્મરણ, અંધારથી કેવું હૃદય અજવાળું પાડે છે.

સ્મરણ એ ડૂબતા જનની રૂપેરી તે કિનારી છે,
નિરાશાનાં બધાં ઘનઘોર શું વાદળ તે વીજળી છે !

શું નોધારાતણો કેવો સ્મરણ આધાર પાકો છે !
પડાતું જ્યાં થતું ત્યાં શું સ્મરણ ઊંચકી ઉગારે છે !

હરિઃૐ

# હૃદયશાતા સ્મરણથી છે

સ્મરણથી જીવવાકેરું હૃદયમાં ભાન સ્ફુર્યું છે,
સ્મરણથી સાધનો કેવાં મને બચવા સૂઝેલાં છે !

સ્મરણની દિલ જ્યાં ભક્તિ ખરેખરી દિલ લાગી છે,
સ્મરણ નૂતન, નવો રસ્તો, નવું જીવન દીઠેલાં છે.

સ્મરણથી આપદા વેળા જીવન કેવું ટકેલું છે,
વિપત્તિ, ગૂંચ પ્રશ્નોમાં હૃદયશાતા સ્મરણથી છે.

સ્મરણથી તો જીવનમાંનો બધો કચરો હઠેલો છે,
સ્મરણથી તો નર્યું સ્વચ્છ જીવન કેવું થયેલું છે !

હરિઃૐ

## સ્મરણમાં દિલ લગાડ્યું છે

સ્મરણમાં મગ્ન-પરોવાઈ સ્મરણમાં દિલ લગાડ્યું છે,
સ્મરણના માત્ર સાધનમાં રહ્યા કરવાનું રાખ્યું છે.

સ્મરણ લલકારતાં પ્રેમે સ્મરણની ધૂનમાં હૈયે,
શું તાન ગાઢ ને ગૂઢ જીવન પ્રગટ્યા કરેલું છે !

જીવન જીવવા પછી કેવો હૃદયમાં નાદ લાગ્યો છે !
હૃદય એ નાદના ભાવે મળ્યાં સાધન કરેલાં છે.

ગયો વધતો હૃદય ભાવ જીવનમાં જેમ, તે કાળે
-ભૂમિકા **જીવદશા**ની સૌ પડે શી વૃત્તિ મોળી તે !

હરિઃૐ

# ઉમળકો દિલ વાધ્યો છે

સ્મરણની દીપિકાએ શો જીવનમાં ભાગ ભજવ્યો છે !
બધે અજવાળું પથરાઈ જીવનપથને સુઝાડ્યો છે.

સ્મરણ લલકારતાં હર્ષે ઉમળકો દિલ વાધ્યો છે,
સ્મરણ લલકારતાં ભાવે ઉછાળો દિલ ફૂટ્યો છે.

સ્મરણની સાધના તદ્દન સરળ ને શી સહજ તે છે !
સ્મરણ લેતાં, સ્મરણ લેતાં સ્મરણ નેડો થતો રહે છે.

સ્મરણથી કેટલું કેવું જીવનમાં શિખવાયું છે !
સ્મરણ તો જન્મદાતા છે જીવન શિક્ષણનો અદ્ભુત તે.

હરિઃૐ

## જીવન લહાવો મધુરો છે

સ્મરણ લલકારવાનોયે જીવન લહાવો મધુરો છે,
સ્મરણનાં સ્પંદનોએ પણ શી ઘડવા સહાય કીધી છે !

સ્મરણના શબ્દનાં મોજાં કરે છે જ્ઞાનતંતુને
-પૂરેપૂરા જ શા મજબૂત ટટારી પ્રેરતાં વળી તે !

સ્મરણ મોજાંની ધ્રુજારી કરે છે કામ કેવુંયે
-ખરેખર ભવ્ય અદ્‌ભુત તે ન જાણે કોઈ પણ તેને.

સ્મરણથી શું મળે છે તે અનુભવી માત્ર પ્રીછે છે,
જીવનનો ભોમિયો નાણે સ્મરણનો જે અનુભવ છે.

હરિઃૐ

## સ્મરણમાં તાન સ્ફુરંતાં

સ્મરણ જેનું થતું તેનું સ્મરણમાં ભાન ઊગે છે,
સ્મરણમાં તાન સ્ફુરંતાં અનેરો વેગ પકડે છે.

સ્મરણના તાનના જોશે મતિ, મન, પ્રાણ પ્રેરાયે,
મનન ચિંતવન સ્મરણ કેવું ઊંડું ઊંડું કરાવે છે.

સ્મરણમાં ભાવ પ્રગટંતાં હૃદયમાં ભાવ નીપજે છે,
હૃદય એકાગ્રતા ભાવ શી પ્રેરાવી શકે છે તે !

અને એ ભાવથી ધ્યાન થતું એકાગ્રતા લીધે,
જીવન ઉપયોગમાં જે તે બધું લેતાં, ફળે અંતે.

હરિઃૐ

## સ્મરણ શું ઉર ગર્જતું

સ્મરણ શું ઉર ગર્જતું બુલંદે નાદથી જ્યારે,
સ્મરણ લલકારતાં કેવી હૃદય એકાગ્રતા જામે !

વિચાર, વૃત્તિ, સંકલ્પ, વિકલ્પ ના થતાં મનમાં,
સ્મરણના ભાવનો એવો અનેરો છે પ્રતાપ જ ત્યાં.

જીવનમાં ખાલી પળ એવી જીવનની તે કમાણી છે,
જીવન વધવા જ ખાલીનો સમય, વર્તાયું એવું છે.

શું ખાલી પણા કેરો સમય તે વધતો ગયો છે જ્યાં,
થતો વિકાસ નીરખીને હૃદય આનંદ વ્યાપ્યો ત્યાં.

હરિ:ૐ

# સ્મરણમાં ચિત્ત લાગ્યાથી

સ્મરણ શિરોમણિ ધારી સ્મરણમાં ચિત્ત પ્રોયું છે.
સ્મરણમાં ચિત્ત લાગ્યાથી સ્મરણ લગની થયેલી છે.

લગન લીધે હૃદયધૂન જીવન અલમસ્ત લાગી છે,
અને એ ધૂનનો ભાવ જીવન ઉપયોગ લીધો છે.

સ્મરણનો જેમ ઉપયોગ જીવનવિકાસમાં કરવા,
કૃપાથી બુદ્ધિ જાગીને પ્રવેશાવ્યો હૃદય શીખવા.

હૃદય ઉપયોગ લેવાતાં વધાતું શું ગયું જીવને,
સફળતાના પ્રયાસોમાં પરોવાયું હૃદય ત્યાં છે.

હરિઃૐ

## સ્મરણના ઉપકારો શા

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લલકારવાનું તે
-થયેલું આપમેળે શું ! સ્મરણથી તે બનેલું છે.

સ્મરણથી દક્ષિણા જીવને શી પ્રત્યક્ષ મળેલી છે !
વળી ઉપયોગ તે લેતાં ક્રિયાશીલ શી થઈ છે તે !

પ્રક્રિયા તે નિરંતરની થતાં, ફળ નીપજે છે તે
-જીવન સાફલ્યમાં કેવું પરિણામ ઉતારે છે.

સ્મરણના ઉપકારો શા અવર સાધન સ્મરણથી જે
-જીવનમાં શાં મળેલાં છે ! જીવન તેથી ફળાયું છે.

હરિઃૐ

# સ્મરણ જીવતું થવા હૃદયે

સ્મરણ જીવતું થવા હૃદયે સ્મરણમાં જીવ ઘાલીને
-સ્મરણ પાછળ કર્યો મંડ્યા, સ્મરણમાં જીવ જાગ્યો છે.

સ્મરણથી આત્મનિવેદન ચરણ કરતાં શીખેલો જે,
સતત અભ્યાસથી એવા હૃદય નજદીક અવાયું છે.

સ્મરણથી આ જીવનસ્વાંગ શું બદલાતો જતો લાગે !
સ્મરણથી આમદાનીનો નવો ચીલો પડેલો છે.

જીવન ઉત્પાતથી કેવું સ્મરણથી જ બચેલું છે,
ઊગરવાનો થયો આરો સ્મરણથી માત્ર નિશ્ચિત છે.

હરિઃૐ

## સ્મરણ જીવનનું દર્શન છે

સ્મરણનો તો જીવન પર જે પ્રભાવ શો પડેલો છે !
સ્મરણ લીધા જ કરવાથી સ્મરણ જીવતું થયેલું છે.

સ્મરણ જીવનનું દર્પણ છે, સ્મરણ **हरि**પદને અર્પણ છે,
સ્મરણ જીવનનું તર્પણ છે, સ્મરણ જીવનનું દર્શન છે.

સ્મરણથી જાગવું થયું છે સ્મરણથી ચેતવું થયું છે,
સ્મરણથી મરતો ઊગર્યો છું, સ્મરણથી જીવવું થયું છે.

સ્મરણની ભાઈબંધીથી સ્મરણ હૃદયે લગાડીને,
સ્મરણમાં પ્રેમ જાગીને સ્મરણ શું લગ્ન કીધું છે.

હરિ:ૐ

# સ્મરણથી જાગ્યું અંતર છે

શીખ્યો પરવારતાં સ્મરણે, સ્મરણથી જાગ્યું અંતર છે,
સ્મરણથી દિલ ખૂલ્યું છે, સ્મરણથી બુદ્ધિ ફોરી છે.

સતત થતું જે સ્મરણ, તેથી જીવનમાં સ્વાદ લાગ્યો છે,
સ્મરણનો પાસ લાગી, શો પ્રવેશાવ્યો ચરણ **હરિ**ને.

પ્રવેશાવાથી અંતરમાં બધે ઉજાસ પ્રગટ્યો છે,
જીવન ઉજાસ પરતાપે સમારવું કામ ચાલે છે.

જીવનવિકાસનું કર્મ સ્મરણથી જે થયેલું છે,
શું પ્રાકૃતિક ગુણધર્મ ગયો છે ફેરવાતો તે !

હરિઃૐ

## સ્મરણના તાનનું જોશ

કૃપાથી તેં પ્રભુ મુજને સ્મરણ વિજયા પિવાડીને,
ભુલાવ્યું છે બધું ભાન બધે ચોમેરનું જીવને.

સ્મરણના તાનમાં એવા ન ગણકાર્યું કશું કૈં મેં,
મળેલાં અડચણો વિઘ્નો, શું ઓળંગી ગયેલો તે !

સ્મરણના તાનનું જોશ બધે વ્યાપી જ આધારે
-હતું જે સૌ અવ્યવસ્થિત બધું પાડ્યું જ ઠેકાણે.

હૃદય નિશ્ચિંતતા, શાંતિ, પ્રસન્નતા પ્રસારી છે,
જીવનની તે કમાણીમાં નફો કરતું જ રહેવાયે.

હરિઃૐ

# બલિહારી સ્મરણની તે

શરીરદર્દે ન લેવાઈ જવાયું છે, કૃપા શી તે !
સ્મરણ સાધન ટચૂકડાનો પ્રતાપ શો ખરેખર તે.

કર્યા કરવાથી તે માત્ર શું લલકારી સ્મરણ હૃદયે
-જગાવાનું થયું કેવું જીવનમાં શી પ્રસાદી તે !

સ્મરણના એકલા માત્ર થયા કરવાથી તે સાધન
-થતું ફળતું અનુભવમાં શું પ્રત્યક્ષ પટે જીવન !

શકું હું વર્ણવી કેમ બલિહારી સ્મરણની તે,
સ્મરણ જેની કૃપાથી તે થયું તેને પ્રણામો છે.

હરિઃૐ

## સ્મરણનો પાસ લાગ્યો છે

સ્મરણ લલકારવાનો શો હૃદય લહાવો મળેલો છે !
હૃદય મશગૂલ ગુલતાન થયા મુગ્ધ કરેલું છે.

મનાદિ સર્વ કરણોને સ્મરણનો પાસ લાગ્યો છે,
કરણમાં ભાવ સ્પંદંતો થયો શો પાસ કારણ છે !


જીવનમાં સ્પર્શનો મહિમા ખરો ત્યારે જ જાણ્યો છે,
થતાં રહેતા જ તે સ્પર્શે જીવન ઉપજાવ્યું શું શું છે !

થતાં તે સ્પર્શ ભક્તિની ભૂમિકા ભાવની જોઈ,
પરિવર્તન કરવનારો ખરેખર પાસ શો ત્યાં છે !

હરિઃૐ

# ખંડ - ૫

## દર્દ



જેવું થવાનું ધાર્યું હો તેવું યોગ્ય મથ્યા વિના
-ઇચ્છવું તે પરિણામ મૂર્ખામી આપની ભલા.

હરિઃૐ

# જીવનવિકાસના માર્ગે

જીવનવિકાસના માર્ગે ગયો છું જેમ શીખતો હું,
સ્મરણ આદિ જ સાધનનો રસિક ઈતિહાસ ભવ્ય જ શો !

હૃદયમાં ભાવ જ્યાં ઊગતો અનુભવમાં પ્રકાશ્યો છે,
હૃદયની પ્રાર્થનામાં તે કર્યા ઉપયોગ કીધો છે.

હૃદયના ભાવથી કેવી નરી એકાગ્રતા જામ્યે
-ભૂમિકામાં થતી દિલની શી ન્યારી પ્રાર્થના તે છે.

સતત અભ્યાસથી તેવા હૃદયમાં દર્દ ઊગ્યું છે,
હૃદય એ દર્દનો રણકો જીવન ફેલાયેલો શો છે !

વિના દર્દ કશાયેમાં કશા ના **પ્રાણ** પ્રગટે છે,
વિના દર્દ કશાનો ના ખરો આનંદ વ્યાપે છે.

હરિઃૐ

# શો મથેલો જે !

ભુલાવામાં, ભુલાવામાં બહુ વેળા પડેલો છું,
છતાં ના ભાન તેનુંયે જરા સરખુંય જાગ્યું'તું.

પરંતુ કોણ જાણે શી કરામતથી હૃદય મુજને
-ખરેખર ડંખતું એવું શું પેદા દર્દ કરિયું છે !

ઊંડા તે દર્દને લીધે ભૂલ્યાનું ભાન જાગ્યું છે,
સતત ગોદાટી કરી કરીને પથે ચલવ્યા કરેલો છે.

સતત ચાલ્યા જ કરવામાં પરોવી લક્ષ પછીથી ને
-સ્મરણ જીવંતું બનવાને ઘણું ઘણું શો મથેલો જે !

હરિઃૐ

## જીવન પ્રત્યક્ષ વર્તે છે

વિષયનું તીવ્રતમ ઊંડું હૃદય દર્દ પ્રગટતાં જે,
વિષયના શા મનન ચિંતવન વિશે તે જોતરાવે છે !

વિષયનું દર્દ હૈયાનું ન બોલે છે, ન ચાલે છે,
છતાં તે બોલતું કેવું ! વળી ચાલી બતાવે છે.

વિષયનું દર્દ જીવનમાં વિષયને શો છતો કરીને,
વિષય પ્રત્યક્ષ અનુભવમાં શું પ્રગટાવી મુકાવે છે !

કળા નૌતમ, નૂતન અભિનવ, નવીન રસરંગ જે ગૂઢ છે,
ખરેખર દર્દને લીધે જીવન પ્રત્યક્ષ વર્તે છે.

હરિઃૐ

# જીવનને પામવા કાજે

સમજવા હાર્દ વસ્તુનું ખરેખર દર્દ જરૂરી છે,
વિના દર્દ, વિષયની તે મજા દિલ કંઈ ન પ્રગટે છે.

વિષયમાં ઊંડું ઊતરવા વિષયનો **પ્રાણ** નીતરવા,
જરૂરી મહત્ત્વનું દર્દ વિષયનો **પ્રાણ** અવતરવા.

વિષયનું દર્દ પ્રગટે જ્યાં વિષય હાર્દ પમાવાને,
વિષય તારતમ્ય જગવીને વિષયનો રસ પમાડે છે.

ખરેખર દર્દ જાગેલું જીવનને પામવા કાજે,
મહત્ત્વનું કેટલું સાચું અનુભવથી જણાયું છે.

હરિઃૐ

## સ્મરણના પુણ્ય પરતાપે

હૃદયના ભાવનું દર્દ શું રચનાત્મક ખરેખર છે !
હૃદયનાં દર્દને લીધે ઊંડું શું ઊતરાયું છે !

સ્મરણના પુણ્ય પરતાપે પ્રસાદીનું મળ્યું દર્દ,
સ્મરણ જીવતું થયું દર્દે શું કીમિયાગર હૃદય દર્દ !

સ્મરણ તેથી હૃદય મારે સતત ચાલ્યા કરેલું છે,
સ્મરણથી ધ્યાન આદિનાં સહજ સાધન થયેલાં છે.

હૃદયના એકધારા તે શું સાધનના જ અભ્યાસે !
પરોવાઈ જવાનું તે કૃપાથી ત્યાં બનેલું છે.

હરિઃૐ

## જીવન તે શી રીતે પ્રીછે !

હૃદય મહોબત પ્રભુપદમાં શી લાગી લાગી દિલમાં છે !
હૃદય મહોબતની રંગતનું શું કારમું દર્દ ન્યારું છે !

હૃદયનું દર્દ એવું તે હૃદય તે તે વિશે તલ્લીન
-પૂરેપૂરું રખાવીને કરે એકાગ્ર કેંદ્રિત.

હૃદયનું દર્દ ઊતરાવે વિષયના હાર્દને વિશે,
વિના દર્દ કશાનીયે ખરી રંગત ન જામે છે.

ન જેણે દર્દ જાણ્યું છે ન જેણે દર્દ મહાલ્યું છે,
અનુભવ્યું દર્દ જેણે ના, જીવન તે શી રીતે પ્રીછે !

હરિઃૐ

# પ્રસાદી તે કૃપાની છે !

સતત ઝંખ્યા કરી કરીને દિવસ શા કારમી રીતે
-વિતાવ્યા છે ! ખરેખર તે અમારું દિલ જાણે છે.

કદીક મળવું થયેલું છે જરીક સરખું, અમસ્તું તે,
મળ્યા તે ના મળ્યા જેવું ઉપરથી દર્દ દીધું છે.


ખરેખર તે મળ્યા દર્દે હૃદયમાં શૂળ પ્રગટ્યું છે,
હૃદય તે દર્દને લીધે સતત તુજમાં વળેલું છે.

વિના તે દર્દ ના પ્રગટે ખરેખર રસ કશા વિશે,
મળેલું દર્દ તો કેવી પ્રસાદી તે કૃપાની છે !

હરિઃૐ

# ખંડ - ૬

## હુકમ



બેળે બેળે થતાં ત્યાગ શક્તિ કુંઠિત શી બને !
ઉમળકે થતાં ત્યાગ ભાવ, શક્તિ બઢે ગુણે.

હરિઃૐ

# જીવનપગદંડી પ્રેરી છે

હુકમ જે દિલથી પ્યારો ગરીબની લક્ષ્મી શી પેરે !
હૃદયની ભાવનાથી શો જીવન મેં સાચવેલો છે !

હુકમ મળતાં કંઈક વેળા જીવનમાં મૂરઝાયો છું,
કઈ પેર ચાલવું તેની કશી સૂધબૂધ રહી ના છે.

હુકમના હેતુનું ભાન હૃદય ચૂકી જવાયું છે,
હૃદયમાં પ્રાર્થનાકેરો ઊંડો પોકાર પાડ્યો છે.

હુકમના જ્ઞાનનું ભાન પ્રભુએ ત્યાં ઉગાડીને,
જવા પથ આગળે, મુજને જીવનપગદંડી પ્રેરી છે.

હરિઃૐ

# હુકમપાલન થવું યોગ્ય

હુકમને પાળતાં શરૂમાં ઉમળકો દિલ ન જાગ્યો છે,
હુકમ મળતાં શરૂ શરૂમાં વિચારો કૈંક ઊગ્યા છે.

'વિના વિચાર, સંકલ્પ, હુકમપાલન થવું યોગ્ય
-થવા વિકાસ અર્થે તે થવું ઘટતું હુકમપાલન.'

હૃદય સમજણ કૃપાથી તે જતાં ઊગી, જીવનનો જે
-ખરો સ્વાર્થ ફળવવાને હુકમપાલન શીખેલો જે.

છતાંયે દિલ હુકમપાલન થતાં ખચકાટ કદી હૃદયે
-કંઈક વાર થયેલો છે, તહીં મુજ ભૂલ કબૂલી છે.

હરિ:ૐ

## ખરો અભ્યાસ પાડેલો

હુકમ મળતાં હુકમ વિશે કદી સંશય થયો ના છે,
છતાં ભૂમિકા હુકમ યોગ્ય જીવનની ના થયેલી છે.

હૃદયમાં એમ સમજીને હુકમ મળતાં હૃદયની તે
-હતી જે ભાવનાથી શું થવા યોગ્ય મથાયું છે !

પછીથી તો હૃદય ઊંડો જીવંતો જ્ઞાનપૂર્વકનો
-હુકમપાલન વિશેનો તે ખરો અભ્યાસ પાડેલો.

હૃદયભાવ નીતરવાને હુકમપાલન વિશે પૂરો
-શું હેતુભાનથી ત્યારે થયું છે વર્તવાનું તો !

હરિઃૐ

# હુકમથી ચાલતાં શીખી

હુકમપાલન થતાં ત્યારે પ્રવર્તેલી ભૂમિકા તે
-જીવનની કેવી છે તેનું મને જ્ઞાન થતું રહે છે.

'હુકમને વર્તતાં કેવો હૃદયનો ભાવ જાગે છે',
અને એ ભાવની ઊણપ મને ત્યારે જણાઈ છે.

હુકમથી કેવું કેવું તે જીવન શીખવાનું મળિયું છે,
હુકમના પાલનેથી તો ખમીર, ગુણ, શક્તિ પ્રગટ્યાં છે.

હુકમથી ચાલતાં શીખી પછી શી દોટ મૂકી છે !
હુકમ તો સદ્‌ગુરુ દિલની ખરેખર પાઠશાળા છે.

હરિઃૐ

## હુકમ સદ્‌ભાગ્યનું લક્ષણ

હુકમ, શી પા પા પગલીથી શીખ્યો છું પાળતાં હૃદયે,
છતાંયે પાળતાં મારે પીછેહઠ શી થયેલી છે !

ભલે પાછું પડાયું છે, ટકી રહેવા મથાયું છે,
હુકમના હેતુને દિલથી પૂરો હઠવા ન દીધો છે !

હુકમ, ઘડનારું શિલ્પીનું ખરેખર ટાંકણું શું તે !
સદ્‌ગુરુએ કૃપાથી શો હુકમ અમને દીધેલો છે !

ગમે તેને નથી મળતો હુકમ માગ્યો કદીયે તે,
હુકમ સદ્‌ભાગ્યનું લક્ષણ ઊઘડવાની શી ઉષા છે !

હરિ:ૐ

## હુકમ એ રીતે ગ્રહેલો છે

હુકમ, જીવનનું શું શું ને થતું કેવું રહેલું છે !
હુકમને વર્તતાં હૃદયે બધી સમજણ પડાવે છે.

'ચલાયું આડુંઅવળું શું ! વળાંકો શા લીધેલા છે !
શું ઊતર્યો ભાવ પારો તે !' હુકમ વર્તનથી ઊગે છે.

અનેકે રીત જીવનમાં કચાશ ક્યાં હજી મુજ છે,
હુકમને પાળતાં દર્શન બધું તે તે થતું રહે છે.

હુકમ, શી આરસી મુજને નીરખવાનું બધું મુજ તે !
કૃપાથી તે મળેલી છે, હુકમ એ રીતે ગ્રહેલો છે.

હરિઃૐ

## કીમિયાગર હુકમ પોતે

હુકમ જીવનની શી રીતની ખરી તે નાડ ચાલે છે !
પરીક્ષા થઈ જતી તેની અનુભવ આપતી રહે છે.

હુકમથી ચાલવું કેવું જીવન પોતે થતું રહે તે !
જણાયે આપમેળે તે, શો કીમિયાગર હુકમ પોતે !

હુકમથી પગલું પ્રત્યેક પડે છે કેવી રીતનું તે,
જીવનનું ભાન જેને છે જણાઈ જાય છે તેને.

હુકમથી ઊગતું ખીલતું જીવન કેવું ટકે છે તે !
અનુભવથી ખરેખર તે જરૂર પરખાઈ આવે છે.

હરિ:ૐ

# ખરું રળવાનું સાધન જે

જીવનનું યોગ્ય રળતર તે ખરું રળવાનું સાધન જે
-હુકમ તે યોગ્ય ભૂમિકા પરિપક્વ કરાવે છે.

હુકમથી પ્રીછવાનું જે અનુભવવાનું જીવન જે
-હુકમ વર્તતાં ઉમળકે પડ્યા કરતી ખબર રહે છે.

ખબરદારી, ખુમારીનો ખમીરનોયે જીવનરણકો
-ઊઠે છે કેટલો કેવો હુકમ વર્તન બતાવે છે !

જીવન હો જેવું ને તેવું હુકમ દર્શન કરાવે છે,
હુકમ ઊંચે પથે ઊંચે ચઢવવા કેવું પ્રેરે છે !

હરિઃૐ

## હુકમથી પ્રાણ પ્રગટે છે

હુકમથી પ્રાણ પ્રગટે છે, હુકમથી શક્તિ ઊગે છે,
હુકમથી વર્તવાકેરું અનોખું બળ શું જન્મે છે !

'રળાવાનું હુકમથી છે.' હૃદય પાકી સમજ છે તે,
હુકમ મળતાં જ સુસજ્જ તુરત તેથી થવાયે છે.

હુકમથી કેવી જાગેલી હૃદયમાંની ગરજ પોતે
-પ્રવર્તેલી જીવન કાજે ! બધી સમજણ પડે છે તે.

હુકમ, જીવનનો આદર્શ જીવંતો વ્યક્ત વ્યવહારે
-થવા કાજે મળેલો, તે અનુભવમાં પ્રવર્તે છે.

હરિઃૐ

## હુકમ સ્વીકાર કીધો છે

હુકમ બિરદાવીને હૃદયે હુકમ સ્વીકાર કીધો છે,
હુકમનાં સર્વ પાસાંને મથેલો શો અનુભવવે !

હુકમ શો સદ્‌ગુરુ પાદતણી ભક્તિ સ્ફુરવવાને !
હુકમ વર્તનમાં તેથી શો જીવનમાં ભાવ સ્ફુરંતો !

હુકમમાં સદ્‌ગુરુ કેવો જીવનયજ્ઞે પરોવીને
-સતત હોમાવતો રહે છે જીવન આહુતિ શી પ્રેમે !

હુકમમાં એકલો નિજને જીવનસંગ્રામમાં લડવા
-મૂકી ના સદ્‌ગુરુ દે છે, શું સાથોસાથ લડવામાં !

હરિઃૐ

## હુકમ એ ના હુકમ માત્ર

જીવનમાં આપદાકેરી દીવાદાંડી, હુકમ શી છે !
હુકમ વર્તનની વેળાએ ઊગે તે પ્રેરણારૂપે.

હુકમ વર્તન વિશે મોળો પડે છે ભાવ જ્યારે તે,
હૃદયથી પ્રાર્થના કરવાતણી શી જાગૃતિ દે તે !

જીવનમાં ચેતનાત્મક બળ હુકમ વર્તનથી કેવુંયે
-અનોખી ઢબતણું અદ્ભુત મળ્યા કેવું કરે છે તે !

હુકમ એ ના હુકમ માત્ર હુકમમાં સદ્ગુરુ પોતે
-રહેલો ગૂઢ ને સૂક્ષ્મ હૃદય પ્રત્યક્ષ કેવો છે !

હરિ:ૐ

# હુકમે તારવેલો છે

ખરી મુશ્કેલી વેળાએ જીવન અટકી પડ્યું જ્યાં તે,
કળણ ખૂંપી ગયેલાને હુકમ પ્રત્યક્ષ ત્યાં મદદે.

બિરાદરીથી હૃદયની શી વફાદારીથી હુકમને
-બજવવાનું હું શીખ્યો છું ! કૃપાથી સદ્‌ગુરુની તે.

હુકમ પિછાનવામાં શો હતો અડબોથ હું જ્યારે !
મને શો પ્રેમ કરી દિલનો સમજવા. ચાવી દીધી છે !

પડંતા હાથ જ્યાં હેઠા, બધું વાપરતાં બળ હેઠું
-જીવનમાં જ્યાં પડેલું છે, હુકમે તારવેલો છે.

હરિઃૐ

## હુકમ શું જોમ પ્રેરે છે !

ખબરદાર જીવનમાં શું હુકમથી તો ટકાયું છે,
હુકમથી સામનો કરવા કટીબદ્ધ થવાયું છે.

હુકમ બલિદાન દેવાને સમર્પણ દિલ કરવાને,
પ્રણિપાત કરાવીને શહૂર અનુપમ જગાડે છે.

જીવનસંગ્રામમમાં અડીખમ હૃદય શૂરવીરની પેઠે
-ઝઝૂમતો યુદ્ધ કરવાને હુકમ શું જોમ પ્રેરે છે !

હુકમ આગળ શું ધપવાને, કદમ મક્કમ બઢવવાને !
શું બખતર વજ્ર સમ શરીરે પહેરાવી ઝઝુમાવે !

હરિ:ૐ

## હૃદય દાનત શી જીવતી છે !

જીવનઆદર્શ પ્રત્યેની હૃદય દાનત શી જીવતી છે !
હુકમ વર્તનથી પ્રત્યક્ષ તુરત સમજાઈ જાયે છે.

જીવન પ્રત્યેની ભક્તિની શી રળવા ઝંખના શી છે !
શી ખાંખત, ખંત, ઉદ્યમ તે હુકમ વર્તનથી સૂઝે છે !

હુકમથી આમદાની શી જીવનમાં તે રળાવે છે !
હુકમને પાળતાં, ત્યારે તમોને આપ પરખાશે.

હુકમ વર્તનથી જીવનનું થવાતું ભોમિયું કેવું !
હુકમથી ચાલતો જે છે પડે પૂછવું ન કૈં તેને.

હરિઃૐ

## હુકમ શો પ્રેરણાદાયી

હુકમ વર્તનથી જીવનમાં ભૂમિકા જુદી જુદી તે
-પ્રવર્તેલી શી પ્રત્યક્ષ ! ખરી સમજાઈ જાયે છે.

પડાતાં સાવ જ્યાં નબળું, ન ડગલું જ્યાં ભરાતું છે,
હુકમ ત્યારે મળ્યો, તેણે ગ્રહી કર શો ચલાવ્યો છે !

હુકમ શો પ્રેરણાદાયી જીવનમાં કેટલી વારે
-ટકોરાબંધ જીવંતો અનુભવમાં જ ઊગ્યો છે !

હણાયેલો, પડેલો જ્યાં, શહૂર સઘળુંય ખોયું છે,
જીવનની બાહોશી ખોતાં હુકમે ઓથ બક્ષી છે.

હરિઃૐ

## હુકમ શો યાદ આવે છે

ભુલાયું પથ જહીં જહીં છે, પથે જ્યાં જ્યાં ચુકાયું છે,
પથે જ્યાં જ્યાં મૂંઝાયો છું, હુકમ શો યાદ આવે છે !

હુકમ સાહસ ભયંકર શાં ન કોઈથી થઈ શકતાં,
કરાવે છે જીવન ધપવા અજોડ અવનવાં કેવાં !

હુકમથી કારમી કેવી કસોટી થાય જીવનમાં,
હૃદય પ્રત્યક્ષ પરખાતાં, હરખ ના માય છે દિલમાં.

હુકમમાં મેં હૃદયમાં શાં કર્યાં સદ્‌ગુરુ દર્શન છે !
હૃદય દર્શન પ્રતાપે તે જીવન રૂડું ટકાયું છે.

હરિઃૐ

## હુકમનું આચમન કરીને

હુકમ, દિલબરની દુહાઈતણો રણકાર જીવતો છે,
હુકમ, ભેટી જ પડવાનો ખરેખર ઓરિયો શો છે !

હુકમના ભાવના તાને ભયંકરમાં ભયંકર તે
-વિકટમાંહી વિકટ વિઘ્ન કહીં હડસેલી મેલ્યાં છે !


હુકમથી સાબદા કેવા જીવનવર્તન વિશે હૃદયે
-રસાયેલા રખાવે જે ચરણ આસક્ત રસથી તે !

હુકમથી ભક્તિમાં રસબસ જીવન કેવું થયેલું તે !
હુકમનું આચમન કરીને જીવનતૃષા છિપાવી છે.

હરિઃૐ

# ખંડ - ૭

## પ્રાર્થના



ગુણ વિના કશા કર્મે યશ ના મેળવી શકો,
ગુણો જેવા હશે, તેવું કર્મે ત્યાં ઊતરી શકો.

હરિ:ૐ

## હૃદય ત્યાં ચેતવેલો શો !

જીવનના સાવ અંધારા શું ખરબચડા પથે મુજને
-ચલવવા હામ પ્રેરી તેં કૃપા તે તારી કેવી છે !

પ્રસારી તેજની કેવી દીપિકાઓ **हरि** મુજ પથ !
શક્યો તેથી હું નીરખી સૌ પડેલાં ઝાંખરાં કંટક.

સતત અજવાળતો રાખ્યો નર્યો અંધારથી પથ જે,
કૃપાની ભવ્ય બલિહારીતણો અનુભવ થયેલો તે.

છતાં કેવો ઘણી વાર જઈ અંજાઈ પૂરેપૂરો
-હું અટવાઈ પડ્યો છું જ્યાં હૃદય ત્યાં ચેતવેલો શો !

હરિઃૐ

# પથે કેવો ધપાવ્યો છે !

દઈ ઉત્સાહ તેં મુજને હૃદય પોરો ચઢાવ્યો છે,
મને શો થાબડીને તેં ફરી બેઠો કરેલો છે !

નજર પણ પૂગતી નહોતી, ન મન જ્યાં માંકડી માંડે,
ન જ્યાં હિંમત કશી ચાલે પથે તે લાવી મૂક્યો છે.

શરૂમાં દિલ ખચકાતું, ન ડગ ભરવા જ ચાહતું તું,
મથામણ શી કરાવીને પથે કેવો ધપાવ્યો છે !

હૃદયના ભાવની પાંખે પથે **આ** ઊડવા કાજે,
મને તેં શીખવ્યાં સાધન કર્યાથી ભાવ ઊગ્યો છે.

હૃદયના ભાવ એવાનો લીધા ઉપયોગ કીધો છે,
પથે ઉપયોગ લીધાથી ઊંડે શો ભાવ ઊતર્યો છે !

હરિઃૐ

## ભગીરથ શાં કર્યાં સાધન !

જીવન આધાર સર્વસ્વ પ્રભુ, મારો તું એક જ છે,
લૂલા ને પાંગળા **જીવ**ને જીવન આશ્રય તું મોટો છે.

ભૂલેલાંને તું ઠેકાણે ખરેખર પાડનારો છે,
જહીં તહીં શો હું ભટકેલો ! હવે દે સાન એવાને.

ભૂલો કરનારને ભારે ચરણમાં આવવા તું દે,
સ્મરણ આદિના સાધનથી મથ્યો છું હું રીઝવવાને.

કરી કરી પ્રાર્થના દિલથી હૃદય પ્રગટાવવા તુજને,
ભગીરથ શાં કર્યાં સાધન ! સમર્થ તું બચવવા છે.

હરિઃૐ

# **हरि** યાદી ઝબકતી છે

શરણ તારે પડેલાને ન અધવચ તું મૂકી દે છે,
છતાં અવરોધ શા વચ્ચે શું ઉદ્‌ભવીને જ મૂંઝવે છે.

થતી મૂંઝવણથી ઊગરવા રહ્યા કરતું જ ચિંતવન છે,
કહીંકથી ચિંતવને ફૂટી તું એકાએક રણકે છે !

પછીથી એકલી માત્ર **हरि** યાદી ઝબકતી છે,
**हरि**ની મસ્ત યાદીમાં ઝબોળાતાં હૃદયમન છે.

ન અવરોધ, ન મૂંઝવણ કૈં, ન ચિંતવન પણ કશુંયે છે,
બધુંય અદૃશ્ય ક્યાંનું ક્યાં થઈ, મેળે જતું રહે છે.

હરિઃૐ

## તને પોકાર પાડ્યો છે

ગહન અનિવાર્યતા ઊંડી પ્રવેશી શો મૂંઝવિયો છે !
સકંચે ભીંસમાં લઈને ભયંકર ખૂબ તાવ્યો છે.

તવાવામાં હૃદય ત્યારે હૃદયના આર્ત ને આર્દ્ર
-નીકળતા ડૂંટીના નાદે, તને પોકાર પાડ્યો છે.

કંઈક દુર્ભાગી પળ ભાંગી પડાયે એવી આવી છે,
હૃદય દેનાર આશ્વાસન ન તુજ વિના અવર કો છે.

ટકાવી રાખનાર જ તું ઊભો કરનાર પણ તું છે,
જીવનમાં ઓથ ને હૂંફ તું શો પ્રગટાવનારો છે !

હરિઃૐ

# બહુ બાથોડિયાં માર્યાં

બહુ બાથોડિયાં માર્યાં શું જાણ્યા દાવ ફેંક્યા છે !
વિજય દેખું નજીકમાં હું તહીં પાછું પડાતું છે.

જહીં મુજ આવતો આરો નિહાળું છું હરખભેર,
તહીં શું આભ ફાટીને જઉં ફેંકાઈ શો દૂર !

પ્રભુ, ત્યાંયે સ્મરી સ્મરીને તને તે તે નિવેદીને
-ફરી પાછો ઊઠી, બેઠો થઈ, પથ ડગ ભરેલાં છે.

અનંતાનંત એ રીતે પડાતાં ને ચલાતાંયે
-શી ગેબી તુજ મદદ નિશ્ચે મને દિલમાં મળેલી છે !

હરિઃૐ

## ન તુજથી છાનું રાખ્યું છે

નિખાલસ દિલથી તુજને બધું મુજ સંભળાવ્યું છે,
જીવનનું આડુંઅવળુંયે ન તુજથી છાનું રાખ્યું છે.

કહ્યા વિના રજેરજ સૌ તને મુજથી ન રે'વાયે,
કહી દીધા વિના તુજને પડે ના ચેન દિલ ક્યાંયે.

નિવેદન દિલ સમર્પણની જીવનની તે હકીકતમાં
-પ્રગટતાં ભાવ દિલનો ત્યાં, હકીકત તે હકીકત ના.

જીવન પડતાં જ આખડતાં તને પકડ્યો હૃદય સજ્જડ
-શું અપરંપાર શો માર પડ્યો તોયે, ન છોડ્યો છે !

હરિઃૐ

# પ્રબળ અસહાયતા ભીંસે

બધે ચોમેરથી કેવી પ્રબળ અસહાયતા ભીંસે,
બન્યો શો સાવ નોધારો કશે રસ્તો ન સૂઝ્યો છે !

હવે તો એકલો માત્ર હૃદયથી પ્રાર્થનાકેરો
-રહેલો યોગ્ય ઉપાય લીધા મેં તો કરેલો શો !

અહંકાર થઈ શૂન્ય પૂરો તે ઓગળી પૂર્ણ,
તહીં શી પ્રાર્થના પામે પૂરી શી યોગ્યતા દિલ !

કંઈ વાગે ન ગજ જ્યારે, હૃદયથી પ્રાર્થનાનો તે
-સહારો કેટલી વારે લીધા મેં તો કરેલો છે !

હરિઃૐ

# ચરણ ભીંજવ્યાં કરેલાં છે

ચઢે જો તું ન મુજ વહારે, અવર પછી કોણ તે ચઢશે ?
મને જેમાં અને તેમાં સહારો માત્ર તારો છે.

જરૂર વિના કદી ના હું તને પોકાર પાડું તે,
ન નાખ્યા મુજ પહોંચે છે, તને બોલાવતો મદદે.

નયનનાં આંસુ પાડીને ચરણ ભીંજવ્યાં કરેલાં છે,
ન આરો તોય આવ્યો છે, છતાં પીછો ન છોડ્યો છે.

દશા નિઃસહાય કેવી છે ! થયો બેહાલ પૂરો જે,
પરંતુ આશ્રયે ચરણે પડેલો, બાળ તુજ તે છે.

કશાથી હારી તે જાય ન ઢીલો સાવ પોચો છે,
પહોંચાડ્યા વિના છૂટકો થવાનો તુજ નથી ક્યાંયે.

હરિઃૐ

## મથંતાને મદદ તું દે

ભલે જેવું થવું હોય બનતું જે તેમ છો મુજ તે,
પડાયે છેક છો નીચે તને ત્યાં પકડી લીધો છે.

મને પડતા રવડતાને ગમે તેવું થતાં તોયે,
તને દિલથી જરા સરખો થવા દઉં અળગો ના સહેજે.

પકડી પકડી હૃદય સાથે મથાતું જકડી લેવાને,
છતાં તોયે કઈ રીતે તું છટકી જાય કરથી તે.

પરંતુ હાથ પગ દીધા પ્રયત્ન નેક કરવાને,
પછી ચિંતા ફિકર શી છે ! સધાયે ના શું યત્ને તે !

વળી દિલ એક આશ્વાસન મથંતાને મદદ તું દે,
કૃપા આશ્રય મથંતાને મળ્યા કરશે જ નિશ્ચય છે.

હરિઃૐ

# હૃદય સહકાર પ્રગટ્યો છે

અમારી તો જીવનમાં કંઈ કશી ગુંજાશ તે ના છે,
પ્રભુ તુજ એકલાની તે બધી શક્તિ ખરેખર છે.

વગર હિસાબનાં કેવાં રમકડાં સાવ ક્ષુલ્લક તે !
કરાવ્યું ભાન હૈયામાં શું નર્તતું જીવંતું તે !

બધી રીતે જીવનમાં તેં અનુભવ તો કરાવ્યો છે,
મતિને ઠામ બેસાડી પૂરી ભક્તિથી રંગીને.

મતિ ને પ્રાણ ઉભયનો હૃદય સહકાર પ્રગટ્યો છે,
હવે તેથી જીવનયજ્ઞ ખરેખર પ્રજ્વળે છે તે.

હરિઃૐ

## હૃદયનો આર્તનાદ

હૃદયથી ચાહી ચાહીને સતત તુજ રાહ નીરખીને
-દિવસ કપરા વીતવવાના, અમારે ભાગ્ય આવ્યું તે.

છતાં તારાં ચરણકમળે પડી રહીને રડી રડીને
-મહામુશ્કેલીથી કેવા દિવસ સૌ ગાળવાના છે !

અમારે તેય જીવનનો શું દિવ્યાનંદ લૂંટવાનો,
રસિક લહાવાતણો દાવો ચરણ માંડ્યો અમોએ શો !

હવે ફાવે તને દિલ જો હૃદયથી ભેટવા અમને,
હૃદય ફાટી પડે વહાલે તું દોડી આવ તે રીતે.

હરિઃૐ

## પ્રભુનો ભક્ત સાચો તે

સતત જેનું જ એકાગ્રે હૃદયનું ભાન જેમાં છે,
જીવંતું શું રસીલું તે હૃદય પ્રત્યક્ષ તેને છે !

રસીલા દર્દી જીવનના વિરલ કોઈ વીરલા જે છે,
બધા જીવનને યાહોમ પૂરેપૂરું કરી દે છે.


ખપી સંપૂર્ણ જે જાય, ગળી જે જાય છે પ્રેમે,
હૃદયમાં તે હૃદયથી શા હૃદય રસને અનુભવશે !

પ્રભુ કાજે જીવે છે જે, પ્રભુ કાજે મરે છે જે,
પ્રભુપ્રીત્યર્થ કરે જે તે, પ્રભુનો ભક્ત સાચો તે.

હરિઃૐ

# ખંડ - ૮

## હવે



પર્વતતણી વચ્ચેયે છોડ શો ફૂટી નીકળે !
વજ્ર શી કઠણાઈમાં પોતે શો ઊગી ફૂટતો !

હરિઃૐ

# જીવનનો યજ્ઞ ચાલે છે

જીવનની ઘોર નિદ્રાથી કર્યું શું જગાડવાનું તેં !
હવે તે પ્રક્રિયાકેરો જીવનનો યજ્ઞ ચાલે છે.

સડેડાટ જ પથે કેવો સતત તે ચાલવાકેરો
-હૃદય પાનો ચઢેલો જે જણાએ સુરતાથી શો !

હૃદય મંડાણી સુરતા છે, થયું જીવન નવું શરૂ જે,
બધા શા પ્રકૃતિ પાયા થયેલા હચમચેલા તે !

હવે તે નવજીવન વિશે પડે માત્રાનો ફેર જ છે,
કદીક ઓછું કદીક વત્તું શું એવું તોલ ચાલે છે !

હરિઃૐ

## જીવનના રસથી તરવું છે

જીવનની વિકૃતિઓ શી ! છતાં આકાંક્ષા જબ્બર છે,
જીવનને તરબતર કરીને જીવનના રસથી તરવું છે.

મરણિયો દિલનો નિશ્ચય જીવન ઊગી ગયેલો તે,
જીવનને ધ્યેયને ભાવે શું વર્તાયું બનવવાને !

સતત શા ભાવવર્તનથી નિરંતરની દશા જ્યારે
–અખંડાકાર વર્તીને નૂતન દર્શન કરાવ્યું છે !

હવે તેવાં જીવનનાં શાં અભિનવ તે થયાં દર્શન !
જીવનના ધન્ય જીવવાની લહેજત ઓર મહાલી છે.

હરિઃૐ

# ઝલક તારી નીરખવાને

કદી માથાં કૂટેલાં છે, રડી રાતો વિતાવી છે,
વળી ઝોકું ન ખાધું છે, ઝલક તારી નીરખવાને.

નયન છલકાઈ વહેતાં છે, તલસતું રાહ નીરખીને,
હૃદય સ્પંદંતું કેવું છે, ઝલક તારી નીરખવાને.

કરણ ઇંદ્રિયની યમુના ગતિ ઊલટી થયેલી છે,
છતાં નૂપુરઝંકાર ન કાં તે સંભળાયે છે ?

હૃદય તુજ રાહમાં શ્વાસ નિરાંતે લઈ ન શકતું છે,
હૃદયની રાહ ચિંતવનનો રસાનંદ શું અનેરો છે !

હરિઃૐ

## જીવનની મરામત

મરામત કેટલી કેવી જીવનની તો કરેલી છે !
છતાં ના પાર આવ્યો છે, મરામત બાકી શી રહે છે !

સતત સ્મરણાદિ સાધનને કર્યા કરવાથી શાં હૃદયે !
**हरि**રસ ભાવ ભક્તિ શી ઊછળતી દિલ ઊગી છે !

હૃદય એ ભાવ ભક્તિથી થતું અંકિત ગયું જે જે
-બધે તે સ્પર્શના યોગે થયા છે ફેરફારો તે.

પુરુષાર્થે થયું ના જે, થતાં પુરુષાર્થ ભક્તિનો,
મરામત સર્વની જે તે પૂરેપૂરી થઈ ગઈ છે.

હરિઃૐ

# हरिरसમાં જ આરો છે

અમારે જંપવા વારો હવે આવ્યો જીવનમાં તે,
**हरि**રસથી છકેલાને **हरि**રસમાં જ આરો છે.

અમારે તો બધે જ્યાં ત્યાં જીવનમાં રસ **हरि**નો છે,
**हरि**નાં પદકમળકેરું રસામૃત કેવું ધન્ય જ તે !

જીવનનાં કેટલાં પાસાં, જુદા જુદા તબક્કા છે !
જુદી જુદી ભૂમિકામાં **हरि**રસ માત્ર શ્રેષ્ઠ જ છે.

**हरि**રસના ભર્યા છંદે હૃદય ઘેઘૂર ઘેલા તે
-**हरि**ની ઘેલછા વ્યસને ચકચૂર ખરેખર છે.

હરિ:ૐ

# ચરણરસ ચાખી તે શકશે

હવે મરવાનું જીવનમાં અમારે ક્યાંય ના તે છે,
**હરિ**રસના છકેલાને શી જીવવામાં જ મસ્તી છે !

નફોતોટો જીવનમાં ના અમારે કોઈ રીતે છે,
**હરિ**રસની કમાણીની શી ઉન્મત્ત એ જ લહાણી છે !

ચરણનો ભક્ત સાચો જે ચરણરસ ચાખી તે શકશે,
ચરણરસને અનુભવતાં વ્યસન **હરિ**નું જ લાગે છે.

વ્યસન જેને **હરિ**નું તે હૃદય લાગી ગયેલું છે,
જીવનમાં તે અમર પૂર્ણ થયેલા સાવ નિશ્ચિત તે.

હરિ:ૐ

## ખજાનો શો મળેલો છે !

જીવનમાં જે મળેલું છે બધું વપરાઈ જતાંયે તે
-કદી ના ખૂટવાનું છે, ખજાનો શો મળેલો છે !

અખૂટ ને તે અમર કેવો બધે ભરપૂર ભરેલો છે !
અનુભવમાં પિછાણ્યો છે, છતાં કોઈ ન જાણે છે.

પૂરી તેની બધી જાણ અમોને એકલાને છે,
બધાંને છો કહી દઈએ છતાં લૂંટી શકે ના તે.

વળી ઉપયોગમાં આવે અમોને એકલાને તે,
છતાં ના જાણમાં આવે જીવનમાં કોઈ બીજાને.

હરિ:ૐ

# પ્રસાદી શી મળેલી છે !

હૃદયના પ્રેમ મહોબતથી ભર્યું ભર્યું મસ્ત જીવવાની
-મજા એવા જીવનની તે પ્રસાદી શી મળેલી છે !

હૃદયની ભાવ મસ્તીની ચઢે ભરતી જીવનમાં તે
-કિનારા પાર ઓળંગી કહીં કહીં દૂર સ્પર્શે છે.

જહીં જહીં સ્પર્શ લાગે છે ભૂમિકાને ભીની કરી દે,
બધે અસ્તિત્વના ડંકા વગાડી શી છતી થાયે !

જીવન આધારનાં અંગો બધાંને એ કબુલાવે,
હકૂમત હાજરી નિજની બધાં પર તે બજાવે છે.

હરિઃૐ

# બિરાદરીના અમે બંદા !

બિરાદરી ભાવની હૃદયે જીવનમાં લાગી છે અમને,
બિરાદરીની વફાદારી સમર્પાવે જ હર્ષે તે.

બિરાદરીથી જીવનમાં શી સહાનુભૂતિ જીવંતી,
જીવંતાં પ્રેરણા, ઉષ્મા, અનન્ય ભાવ જાગ્યાં છે.

જીવન ખીલ્યા જ કરવાની બિરાદરી ભાવના તે તે
-જીવનમાં આચરાતાં શી કળા ચાવી મળેલાં છે.

જીવનમાં સદ્‌ગુરુએ શી બિરાદરી ખીલવેલી છે,
બિરાદરીના અમે બંદા જીવનના શા થયેલા તે !

હરિ:ૐ

# જીવન ચાલુ થયેલી છે !

અમારે તો જીવનમાં તુજ સ્મરણ ભક્તિથી નાહવું છે,
પ્રક્રિયા શી નિરંતરની જીવન ચાલુ થયેલી છે !

અસંતોષ હજી દિલનો છતાં તોયે વળ્યો ના છે,
હૃદય શો બાળી બાળીને કરી દેખાય કેવો તે !

મળેલાંથી જ સંતોષ હૃદયમાં ના વળેલો છે,
વધુ દિલ એ જ મેળવવા હજી ફાંફાં જ મારે છે.

ભૂલ્યો, ફાંફાં ન તે, સાચી તપશ્ચર્યા હૃદયની છે,
સતત તુજ રાહમાં દિવસ વીતવવા, ભાગ્ય અદ્‌ભુત છે !

હરિઃૐ

## હૃદય વિશ્વાસ ઊગ્યો છે !

જીવનમાં ભાવ સરવાણી સતત અભ્યાસને લીધે,
જીવનમાં ફૂટી નીકળીને મને આધાર બક્ષ્યો છે.

હવે નિશ્ચિંતતા પાકી હૃદય ધરપત વળેલી કે
-મહામુશ્કેલ વિઘ્નોનો થવાનો સામનો નિશ્ચે.

કદીક ધારો, પડાયું જ્યાં, 'મને ઉઠાડનારું છે
-જરૂર કોઈક', શું દિલ એવો હૃદય વિશ્વાસ ઊગ્યો છે !

પતન એનું બહુ વાર જીવનમાં શું થયેલું છે !
જગાડી દિલ તે ભાન હૃદય ચેતાવી મથવ્યો છે.

હરિઃૐ

# હૃદય સંન્યાસીપદ સાચું

વિચાર, વૃત્તિ, સંકલ્પતણો સંન્યાસ શો પૂર્ણ !
કૃપાથી તે થયાથી તો શું સંન્યાસી થવાયું છે !

હૃદય સંન્યાસીપદ સાચું પમાયાથી જીવન વિશે,
**हरि**પદ ભક્તિ લાગી જે અનુપમ રંગવાળી તે.

પૂરી તે **જીવ**દશાકેરી સ્મરણાદિની ભક્તિ જે,
વ્યસનની ભક્તિની આગળ સમૂળી તુચ્છ કેવી તે !

**हरि**પદમાં સૂઈ જઈને, **हरि**પદમાં લપાઈને,
**हरि**પદમાં સમાઈને, જુદી જુદી ભક્તિ કીધી છે.

હરિઃૐ

# રહેલો ગૂઢ અંતર છે

કશો આધાર કોઈનો જીવનમાં ના અમારે છે,
છતાં આધાર સંપૂર્ણ રહેલો ગૂઢ અંતર છે.

અમે શા મસ્ત હૈયે તે છીએ આધાર પર સતતે !
વીલો પળ પણ થતો ના તે, હૃદયની મૈત્રી એવી છે.

જીવનમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જુગલજોડી હૃદયમાં છે,
શી મૂર્તિમંત સાક્ષાત્ ખબર ના કોઈને તે છે !

હૃદયમાં સાથનો સાથ ધણી ધીંગો જીવનનો જે,
નયનના પ્રેમ લટકાના છીએ જીવતા ઈશારે તે.

હરિ:ૐ

# હૃદય રઢ લાગી ઉત્કટ છે

બહુ રીતે બધી રીતે જીવનને તો ગુમાવ્યું છે,
થતાં તે ભાન ઉત્કટ જ્યાં હૃદયમાં ડંખ લાગ્યો છે.

અને તે ડંખ લાગ્યાથી વળાયું પાછું સમજીને,
હવે જીવન નવા વિશે હૃદય રઢ લાગી ઉત્કટ છે.

હૃદય રઢ લાગવાથી તો ચરણ આસક્તિ લાગી છે,
હૃદય આસક્તિ લાગ્યાથી **હરિ**માં ચિત્ત લાગ્યું છે.

જીવનમાં તો હવે માત્ર રસિક વહાલો અમારે છે,
બધાયે રસ **હરિ**ચરણે અમે પ્રેમે મૂકેલા છે.

હરિઃૐ

# જીવનરસ તો હરિરસ છે

પ્રભુ, તારાં ચરણકમળો અમારું એ જ જીવન છે,
**હરિ**પદને થવા લાયક જીવન દિલ આહુતિ શી છે !

હૃદયની ભાવની દુનિયાતણો કોઈ રંગ ન્યારો છે !
રસીલા ભક્ત તે માત્ર જીવનરસ મહાલી જાણે છે.

**હરિ**રસ શો છલોછલ તે છવાઈયે રહેલો છે !
કરી દે છે બધું રસબસ અહા ! અલમસ્ત જીવન તે.

જીવનરસ તો **હરિ**રસ છે, **હરિ**રસ મહાલવા કાજે
-પ્રસાદીનું મળેલું છે જીવન **આ** શું લીલામય તે !

હરિઃૐ

# અમે વેપારી જીવનના

**हरि**રસમાં **हरि**રસમાં અમારું જીવવાનું જે,
અમોને એકલાને શી ખબર **एनी** પડેલી છે !

જીવન મિલકત અમારી જે ખજાનો અવનવો જે છે,
અમોને એકલાને તે ખરેખર માત્ર ખપનો છે.

અમે વેપારી જીવનના, અમે પોતાની જાતે તે
-રળીને, તે અમારા તો જીવનમાં માત્ર વપરાયે.

ભલે વપરાઈ તે જાય પૂરેપૂરી, છતાંયે એ
-કદી ખૂટતી ન લાગે છે, ભર્યો ભંડાર એવો છે.

હરિઃૐ

# કશીયે ઝંખના ના છે

હવે જીવવા વિશે કેવો હૃદય આહ્લાદ આનંદ,
ભરતી મોજાંની જેવો શો બધે વ્યાપેલ ભરપૂર.

કશી આશા ન ઇચ્છા છે, કશીયે ઝંખના ના છે,
બધું ફળવાનું, તે સઘળું ફળ્યા કેવું કરેલું છે !

જીવનની સૂક્ષ્મ હિકમત જે અનુભવથી પમાઈ છે,
કળા જીવનની જીવવાની કૃપાથી શી મળેલી છે !

ચરણનું તે લગોલગનું સૂઈ રહેવાનું નિરાંતે,
અમૃત આનંદથીયે તે અધિક કેવું રસીલું છે !

હરિઃૐ

# જરૂરનું સર્વ તું દે છે

બધીયે જિંદગાનીના જુદા જુદા તબક્કામાં,
રળ્યો જે જે હૃદયભાવે સહુ મૂકી દીધું પદમાં.

સતત ખાલી અને ખાલી પૂરેપૂરું રહેવાનું,
જીવન સદ્‌ભાગ્ય કે એવું મળેલું છે જીવન જીવવું.

બધું જે જે થવાનું તે ઊગે છે આપમેળેયે,
કશી પંચાત કો રીતે અમારે ના રહે છે તે.

મળ્યા કરતું બધું રહે છે, પડે છે માગવું ના તે,
કશી વાતે ન ભીડ કૈં છે, જરૂરનું સર્વ તું દે છે.

હરિઃૐ

# જીવનનું માત્ર તે કર્મ

બધી બાંયધરી તુજને જીવનની તો સમર્પી છે,
ન લેવા કે ન દેવા છે, અમારે તે વિશે સહેજે.

કશીયે આળપંપાળ અમારે મુદ્દલે ના છે,
બધી ચિંતા ફિકર મુજ તે તમારે શિર સઘળી છે.

અનન્ય ભાવથી ચિંતવન કર્યા કરવાનું છે સતતે,
જીવનનું માત્ર તે કર્મ અમારું શું રહેલું છે !

હૃદય ઉપાસના ભક્તિ થકી સંધાયેલું દિલ છે,
અમારું ક્ષેમ કલ્યાણ હવે તુજ હાથમાં તે છે.

હરિ:ૐ

# હવે બસ એક નિસ્બત છે

અમારે માપવાનું ના જીવનમાં કોઈનેયે છે,
અમારે તોળવાનુંયે ન કોઈને જીવનમાં છે.

અમોને માપતાં સૌ કો, અમોને તોળતાં શાં તે !
અમોને તે છતાં નિસ્બત જીવનમાં તે વિશે ના છે.

અમોને સર્વ બાબતની હવે બસ એક નિસ્બત છે,
**हरि**ની લગનની ભક્તિતણી નિસ્બત અનેરી છે !

અમોને ભક્તિની ડગલી **हरि**એ તો કૃપાથી તે,
શી જુક્તિથી કરીને તે પહેરાવી દીધેલી છે !

હરિ:ૐ

# हरि ખેલી રહ્યો શો છે !

હૃદય જીવવાની, મરવાની હવે ઇચ્છા રહી ના છે,
હવે તો એકલું માત્ર રહ્યું ચિંતવન **हरि**નું તે.

અમોને તે **हरि** વહાલો ઉભય, જીવન વિશે તે છે,
વિના તે ના કશું બીજું જીવન અસ્તિત્વ ક્યાંયે છે.

હૃદયમાં જીવતો રાખી શું મૂકવા દિલ જોડ્યું છે !
હવે શો દિલ સંગાથે **हरि** રસબસ થયેલો છે !

રમતમાં ને રમતમાં તે અનંતાનંત ખેલે છે,
રસીલી શી લીલા અદ્‌ભુત **हरि** ખેલી રહ્યો શો છે !

હરિ:ૐ

# હૃદયની પ્રીતિ માંડી છે

હૃદય જ્યાં જંપવા વારો જહીં આવ્યો જણાયો છે,
પડ્યો જ્યાં ઠામઠેકાણે તહીં તૂત બીજું જાગ્યું છે.

અમારે તો લગન ભક્તિ વિશે મશગૂલ ઠરવું છે,
વિના તે ના કશા વિશે પરોવાનું ન દિલને છે.

ચરણકમળે **હરિ**કેરા હૃદયની પ્રીતિ માંડી છે,
હૃદય પ્રીતિની ભક્તિનું વ્યસન લાગેલ મસ્તી છે.

અમારે ને **હરિ** સાથે હવે છેટું રહ્યું ના છે,
છતાં તોયે ગમે હૃદયે અમે **હરિ** શા ઉભય છીએ !

હરિઃૐ

# જીવન સામ્રાજ્ય પ્યારું છે

અમારી જિંદગાનીનું સમૂળું સર્વ રળતર તે
-તને સોંપી દઈ, જીવન શું ખાલીખમ થયેલું છે !

હવે મિલકત મળેલી છે, ન તોલે તેની કૈં આવે,
જગતની બાદશાહી સૌ ન કૈં હિસાબની ત્યાં છે,


પ્રભુનાં પદકમળકેરી મળેલી બાદશાહી તે,
ભિખારીની જબરજસ્ત રળેલી મૂડી ભવ્ય જ તે.

અમારું તો ચરણકમળે બધું જે તે સમાયું છે,
ચરણ એ જ અમારું તે જીવન સામ્રાજ્ય પ્યારું છે.

હરિઃૐ

# ખંડ - ૯

# 'જીવદશાના વમળમાં-'



તમારા એકલા માટે જીવવું તે નિરર્થક,
જીવવું જે બધાં માટે જીવવું પૂર્ણ સાર્થક.

હરિઃૐ

# કૃપા ઓચિંતી શી ફૂટતાં

જીવનમાં કેટલી વાર જીવન દિશા ચૂકેલો છું !
ગમે ત્યાં રખડી રખડી શું બગાડી સર્વ નાખ્યું'તું !

જીવન વેરાન ને ઉજ્જડ સૂકુંભઠ તે થયેલું છે,
કૃપા ઓચિંતી શું ફૂટતાં નયન જોતો કરાવ્યો છે !

નીરખતાં હાલહેવાલ નરાતાર અધમ રીતના,
છળી કેવો ઊઠેલો તે પતિત જન જાણતો દિલમાં !

શરણ ઢળવા ચરણ પ્રેમે સ્મરણથી બુદ્ધિ જાગી છે,
ચરણ આળોટી આળોટી સ્તવી સ્તવી લક્ષ્ય પ્રીછ્યું છે.

જીવનમાં કેટલો કેવો ફૂલણજી થૈ ફરેલો છું,
સ્મરણમાં દિલ લાગ્યાથી શિકલ બદલાઈ કેવી તે !

હરિઃૐ

# કરુણા વર્ષી જ્યાં તુજ છે

જીવનમાં શી શી લાચારી અનેકે વાર પ્રગટીને,
ગળાબૂડ ડુબાડીને મને બેહોશ બનવ્યો છે.

મતિ મુજ સાવ સંપૂર્ણ બહેર મારી શી ગઈ છે !
જરીક સરખુંય વિચારી શકે ના, એવી શી થઈ છે !

હૃદયથી પ્રાર્થનાની ના જરા પણ સૂઝ જીવતી છે,
શું રોડાંની સમું જડ તે પૂરેપૂરું થવાયું છે !

પ્રભુ એવે સમય કેવી કરુણા વર્ષી જ્યાં તુજ છે,
હૃદયમાં જાગૃતિ પૂર્ણ જગાડી કેવી દીધી છે !

હરિઃૐ

# સ્મરણનું ભાન પણ ના રહે

નકામા ને નકામા તે વિચારો પ્રગટીને મુજને
-પરેશાન કરી મૂકે, ન કેડો તોય મૂકે છે.

કંઈક સંસારની વૃત્તિ ચઢાવી દે શું ચગડોળે !
હું ડામાડોળ થઈ જઉં, સ્મરણનું ભાન પણ ના રહે.

બધી સંસાર ઘટમાળ નરી વાહિયાત જેવી છે,
છતાં શું જોર એનું છે, ન યત્નેયે છુટાતું છે.

સ્મરણ ને પ્રાર્થના ત્યારે લળી ભાવે કર્યા કરીને
-વીનવતાં તુજને કેવો, ફરક પડતો જણાયો છે !

હરિ:ૐ

# શરણ તારે પડ્યો તોયે

શરણ તારે પડ્યો તોયે સરતચૂકથી ઊંધે પાટે
–ચઢી કેવું જવાયું છે, શરમની શી હકીકત તે !

શરમ કેવી ચઢી આવી ! શી મુખ કાળાશ છાઈ છે !
મનાદિ ઇંદ્રિયોમાં તે નરી શી મંદતા થઈ છે.

જીવનપથમાં જવા આગળ કશી ના ઝંખના રહે છે,
પૂરું મડદાલ જીવનમાં શું જીવવાનું થયેલું છે !

છતાં દિલ આંચકો ઉગ્ર કશો ઓચિંતો લાગ્યો છે,
અને પથમાં ફરી મુજને ચલવતો પાછો કીધો છે.

હરિઃૐ

# ચરણમાં પ્રીત ચોંટી છે

અનાચારો જીવનમાં શા ભૂલોથી આચરાયા છે !
સમજ તેં એની પાડી જ્યાં હૃદય ચેતી જવાયું છે.

સફાળો એકદમ કેવો શું ઓચિંતો જ ઝબકીને !
કરી દઈ પીઠ તે સામે ઊંધું ઘાલી જ નાઠો છું.

સ્વરૂપ કાદવનું નિરખાયું, રહમ મારી પરે કરીને,
જુગુપ્સા શી ભયંકર તે હૃદય ઉપજાવી તે પર છે !

વળાયું પાછું તેથી તો હૃદય અચરજ ખરેખર તે,
કૃપા તેવી પમાયાથી ચરણમાં પ્રીત ચોંટી છે.

હરિઃૐ

# મરણિયા દિલ નિશ્ચયથી

શરમ ને લાજથી નરદમ નીચું મોઢું વળેલું છે,
ઊંચું જોવા ન હિંમત છે, શરમના શેરડા શા તે !

છતાં એવે સમય મેં તો સ્મરણ લીધા કરેલું છે,
સ્મરણ બુલંદ નાદેથી કર્યા કર્યું પ્રાર્થનાભાવે.

જીવનનું સઘળુંયે તે તે ચરણ નિવેદી દીધું છે,
હૃદય ખાલી થઈ **एने** હૃદય વરવા ચહેલું છે.

મરણિયા દિલ નિશ્ચયથી થતાં સાધન રહે હૃદયે,
ખરેખર ભાવ શો તેમાં ઊગી શી શક્તિ પ્રેરાવે !

હરિઃૐ

## જીવનયજ્ઞ

**हरि**ની યાદગીરીમાં **हरि**પદ ભાવથી સ્તવીને
-કરી દિલમાં કમાણી જે, જીવન મેળવવું પાછું છે.

બધી જે નિમ્ન વૃત્તિઓ ઊભરતી ઊઠતી રહી છે,
ચરણકમળે સમર્પાતી હૃદયથી પ્રાર્થના કરીને.


સ્ફુરંતી વૃત્તિ પ્રત્યેક સતત તે આહુતિ યજ્ઞે
-વિચાર લાગણીને તે સ્તવી હોમ્યા જ કીધી છે.

અનાદિથી જીવનયજ્ઞ અનુભવવા પ્રભુ કાજે,
પ્રભુનાથી મળેલો તે થવા કૃતાર્થ જીવનને.

હરિઃૐ

# ખંડ - ૧૦

## સ્વજનને



ખાલી ધમપછાડા તે માર્યે વળે જ ના કશું,
ખરેખરી કસ્યા વિના કમર, ના કશું થતું.

હરિઃૐ

# જીવનનો રંગ ભક્તિનો

તમે જાતે મળેલાં છો, વગર કીધે પધાર્યાં છો,
કહ્યા વિના ગયાં ચાલી તમે પીઠ ફેરવી દઈને.

જીવનના ચેનચાળાયે અમે તો જોઈ લીધા છે,
મળ્યા તોયે રહી અળગા જીવનના ખેલ નીરખ્યા છે.

જુદી જુદી જીવનરંગત પૂરી મહાલ્યા બધી રીતે,
છતાં દિલ ના જ રંગાયા, હૃદય રંગાયેલા શા જે !

જીવનનો રંગ ભક્તિનો **હરિ**પદના વ્યસનથી જે,
જીવનમાં લાગી નસ નસમાં રગેરગ મસ્ત પ્રસર્યો છે !

અવર જીવનતણા રસનાં ભલે લોભામણાં લટકાં,
જીવન **રસીલા**તણાં લટકાંની આગળ તુચ્છ તે સઘળાં.

હરિઃૐ

## જીવન શો તરફડાટ જ છે !

જીવન શો તરફડાટ જ છે ! વળી શેને લીધે તે છે ?
ઊંડું ઊંડું વિચારીને તમે તે ખોળી કાઢોને !

'હૃદય નિશ્ચિંતતા પૂરી, જીવનમાં સ્વસ્થતા, શાંતિ,
હૃદય શાતા, પૂરી સમતા, જીવનમાં, કેળવાવાને.'

ઊગેલી જે સમજ, તેને જીવન વ્યવહારમાં નિત્યે,
પ્રસંગોમાં સઘન ભાવે થયું છે વર્તવાનું તે.

મળેલાં સૌ સ્વજનને **આ** જીવનમાં જેમ વર્તાયું,
જણાવી તેમ દીધું છે, સમજવાનું પૂરેપૂરું.

હરિઃૐ

## જીવન ઉકળાટ શેનો છે ?

તમારે ને અમારે તે જીવન ઉકળાટ શેનો છે ?
અમે કારણ જો આપ્યું હો, પૂરું લ્યોને તપાસી તે.

અમે દોષિત થયેલા તે પૂરા પુરવાર જો થઈશું,
તમારી પાસથી શિક્ષા પૂરી શી માગી, તે સહીશું !

હૃદય સંબંધ જીવનનો જીવંતો જીવવા દિલ છે,
સ્વજન જો, એટલુંયે શું જતું કરી ના શકો શેને !

અમારાં તો થયેલાં છે કંઈક વારેય શાં ખૂન તે !
અમે ભૂલથી ન સ્વપ્નેયે તમારા દોષ નીરખ્યા છે.

હરિઃૐ

# અમોને જીવવા દેજો

'અમોને જીવવા દેજો તમારા દિલમાં પ્રેમે',
ગરીબડા દિલની ઊંડી સ્વજનને પ્રાર્થના તે છે.

પ્રવેશી અંતરે ઊંડે ઊંડે ને શું વળી ઊંડે !
તહીં જે કર્મ કરવું છે, સરળતા ત્યાં ન અમને છે.

તમારા બારણામાંથી શું ધક્કા ખાઈ ખાઈને,
અમારે કેટલી વાર પડ્યા કરવાનું પાછું છે !

નથી બોલાવિયાં તમને, ન આમંત્રણ દીધેલું છે,
નિમિત્તે જો પધાર્યાં છો, પછી ફરિયાદ શેની છે ?

જબરજસ્તી અમારી ના, હૃદયની કાકલૂદી છે,
કંઈક લેવા જ દો ભાગ તમારા જીવને અમને.

હરિઃૐ

# દઈ દો દિલ બક્ષિસ તે

અમારે તો તમો સાથે જીવન ભાવે વીતવવું છે,
તમારા દિલની મહોબતતણો ખપ શો અમોને છે !

તમારા દિલની માત્ર અમારી માગણી શી છે !
અમે શું માગી માગીને ન મોટી વાત માગી છે !

તમે સંસારને કેવું તમારું દિલ આપ્યું છે !
અમોને આપતાં તમને નડે તકલીફ શેની તે !

અમોથી દિલ વિના કામ થઈ શકવાનું તે ના છે,
લળી લળી કરગરી માગું, દઈ દો દિલ બક્ષિસ તે.

હરિ:ૐ

## જીવનમાં દિલ શું દુર્લભ છે !

ગમે તેવું થતું છોને, છતાંયે ના ઝઘડવું છે,
તમારી સાથ દિલથી ના અમારે ક્લેશ કરવો છે.

સુમેળે દિલ સદ્‌ભાવે જીવ્યા કરવું અમારે છે,
અમારે ઝૂંટવી લેવું કશું ના તમ કનેથી છે !

કશું જો ઝૂંટવી લેવું અમારે હોય, તો દિલ તે,
પરંતુ દિલ સહકાર પૂરા વિના બને ના તે.

અમારે દિલ વિનાનું સૌ બધું લૂખું જ લાગે છે,
વખા દિલના પડે કેવા ! જીવનમાં દિલ શું દુર્લભ છે !

હરિઃૐ

## અમારી માગણી एक

વિના દિલ શેં ભલીવાર કશામાંયે પ્રગટશે તે ?
જીવન જીવવું વિના દિલનું, ખરેખર સૂકું રણ તે છે.

મળે જ્યાં દિલ સંપૂર્ણ ખરેખર રસ પડે શો તે !
બધું જે તે હૃદય લાગે રસીલું વહાલું દિલથી તે.

શું મધ જેવો જ સ્વાદિષ્ટ બધો સંસાર લાગે છે !
ખરું કારણ તો તેનું કે બધું દિલ ત્યાં ભળેલું છે.

સ્વજનની પાસ છે ખાસ અમારી માગણી **एक,**
હું માગું છું સ્વજન પાસ શી દિલની દક્ષિણા માત્ર !

હરિ:ૐ

# દિલની મૈત્રી

જીવનમાં દિલ વિનાનું તે કશું ઉપયોગનું ના છે,
અમારે દિલની મૈત્રી મળ્યા સાથે ઝડપવી છે.

મળેલાંનું બધું દિલ અપાઈ તે ગયેલું છે,
અમારે બાચકા ભરવાતણું બાકી રહેલું છે.

પછી શી રીત જીવનમાં વિના દિલ કામ કરવું તે ?
વિના દિલ શી જીવનનિષ્ઠા કઈ રીત તો પ્રગટશે તે !

જીવનવિકાસનો માર્ગ ઊંચી શી ભાવનાનો છે !
વિના દિલ ભાવના ક્યાંથી જીવનમાં જાગવાની છે ?

હરિઃૐ

## જીવન ના શાસ્ત્રથી મળશે

જીવન, જીવન બકે સઘળાં જીવન ના કોઈ જાણે છે,
અનુભવવા જીવનને તો પડી ના કોઈનેયે છે.

જીવન ઝંપલાવવા પૂરું કરી યાહોમ દઈને તે,
શું એકદમ મારવા ભૂસકો ન કોઈની હામ ચાલે છે !

કૂદી પડવા પૂરેપૂરું ન કોઈનું દિલ ચાલે છે,
પછી વાતો જીવનની તે નકામી કરવી ફોકટ છે.

જીવન ના શાસ્ત્રથી મળશે, ન મળશે વિદ્વત્તાથી તે,
કથાવાર્તાથી ના મળશે, મળે વર્તાતાં પૂરું તે.

હરિઃૐ

# હૃદય ઉકળાટ શેનો છે ?

પરસ્પરમાં કશો ભાગ જીવન શું પાડવાનો છે ?
પછી મન દુઃખ શાને છે ? હૃદય ઉકળાટ શેનો છે ?

અજંપો આટલો શેનો તમારે દિલ જાગે છે ?
કશું જે નડતું તો તેનો નિવેડો લાવી દ્યોને તે.

સરળતાથી જીવન જીવવું, થવા ના ક્લેશ દો હૃદયે,
સદા આનંદમાં જીવજો, હૃદયથી શાંતિ ભોગવીને.

હૃદય આનંદથી જીવવું જીવન તે સાચું જીવન છે,
પ્રસન્ન જે પળેપળ છે પ્રભુને દિલ ગમે છે તે.

હરિઃૐ

# હૃદયનો ભાવસંબંધ

કુટુંબની સર્વ વ્યક્તિનો હૃદય સંબંધ કરવાને,
હૃદયના ભાવથી કેવો અમારો યત્ન ત્યાં ત્યાં છે !

હૃદયનાયે ભીતર ઊંડે વળી તેથીય તે ઊંડે,
ઊંડે તેથી પ્રવેશીને અમારે કર્મ કરવું છે.

મુલાયમતા હૃદયની તે થવા સર્જન જરૂરી જે,
સ્વજન દિલ કેવી ખોળીએ ન શોધી ક્યાંય મળતી છે.

પરંતુ એટલું બસ ના, વસાયેલાં જ કેવાં છે
-ખરેખર બારમણિયાં તે બધાં દ્વારે જ તાળાં છે !

હરિઃૐ

# हरिની પર જીવે છે જે

હૃદય આકર્ષણે ઘેલું થયેલું શું ખરેખર છે !
પરંતુ તે પરત્વેનું મનન ચિંતવન ન કાં ચાલે ?

ભલે આકર્ષણે ઘેલું, પરંતુ ભાવ દિલનો જે
-ન જો હો તે પ્રમાણેનો જરૂર વાંધો કહીંક વચ્ચે.

હૃદય સંપૂર્ણ વિશ્લેષણ થયા કરતું રહે જેને,
બધા ખચકા વળી ખટકા જીવન નડતા, જડે તેને.

ભરોંસો ધારી ધારીને **हरि**ની પર જીવે છે જે,
સદા નિશ્ચિંતતા તેને વરેલી હોય છે નિશ્ચે.

હરિઃૐ

# પ્રભુ સંભાળી ત્યાં લે છે

મળેલું કર્મ ને ધ્યેય ઉભયમાંથી કયા પ્રત્યે
-વિશેષે લક્ષ દેવામાં હૃદય ગૂંચવણ પડેલી છે ?

પરંતુ ધ્યેય ધગધગતું હૃદય સળગેલ જેને છે,
બધો ઉકેલ તેને તો કૃપાથી થઈ જતો રે' છે.

સ્મરણ ને પ્રાર્થનાદિના હૃદય અભ્યાસથી નિત્ય,
હૃદયથી દમ લગાવીને પૂરા જોશે મચેલો તે.

રહે ત્યાં એકમાં પૂર્ણ હૃદયનું લક્ષ સોંસરવું,
મળેલાં કર્મનું યોગ્ય પ્રભુ સંભાળી ત્યાં લે છે.

હરિઃૐ

# સ્વજનને પ્રાર્થના

હૃદય નિમિત્તનો હેતુ સ્વજનને પ્રાર્થના દિલ છે,
ફળવવા જીવતું લક્ષ જીવનમાં દિલ ધરાવોને !

હૃદયથી ચાહવું જે જે, હૃદયના મસ્ત ઉમળકે,
ઊછળતા ધોધના જોશે ચહ્યા કરવું અમારે છે.

હૃદયનો ભાવ તેવો તે સ્વજનના દ્વાર અંતરથી,
વળી પાછો જ નરદમ તે શું ખાલી ખાલી લાગે છે !

જીવનની શી અમારી તે હૃદય હાલત થયેલી છે !
સૂકુંભઠ સમું રણ હો જીવન તે તેવું લાગ્યું છે.

હરિઃૐ

# જીવન ઉદ્ધારવા હેતુ

હકીકત એકની એક થયેલી **જીવ**દશામાં જે,
હકીકત તે અનુભવમાં તરવવા હેતુ લક્ષ્યે છે.

હકીકત **જીવ**દશામાંની ગુલામીથી ભરેલી છે,
અનુભવની દશામાંની હકીકત તે સ્વતંત્ર જ છે.


હકીકત એકની એક ઉભયમાંહી રહેલી જે,
પ્રકાશિત હેતુ ઊંચો તે અનુભવીનો જીવંતો છે.

પ્રસંગે જો પડેલા હો અનુભવી સાથ, તો હૃદયે
-જીવન ઉદ્ધારવા હેતુ જીવંતો તે ધર્યા કરજે.

હરિઃૐ

# ખંડ - ૧૧

## ‘मोटा’



છે કરવાનું જે કર્મ તેમાં પ્રાણ પરોવીને
-પૂરું ઉતારવા પાર જેને હર્ષ અપાર છે
-તેવા માનવી શા માત્ર જીવને તે રળી શકે !
બિચારા બાકીના એવા ને એવા ગાંગડું રહે.

હરિઃ ૐ

# પ્રભુપ્રીત્યર્થ જીવન છે

જીવન નિમિત્તનું અમ છે, નિમિત્તે સૌ મળેલાં છે,
નિમિત્તે કર્મનો યજ્ઞ બજવવાનો અમારે છે.

પ્રભુપ્રીત્યર્થ નિમિત્ત જીવનમાં તે અમારે છે.
પ્રભુ વિના બીજું કાંઈ જીવનમાં ના અમારે છે.

બધે જેમાં અને તેમાં પ્રભુપ્રીત્યર્થ જીવન છે,
પ્રભુપ્રીત્યર્થ નિમિત્ત ફળવવાને મળેલાં તે.

પરંતુ જીવતું તેવું સ્વજન દિલ ભાન ક્યાં તે છે ?
હૃદયની પ્રાર્થના તેથી કર્યા કરીએ છીએ ચરણે.

હરિઃૐ

# નિઃસ્પૃહતામાં સ્પૃહા

તમારાં સર્વ સંગાથે પડ્યાં પાનાં અમારાં છે,
હૃદય સ્પૃહા ધરી ધરીને તમો સાથે નભવવું છે.

હૃદય નિઃસ્પૃહતાકેરો જીવનનો ભેખ શો અમ છે !
છતાં દર્શાવવા ઓઝલ શું પડદો દિલ ધાર્યો છે !

શી નિઃસ્પૃહતાની ભૂમિકા પરે સ્પૃહાનું જીવન છે,
બધાં સંસારીની સાથે અમારે તેથી નભતું છે.

મળેલાં સૌ સ્વજનને શાં સ્પૃહાથી ચાહી ચાહીને
-સ્વજનના દિલની સાથે શું ભળવા યત્ન શો અમ છે !

હરિઃૐ

## સ્વજનનું દિલ સંસારે પૂરા સ્વાર્થે ડૂબેલું છે

વળી વળીને અમારે તો ઊંડું અંતર નીરખવું છે,
નીરખીને તો બધું અંતર, શું અંતરને મીટવવું છે !

તમારા દિલનો સાચો અમારે તો ખરો ખપ છે,
પરંતુ દિલ તમારું તો પરોવાયેલ બીજે છે.

સ્વજનનું દિલ સંસારે પૂરા સ્વાર્થે ડૂબેલું છે,
કઈ રીતે શકે આવી અમારે ભાગ ક્યાંથી તે !

છતાં તોયે અમારે તો સ્વજનની સાથ જીવવું છે,
પરંતુ રૂક્ષ વ્યવહાર હૃદય શો ડંખ તે દે છે !

હરિ:ૐ

# હૃદયથી ચાહવાનો ધર્મ

અમથું અમથું અરે મળવાતણો ના સ્વાદ અમને છે,
હૃદયમાં શું પ્રવેશીને અમારે મળવું ભીતર છે !

જીવનને અંતરે ઊંડું અવર જે ઊંડું અંતર છે,
અરે ! અંતર વિશે કેવું શું ભારોભાર અંતર છે !

છતાં પરવા ન તેની છે, હૃદયથી ચાહી ચાહીને
-હૃદયથી સ્પર્શ કરવાનો જીવનનો ધર્મ ચાલુ છે.

પરંતુ શા અમે પાછા બધે જ્યાં ત્યાંથી પડીએ તે,
પડે ધબ્બા જ બક્ષિસમાં અરે ! શી ખુશનસીબી તે !

હરિઃૐ

# ધરી દિલ ભેટ શ્રીચરણે

શરીરથી મળવું જુદું છે, મનથી મળવુંય જુદું તે,
વળી જે દિલથી મળવાનું રસીલું ઓર વહાલું છે !

ભલે હો સૌથી સર્વોત્તમ, છતાં તેમાં ન જો દિલ છે,
સહુ હોવા છતાં શ્રેષ્ઠ વિના દિલનું નકામું તે.

પરસ્પરનાં હૃદય મળતાં તહીં પહેચાન દિલની છે,
ખરેખરી દિલની કિંમત ચૂકવનારું જ ભાગ્યે છે.

મળ્યું દિલ તો, મળ્યું સૌ છે, હૃદય પ્રેમે શું વારીને
-જીવનની તુચ્છ નાનકડી ધરી દિલ ભેટ શ્રીચરણે.

હરિઃૐ

# ગરજની ભૂખ લાગી છે

ન કોઈ પેસવા દે છે, ન ઠરવા દિલ વિશે દે છે,
છતાં તોયે વળગવું છે, ગમે તેમ કરીને તે.

તમારે મંદિરે આવી છીએ બેઠા પગથિયે તે,
હૃદય અંતર વળી અંદર અમોને કોણ બેસાડે ?

અમારે કર્મ કરવાને શું યોગ્ય તે હૃદયસ્થળ છે !
પરંતુ ત્યાં જવાકેરો અમારો માર્ગ બંધ જ છે.

ગમેયે તેટલું ઠોકો ન અંતરદ્વાર ખૂલે છે,
સ્વજનને દિલ ન ઉત્કટ તે ગરજની ભૂખ લાગી છે.

હરિઃૐ

# હરિપદમાં સ્વજનની ભેટ

**હરિ**પદમાં અમારે તો બધાંની ભેટ ધરવી છે,
પરંતુ કોણ જે એવું હૃદયથી તેમ ઇચ્છે છે ?

સ્વજન સંસારમાં છોને પૂરેપૂરાં ભલે રાચે,
અમારે તોય શાં દિલથી, સ્વજનને દિલ ધરવાં છે !

અમારે ભાગ આવેલું જીવનનું કર્મ કરવાને
–સ્વજનની સાથનું જે જે, અમે ઉદ્યત પૂરા છીએ.

પરંતુ સાથ સહકાર વિના ફળી ના શકે છે તે,
પડાયે છો ભલે પાછું, છતાં ત્યાં લક્ષ્ય ધરવું છે.

હરિ:ૐ

## હૃદયના ભાવનું ઝરણું

અમારે કોઈની સાથે કશી ફરિયાદ તે ના છે,
અમારે તો સ્વજન દિલમાં જરીક ઠરવા તમન્ના છે.

હૃદયથી શો હૃદય ભેટી સ્વજનને દિલ ધરવો છે !
સ્વજન શાં વેગળાં અમથી હજારો ગાઉ દૂર રહે છે.

નિમિત્ત શાં જુદાં જુદાં, જુદાં જુદાં સ્વજન સાથે !
પ્રભુપ્રીત્યર્થ નિમિત્તે જીવન સગપણ થયેલું છે.

હૃદયનો ભાવ સંપૂર્ણ કદી ખાલી થતો ના તે,
હૃદયના ભાવનું ઝરણું સદા રહેવાનું વહેતું છે.

હરિ:ૐ

## પ્રભુપ્રીત્યર્થે ટહેલ

તમારે દ્વાર આવીને અમે શી ટહેલ નાખી છે !
ભલે આપો કે ન નાખો, છતાંયે ટહેલ કરવી છે.

લીધેલો માની જે ધર્મ પૂરેપૂરો ભજવવો છે,
પછી છોને થવાનું જે ભલે હો, તેમ બનતું તે.

અમારે ના'વું કે ના છે નિચોવવું કોઈ રીતિએ,
અમે નિમિત્તનું કર્મ પ્રભુપ્રીત્યર્થ કરશું તે.

ભલે અવરોધ છો આવે, અમારે તે મુબારક છે,
પ્રભુપ્રીત્યર્થ નભવાને સ્વજન સાથે ઉમળકો છે.

હરિઃૐ

# સનાતન યજ્ઞ જીવન છે

થતાં કંઈ પૂર્વગ્રહ, પાછો રહેતો હો કદીક જો તે
-કરેલું કારવેલું સૌ મળેલું ધૂળ જાણો તે.

પૂરેપૂરું જ હો સ્વચ્છ, સમર્પાયેલ જે વળી છે,
ચરણકમળે જીવનપુષ્પ ધરી દેવાનું યોગ્ય જ તે.

જુદા જુદા તબક્કામાં જીવનનો યજ્ઞ જુદો છે,
જીવનના યજ્ઞ પ્રત્યેકતણો શો હેતુ જુદોયે.

સમર્પણ યજ્ઞ જીવનનો અનાદિથી સતત પોતે
-રહ્યા ચાલુ કરેલો છે, સનાતન યજ્ઞ જીવન છે.

હરિઃૐ

## ચરણનો સ્નેહ લાગ્યો છે

કદી ના પૂછશો કોઈ 'જીવનધંધો અમારો શો ?'
બીજો ધંધો કમાવાનો ભિખારીનો અમારો શો !

ચરણ પકડી ચરણ પકડી અમારે ચાલવાનું છે,
પકડતાં એમ નિરંતર, ચરણનો સ્નેહ લાગ્યો છે.

જીવનમાં શા અમે **હરિ**ના પનારે શા પડેલા તે !
જીવનકથનીનો ઈતિહાસ ન પૂછશો કોઈ અમને તે.

ઊથલપાથલ થતાં કેવું શું હલમલાવી નાખે તે !
છતાં ત્યારે હૃદય ચરણે શું જોડી રાખવાનું છે !

હરિઃૐ

# **हरि**ની ના પડેલી છે

નથી તકરાર, ફરિયાદ અમારે કોઈની સાથે,
અમારે મેળવીને દિલ જગતમાં જીવવાનું છે.

પરંતુ શા વખા દિલના જીવનમાં તો પડેલા છે,
મળે સઘળું, પરંતુ દિલ જગતનું મળવું દુર્લભ છે.

**हरि**પદની કર્યે ભક્તિ **हरि**નું દિલ મળી શકશે,
જગત ભક્તિ કર્યે, કિંતુ જગત દિલ ના મળી શકશે.

જગત **हरि**નું, છતાં એને **हरि**ની ના પડેલી છે,
જગત શું નિજમાં મહાલી જગત કેવું ડૂબેલું છે !

હરિ:ૐ

# છતાં નિઃસ્પૃહી લગની છે

હૃદયથી જીવવું ભાવે અવરનામાં પ્રવેશીને,
થયા યત્નો બધા ફોકટ, અમારું કૈં ન ચાલ્યું છે.

અમારો બારણે પૂરો શું સત્કાર થયેલો છે !
જવા અંદર પરંતુ ત્યાં કશી ના શક્યતા કૈં છે.

હૃદય પાકી જ શ્રદ્ધા છે, ‘અમારામાં ઊગેલો શો
-જીવનભાવ **हरि**નો તે’ કદીક ત્યાં કામ કરવાનો !

પરંતુ ત્યાં પૂરેપૂરા હૃદય સહકાર વિના તે
-કશું ના કામ લાગે છે. છતાં નિઃસ્પૃહી લગની છે.

હરિઃૐ

# કૃપાથી વર્તવાનું છે

બધાં સંસારીની સાથે પડ્યાં પાનાં અમારાં છે,
હું સહુની રીત સંસારે કરું છું વર્તવાનું તે.

અમારે કોઈ ના રીત કદીયે એકસરખી છે,
નજરમાં દિલ આવે તે કૃપાથી વર્તવાનું છે.

ભલે સ્વચ્છંદી લાગીએ છતાં પરવા વિનાના તે,
પૂરેપૂરી હૃદય પરવા જીવંતી **श्रीहरि**ની છે.

ચરણના દાસનીયે તે અમે રજકણ ન કંઈ છીએ,
ચરણકમળે છતાં લહાવો પડી રે'વાનો શો અમ છે !

હરિઃૐ

## મથામણમાં ઉમળકો છે

અમારે ચાલવાકેરી મથામણ દિલ પડેલી છે,
હૃદયની ભાવના લીધે મથામણમાં ઉમળકો છે.

મથામણમાં ઉમેરાતાં હૃદયનો ભાવ ઊછળતો,
મથામણમાંથી મહેરામણ હૃદયથી ઊભરાયે છે.

ગૂંચોની ગડમથલમાંથી મહેરામણ હૃદયનો તે
-જીવન છૂટું કરાવી દે મથામણની ખૂબી શી તે !

તમન્ના દિલ જાગેલી પડી રે'વા ન ક્યાંયે દે,
મથામણ તે નિરંતરની જીવનની મસ્તી ફોરાવે.

હરિ:ૐ

# જીવનઆનંદ અમૃત છે

'તમારી સાથ જીવનનું અનુસંધાન કરી દિલથી'
-અભિલાષા હૃદયમાં છે, જીવનને જીવવાની શી !

બધાં અંગ ઉપાંગો જે જીવનને આવરી લે છે,
બધે તેમાં **हरि**રસને રહ્યો અવતારવાનો તે.

કરણ ઇંદ્રિયમાં પૂરી મુલાયમતા દઈ જગવી,
**हरि**ને કર્મ કરવા ત્યાં સરળતા દઈ જ દેવી છે.

અમારે દિલ **हरि**નું શું મહત્ત્વપૂર્ણ જીવતું છે !
**हरि**ની સાથ પળપળનો જીવનઆનંદ અમૃત છે.

હરિઃૐ

# हरिपद રસની રેલી છે

કશો ટંટો ન ફરિયાદ અમારે કોઈ સાથે છે,
અમારે સંપીને રહેવાતણી મુરાદ દિલમાં છે.

જીવનના ભાગલા કરીને જીવન જીવવા ન દાનત છે,
જીવનને **एक**માં વણીને જીવન જીવવા ઉમેદો છે.

કૃપાથી જે ઉમેદો તે જીવનમાં બર શી આવી છે !
જીવન સદ્ભાગ્ય, સૌભાગ્ય અનુભવવા મળી તક છે.

પ્રભુની મહેરબાની કે, જીવન જીવવા મળેલું છે,
જીવન ખેરાત કરી સઘળું **हरि**પદ રસની રેલી છે.

હરિઃૐ

# કૃપાથી તો જગવવાં છે

અમોને ડોકિયું કરવાતણી આદત જરા ના છે,
અમારામાં અમે મસ્ત હૃદય મશગૂલ શા છીએ !

છતાં નિમિત્તથી જેને જીવનમાં તો મળાયું છે,
જીવન તેના વિશે અમને હૃદયમાં ભાવ ઊઠે છે.

હૃદયનો ભાવ જઈ ત્યાં ત્યાં વળી પાછો શો વળતો છે !
હૃદયના ભાવને ત્યાં ના ખરેખર કોઈ સત્કારે.

છતાં તોયે અમારે તો નિમિત્તે જે મળેલાં છે,
હૃદયથી ચાહી ચાહીને કૃપાથી તો જગવવાં છે.

ભલે જાગે ન જાગે કે રહેવાનો અમારો તો
-રણકતો દિલ જાગંતો ખરેખર પ્રાર્થના રણકો !

હરિઃૐ

# અમારું આગવું સ્થાન

હૃદયની ભાવ મસ્તીથી પ્રભુ તુજ સાથ દિલ દિલથી
-ઊછળતા વહાલથી ગેલ કરી, જીવન વીતવવું છે.

હૃદયને અર્પવું પ્રેમે કળા દિલ ભાવની શી તે !
હૃદય જ્યાં ભાવ જાગે છે હૃદય અર્પાઈ જતું તે છે.

પ્રભુ તુજ સાથ જીવનનું પરણવાનું થયું જ્યાં છે,
હૃદય આ ક્યારનુંયે તે તને સોંપાઈ ગયેલું છે.

અમારા હું ગણું જેને અમારું એવું ના કોઈ છે,
અમારું આગવું સ્થાન ચરણકમળે **હરિ**નાં છે.

હરિઃૐ

# हरिरस મહાલવા કાજે

જીવનને ખાખ કરી કરીને જીવનની ભસ્મ ચોળીને
-અમે **आ** ભેખ ધાર્યો છે **हरि**રસ મહાલવા કાજે.

તૃષા તે કાજ શી ઉત્કટ ખરેખર તીવ્ર લાગી જે,
મથામણ તે પરત્વેની મને કેવી કરાવી છે !

નિરંતરની મથામણથી શી હૈયાઉકલતે પંથે
-હૃદયમાં સૂઝ ઝળહળતી જીવનમાં ઓર લાધી છે !

પથે દિલ સૂઝથી એવી નિરાંત જે મળેલી છે,
અનુપમ સ્વસ્થતા, શાંતિ, જીવન શાતા વળેલી છે.

હરિ:ૐ

## હતો ઘડવાતણો હેતુ

**હરિ**રસનો જ શો માત્ર નર્યો વેપાર માંડ્યો છે !
કશું બીજું ન કૈં સૂઝ્યું, સૂઝ્યું તે ઉત્તમોત્તમ છે.

ચરણરસથી રસાવાનું મહદ સદ્‌ભાગ્ય જીવનનું,
વિરલ વીર ભક્તને મળતું જીવન તે ધન્ય ભાગ્ય જ છે !

જીવનમાં પડતાં આખડતાં જીવન નિમિત્તથી મુજને,
મળ્યા શા સદ્‌ગુરુ, જેણે બહુ પેરે મથાવ્યો છે.

જીવનમાં કેટલી વાર બહુ ગરદન શી મારી છે !
હતો ઘડવાતણો હેતુ તહીં, દિલ હું ન સમજ્યો તે.

હરિઃૐ

## અપેક્ષાઓ જ રાખી છે !

મળેલાંએ શી મુજ પાસે અપેક્ષાઓ જ રાખી છે !
બધાંયે માગણી કંઈ કંઈ કર્યા કેવી કરેલી છે !

વીતક કથની અનેકોની હૃદયથી સાંભળેલી છે,
કૃપાથી દિલમાં શાતા બહુ જનને અપાઈ છે.

વળી દુઃખ કોઈ કોઈનું કંઈક ઓછું કરાયું છે,
શી મુશ્કેલી અવર જનની કંઈક હળવી થયેલી છે !

પરંતુ કોઈ તેવાંએ ન આપ્યું તેમનું દિલ છે,
દઉં હું તેમને એવું બધાંયે દિલ ઝંખ્યું છે.

મને દિલ આપવામાંયે પૂરો સંકોચ વર્ત્યો છે,
ભર્યું ભર્યું દિલ ઉમળકાએ ન કોઈનું મળેલું છે.

હરિઃૐ

## અમલનું ઘેન અદ્‌ભુત છે !

જીવનનો પંથ તે જોઈ વિચારીને સ્વીકાર્યો છે,
સ્વીકારીને અનુભવમાં અમલ થાવા મથાયું છે.

ચઢાયું જેમ ઊંચે છે અમલ ત્યાં શો ચઢેલો છે !
અમલ લીધે જ દૈવાસુરતણા યુદ્ધે ટકાયું છે.

અમલનું તાન કેવુંયે ! અમલનું ઘેન અદ્‌ભુત છે !
છતાં શાં ઘેનમાંયે શું રહેવાયું તટસ્થ જ તે !

અમલના ઘેનમાં કેવાં વિકટ સંકટ વીતેલાં છે !
અમલના ઘેનની ભક્તિ નસેનસ મસ્ત વ્યાપી છે.

હરિઃૐ

# પ્રભુ તારે ચરણકમળે

જીવનનો પ્રાપ્ત જે ધર્મ બજવતા રહી હૃદયભાવે,
પ્રભુપ્રીત્યર્થ શો યજ્ઞ જીવનનો તો ચલાવ્યો છે !

સમર્પણ સર્વ જીવનનું હૃદયની પ્રેમભક્તિએ
-ચહી ચહીને કરેલું છે પ્રભુ તારે ચરણકમળે.

હૃદયથી વારી વારીને શું તારી પર જવાયું છે !
સતત એકીટશે મીટ હૃદય માંડેલ તુજ પર છે.

જીવન ન્યોછાવરી પૂર્ણ થઈ ગઈ છે જ તુજ ચરણે,
હવે તારું અને મારું હૃદય સદ્ભાગી મિલન છે.

હરિઃૐ

# ત્રિગુણાતીત જીવન તે છે

જીવનમાં કર્મ, કર્તૃત્વ, વળી સૌ કર્મફળનોયે
થતો યોગ પ્રભુ જેના ત્રિગુણાતીત જીવન તે છે.

પૂરી તૃષ્ણા ત્યજાતાં, તે મળેલાં કર્મફળનીયે
-જીવનમાં શાંતિ જે મળતી અકલ્પ્ય ને અનુપમ તે.

કરંતાં કર્મ સૌ, ધ્યાન ન કૈં દેવાનું એને છે,
બધું કરવાનું જે યોગ્ય થતું મેળે રહે છે તે.

જીવનની સર્વ ઘટમાળતણી પંચાત ના એને,
હવે પંચાત તો એની **હરિ**ને દિલ વસેલી છે.

હરિઃૐ

# વ્યસન તલસાટ ભારે છે

જીવનમાં કર્મનો યજ્ઞ પ્રભુપ્રીત્યર્થ માંડ્યો છે,
કરંતાં કર્મ દિલ ભાવે પ્રભુચરણે સમર્પ્યા તે.

મનાદિ કરણને ભાવે **हरि**માં શાં પરોવીને
-મળેલો કર્મનો યજ્ઞ હૃદય ભક્તિથી આચરીએ !

જીવન સઘળું સમર્પ્યું છે પછી બાકી જ શું રહે છે !
વ્યસન હૃદયે **हरि**નું શું, શું હાડોહાડ લાગ્યું છે !

વ્યસનની તાલાવેલી શી ! વ્યસનની તીવ્ર તત્પરતા,
વ્યસન ના રાહ નીરખે છે, વ્યસન તલસાટ ભારે છે.

હરિઃૐ

## સહન થાયે કૃપાથી તે

*કમર કટકા થતા લાગે ગળાનું દર્દ, દમ સાથે
-શરીરને તે સતાવે છે સહન થાયે કૃપાથી તે.

થતાં પરમાર્થનો યજ્ઞ હૃદય ઉત્સાહ વ્યાપે છે,
અને હળવાશ તે લીધે ખરેખર કેવી પ્રગટે છે !

સતત તે યજ્ઞની અંદર જવા હોમાઈ દિલ મુજને
-કૃપાથી પ્રેરણા દઈને હૃદયબળ સીંચતો રહેજે.

શરીરનું છો ગમે તેવું ભલે બનતું છતાં હૃદયે
-પ્રભુ હિંમત, ધીરજ, શક્તિ સહન કરવાની તું દેજે.


---

* મહેસાણા જિલ્લાના સમોડા ગામે જતાંઆવતાં શરીરની થયેલી દુર્દશા અંગે.

હરિઃૐ

# ખંડ - ૧૨

## 'हरिलीला'



જેનાથી તે નભાયું છે જેનાથી જ ટકાયું છે,
તેનો જીવનમાં યોગ યોગ્ય પૂરેપૂરો થજો.

હરિ:ૐ

# નશો નસનસ વિશે વ્યાપ્ત

કદીક તો મેં દળી દળીને શું કુલડીમાં જ વાળ્યું છે !
અનુભવ તે થતાં કેવું ઉઠાયું ઝબ* ઊછળી છે !

હું કેવો ઘોર નિદ્રામાં નિરાંતે ઘસઘસાટે તે
-ઊંઘ્યા કરતો હતો, ધબ્બો પડ્યો તેથી ઉઠાયું છે.

ઉઠાયું ને જગાયું જે હૃદય બેઠું થવાયું છે,
કમર કસીને મથાવા શો નશો મુજને ચઢાવ્યો છે !

નશો નસનસ વિશે વ્યાપ્ત નશાનું જોશ ફેલાયું,
થયો સીનો નશીલો શો ! રગેરગ તંગ મસ્તી છે.

* ઝબ=ઝટ

હરિ:ૐ

## જીવન વ્યક્તવ્ય શક્તિનું

બૂરામાંયે બૂરી રીતે જીવન ગરબડ થયેલી છે !
સફાળા એકદમ ભાવે શું ઓચિંતું જગાયું છે !

જગાતાંમાં સ્મરણભાવે જીવન હેતુતણું ભાન,
સ્મરણ કરતાં, સ્મરણ કરતાં થવાયું પદ શું આસક્ત !

પ્રભુભક્તિનો મન લહાવો જીવન જીવતાં મળે શો તે !
જીવન વ્યક્તવ્ય શક્તિનું થવા કાજે મળેલું છે.

જીવનની ભૂમિકા **તેં** શી તને ગમતી કરાવી છે !
અજબ બલિહારી શી તેજ જીવનની **તેં** બનાવી છે !

હરિઃૐ

# બધાંનામાં છવાયો છે

**हरि**, **हरि** બોલી બોલીને, **हरि** સ્મરવાનું મહાલીને,
હૃદયમાં મસ્ત **हरि** મહોબત લગાડી કેવી દીધી છે !

**हरि** મહોબતની રંગતને જીવનના રોમરોમેયે
-પ્રસારીને, પ્રસારીને, અમર્યાદિત થયેલી તે.

**हरि**ની પ્રેમછાયા શી શરીરના સૌ અણુઅણુમાં
-પ્રસરતાં, તે બની શક્તિરૂપે થતી વ્યક્ત શી ત્યાં ત્યાં !

છલોછલ આપ સંપૂર્ણ બધાંનામાં છવાયો છે,
છુપાયેલો પૂરેપૂરો છતાં શો ગૂઢ પોતે છે !

હરિ:ૐ

## કૃપા एની શી વર્ષી છે !

નમાલો શો પૂરેપૂરો જીવનમાં જે હતો, તેને
-કૃપાથી બળ શું પ્રેરીને પરાક્રમી **તેં** બનાવ્યો છે !

ન ઠેકાણું હતું જેનું, ગતાગમ ના હતી જેને,
વ્યવસ્થિત સૌ કર્યું તેનું, વળી બુદ્ધિ શી પ્રેરી છે !

બિલાડીથી બીતો'તો જે કૃપા **ए**ની શી વર્ષી છે !
હવે જ્યાં સિંહ તે જંગલ રહેલો ને સૂતેલો જે.

'કરે છે રંકનો રાય' કહેવત મુજ વિશે શી તે
-ખરેખર તે પડી સાચી, હકીકત તે બનેલી છે !

હરિ:ૐ

## સજીવન શો થયેલો છું !

મને તાવ્યો બહુ તાવ્યો, તવાવામાં ન બાકી છે,
તવાવામાં જીવન હેતુતણું વર્તન જણાયે છે.

તવાવામાં જીવનનું તે શહૂર જેનું જીવંતું છે,
ખરેખર મર્દ જીવનના જીવન તરવૈયા સાચા તે.

કૃપા એ તો પ્રભુ તારી વિલસી કેવી રહેલી છે !
નમાલાને જીવનમાં શો ખરેખર મર્દ બનવ્યો છે !

અનેરો ભાવ ઉન્માદ, હૃદય ઉત્સાહ ઉમળકે
-કરી તુજ કર્મ, અર્પી પદ જીવન બહેલાવવાનું છે.

શરીરમાંનાં બધાં દર્દ પ્રસાદીનાં મળેલાં છે,
તવાવાનો વિચાર જ તે ખરે બેહૂદો ખ્યાલ જ છે.

હૃદય શરમિંદો હું સાવ બની, લાચાર કેવો હું !
છતાં પાછો કૃપાબળથી સજીવન શો થયેલો છું !

હરિઃૐ

## બધું જીવન કૃપાનું છે !

અમે પ્રેમે જીવન ચરણે હૃદયભક્તિથી અર્પ્યું છે,
અમારા ને જીવનના તે હવે ના ભાગ જુદા છે.

જીવન સદ્‌ભાગ્યથી કેવાં ચરણ અમને મળેલાં છે !
ચરણસેવા અમારું શું બધું જીવન કૃપાનું છે !

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણ તે,
હૃદયની પ્રાર્થના સાધન થયા તે તે કરેલાં છે.

વળી એવાં બીજાં સાધન કર્યાં છે ત્રાટકાદિ જે,
ફળ્યું તેમાંથી જીવન **આ हरि**પદને વરેલું જે.

હરિઃૐ

# સમર્પણ દિલ હરિચરણે

સમર્પણ દિલ **હરિ**ચરણે કરાતાંમાં હૃદયભાવે,
હૃદયનો ભાવ, ઉમળકો ફુવારા જેમ ઊછળ્યો છે.

જીવન ખીલતું ઊઘડતું ને થતું ખુલ્લું રહે ત્યારે,
અનુભવ ભાવની છાલક બધે શી વાગતી ત્યારે !

હૃદયના ભાવનાં કિંમત, મહત્ત્વ શાં અનેરાં છે !
વિના અનુભવ, ન કોઈથી કળાઈ કૈં શકાશે તે.

જુદી જુદી ભૂમિકાના અનુભવ શા જુદા પણ છે !
છતાં તેયે સમગ્રે સૌ વણાયા **એક**માં શા છે !

હરિઃૐ

# અહંથી શૂન્યમાં ઠરવા

ચરણસેવા થતી જ્યાં હો મને શી ઊંઘ આવે છે !
ચરણસેવાનું એ ભાન જરા સરખું ન રહેતું છે.

ચરણસેવા થતાં હૈયે ઊછળતો ભાવ ઉમળકો
-પ્રગટતો જો કંઈ ના હો, ચરણસેવા નકામી તે.

અહંથી શૂન્યમાં ઠરવા ચરણસેવાનો હેતુ છે,
સધાતો હેતુ જો ના હો, કરવું તે અર્થ મિથ્યા છે.

છતાં તોયે ચરણસેવા ન છોડી મેં દીધેલી છે,
હૃદય શ્રદ્ધા, કદીક તેથી જીવનનું ઊગવું તે છે.

હરિઃૐ

# બધે ભરપૂર ભરેલો છે

અનુભવી, રાગી, વિરાગી વળી એથીય જુદો છે,
ત્રણે ત્રણ એકીસંગાથે વળી એથીય ન્યારો છે !

બધી સીમા વિશે પોતે ભરેલો સાવ ભરપૂર,
સકળથીયે વળી પાછો પૂરેપૂરો જ શો અતીત !

બધાંમાં તે ભળેલો છે, પળે તે સાવ અળગો છે,
બધું હોવા છતાં તે તે પળે તે પાછો શૂન્ય જ છે.

પૂરો હોવા છતાં **एक,** અનેકેય જ પાછો તે,
બધું તે એકીસંગાથે વળી પાછો ન તે તે છે.

હરિઃૐ

# અનુભવીનું જીવન કેવું

અનુભવીનું જીવન કેવું બધું નિમિત્તનું તે છે !
ન તે નિમિત્તમાં સારું, ન કે નરતું ગણેલું છે.

નિમિત્તની તે સ્થિતિમાં તો ભૂમિકા **जीवदशा**ની ના,
નિમિત્ત તો મળેલું છે **हरि** ગુણધર્મ અનુભવવા.

નિમિત્તે પ્રકૃતિ માધ્યમ, અનુભવી પ્રકૃતિનો તે
-પૂરો સ્વામી થયેલો છે, નડે ના બાધ તેને તે.

અનુભવીની શી મર્યાદા જીવન નિમિત્તની તે છે !
પ્રકાશે કિંતુ નિમિત્તે **हरि** ગુણધર્મ સંપૂર્ણે.

વિના નિમિત્ત અનુભવી તો ભરી ડગ ના શકે ક્યાંયે,
નિમિત્ત જ્યાં ન હો, સાક્ષી નિરાંતે સાવ નિષ્ક્રિય તે !

નિયંતા, કર્તા, ભોક્તાયે અનુભવી શો બનેલો છે !
અનુભવીનું જીવન આત્મદશાનું શું થયેલું છે !

હરિઃૐ

# જીવનની મોજ અદ્‌ભુત છે !

ગતકડાં નિત્ય **हरि** સાથે અમારે તો કરી કરીને,
હૃદયથી ગેલ કરવાની જીવનની મોજ અદ્‌ભુત છે !

જીવન જુદા જુદા વિશે અનંત ડગ ભરેલાં છે,
પરંતુ જે ભર્યું ડગલું **हरि**માં, તે જ જીવન છે.

કૃપા સંજોગથી કોઈ જીવનનું મુખ ફરેલું છે
-**हरि**ગમ, તે જીવનનું શું અમર સદ્‌ભાગ્ય પ્યારું છે !

**हरि**રસના જીવનમાં શા હૃદય રસિયા અનેરા તે !
હૃદય તેની સ્મરણભક્તિ થકી ન્યારા બનેલા છે.

હરિ:ૐ

# **हरि**ચરણો અમારાં છે

જવું પૂછવા પડે  છે ના અમારે તો હવે ક્યાંયે,
પૂરા ભરપૂર રસબસથી **हरि**ચરણો અમારાં છે.

જીવનના હાર્દમાં **हरि**પદ અમે સ્થાપિત કરેલા છે,
**हरि**પદને રમાડીને **हरि**રસ મહાલવાનો છે.

જીવન સગપણ **हरि** સાથે તપશ્ચર્યા કરી કરીને
**हरि**ભક્તિ હૃદય સાધી, અમે પ્રેમે કરેલું છે.

હવે કેમે કર્યું તે ના છૂટ્યું છૂટે કશાથીયે,
હવે તો તે અમર સગપણ અનંતાનંત ચેત્યું છે.

હરિ:ૐ

## સતત ચાલ્યા જ કરવું છે

પડી રે'વું અમારે ના સતત ચાલ્યા જ કરવું છે,
અમારે જિંદગાનીનાં બધાં રળતરથી જીવવું છે.

બધું રળતર રળી રળીને ચરણમાં સોંપી દીધું છે,
બધાં રળતરનો માલિક તો ધણી ધીંગો અમારો છે.

બધી તે હોશિયારીનો ન દાવો કોઈ અમારો છે,
બધા દાવા જીવનકેરા અમારા શેઠના તે છે.

અમારા **આ** જીવનનો તે ખરેખર માત્ર માલિક છે,
હુકમ એના બજવવાને અમે તત્પર ઉમળકાએ.

હરિઃૐ

# જીવનમસ્તી શી ફોરે છે !

અમારા દિલના માલિકતણી દિલની વફાદારી
-ટકોરાબંધ કેવી તે મુખે ના બોલવાની છે !

વફાદારી જીવનવર્તન વિશે કૂટ્યા કરેલી જે,
થતું વર્તન હૃદયનું તે શું આપોઆપ બોલે છે !

જીવનના દિલબરની તે વફાદારી હૃદયની જે,
અમારે દિલ જન્માવે ખબરદારીભર્યો રણકો.

જીવનના રાહબર ઓથે જીવનને કેવું ઉછાળે !
નશીલી મસ્ત નર્તંતી જીવનમસ્તી શી ફોરે છે !

હરિઃૐ

## કૂંચી એમાં જડેલી છે

શરીરની ચામડી પર શી બહુ ખંજવાળ ઊપડે છે.
જીવંતો બહુ જ મુશ્કેલ તહીં સંયમ પ્રગટવો તે.

થતું એવું શરીરને જ્યાં, ભજન સ્ફુરાવીને હૃદયે
-થતાં મશગૂલ સર્જનમાં, તહીં સંયમ સહજ શો છે !

કૂંચી એમાંથી શી મુજને નવું શીખવા મળેલી છે !
મહત્ત્વે ભાવ જ્યાં જીવતો, બીજું સૌ ગૌણ વર્તે છે.

નિરંતર ભાવ જીવંતો ક્રિયાશીલ વર્તને જીવન
-કૃપાથી ગાળતાં, પોતે સજીવન શો થયેલો તે !

હરિઃૐ

## અમારે જીતવો જંગ !

અમારે જીતવો જંગ, ખુવારીના ભલે રંગે
-જતું છો છંટકાઈ સૌ, ન તેની કાંઈ પરવા છે.

લડત લડવા સમે જુસ્સો પરાક્રમની ચઢી ધૂને,
ભયંકર સાહસો ભારે શું કરવા ઝંપલાવે છે !

અનુભવવા હ્રદય વહાલો શી તાલાવેલીની ધૂને
-ચઢી શ્રેયાર્થીઓ કેવાં પથે જોખમ વહોરે છે !

હ્રદય મરવાની જીવવાની ગણતરી ના કશી દિલ છે,
પ્રચંડ ભેટવા **हरि**ને શી તત્પરતા જ જલતી છે !

હરિઃૐ

## ભક્તિનો જુવાળ

તને સંબોધી સંબોધી લવારો શો કરી કરીને,
હૃદય કેવોય કંટાળો તને આપ્યા કરેલો છે !

અરે ! નાદાન હું ભૂલ્યો, લવારાથી શિશુના તે
-કદી રંજાડ પામી છે જનની શું કૈંક પણ દિલથી ?

હૃદય જ્યાં ભાવની ભક્તિતણો જુવાળ ઊભળે છે,
જીવનમાં ત્યાં શિશુપણનો નવો અવતાર ઊગે છે.

શિશુ નિર્દોષ મા સાથે અડપલાં શાં કરે છે તે !
હૃદયથી મા શી હરખાતી ! શિશુ પર વારી જાયે છે.

હરિઃૐ

# હૃદય ચકચૂર થયેલું છે

જીવનની રંગ પિચકારી અમે અમ પર શી છાંટી છે !
અમે અમથી રમી હોળી થયા મસ્તાન કેવા તે !

જીવન તહેવારના ટાણે નશો ભારે કરેલો છે,
નશો પૂરો ચઢેલાથી હૃદય ચકચૂર થયેલું છે.

હૃદયનું ભાન ભૂલેલા પૂરેપૂરી રીતે સાવ,
કશી વાતે જ ઠેકાણું અમારું ના રહેલું છે.

શું યદ્વાતદ્વા કંઈ બોલી તને રંજાડિયો દિલ છે,
બધું દારૂડિયાનું તું જતું કરજે, જતું કરજે.

હરિઃૐ

## પ્રસાદી તે મળ્યા પછીથી

ઝલક શી ભાવ મસ્તીની જીવનના ચિત્રપટમાં તે
-ઊઠેલી કેવી અલમસ્ત ! જીવન શો રંગ જામ્યો છે !

જીવન જીવવા વિશે કેવો હૃદય આનંદ છલકાતો,
નર્યો ઉન્માદ રસઘેલો શું ગાંડોતૂર છવાયો છે !

ગિરિસમ કેટલાં મોજાં ઊંચાં ભારે ઊછળતાં છે !
કરી છંટકાવ શીતળતા, શો આહ્લાદ પ્રસારે છે !

પૂરેપૂરી નરી મસ્તી બધે આધાર પ્રસરે છે,
કશુંયે ભાન પોતાના વિના કોનું ન જાગે છે.

ભૂમિકા ઊગીને એવી પસાર જ્યાં થઈ ગઈ છે,
પ્રસાદી તે મળ્યા પછીથી કલમથી **આ** લખાયું છે.

હરિ:ૐ

## હૃદય નિશ્ચિંતતા શી છે !

અમે શા એકલા છીએ, છતાં ના એકલા ક્યાંયે,
અમારો રાહબર છૂપો સદા સાથે રહેલો છે.

જીવનમાં હૂંફ અમને તો અમારા રાહબરની છે,
હૃદયના રાહબરની પર નજર ચોંટેલી દિલની છે.

ઈશારા રાહબરના કૈં છૂપાછપના મળે શા તે !
નયન ચમકાર દિલ ચાનક ચઢે ભરતી બધાંનીયે.

અમો ને રાહબરકેરો ઉભયનો માર્ગ એક જ છે,
મળેલો રાહબર તેથી હૃદય નિશ્ચિંતતા શી છે !

હરિઃૐ

# જીવનના બાગને કેવો હરિરસ ભાવમાં ખીલવે !

અમારા એકલાની તે હૃદય હિંમતથી જીવનમાં
-શું કેટલું ચાલી ચાલી તે ચલાવાનું અમોથી છે !

મદાર, એકલો માત્ર અમારા શા પુરુષાર્થે
-અમે ના દિલ રાખ્યો છે, હૃદયથી સમજી સમજીને.

કર્યા કરવાથી સાધનને, જીવનની આચરણ મસ્તી
-જીવનના બાગને કેવો **હરિ**રસ ભાવમાં ખીલવે !

સતત મંડ્યા જ રહેવાની હૃદય લગની અમારે છે,
હૃદય મળવાનું જે કૈં હો મળ્યા કરશે લગનથી તે.

જીવનમાં આત્મવિશ્વાસ સતત અભ્યાસને લીધે
-હૃદય ઊડતો ફૂટેલો છે, રખાવે જીવતા અમને.

હરિઃૐ

## જીવનઆનંદ અદ્‌ભુત છે !

અમારે નિત્ય રમવું છે, ચરણ આળોટવુંયે છે,
ચરણરસ ચાખવોયે છે, સમાઈ પદ જવુંયે છે.

જીવન સઘળું સમેટીને, જીવન વાળી પૂરું દઈને,
જીવન નવલું બનાવીને, જીવન કેવું સજેલું છે !

જીવનથી **આ** હવે તુજને નવી નવી રીત રમાડીને
-કરી નખરાં નયનથી શાં તને દિલ જીતી લેવો છે !

હૃદયમાં શો હૃદયથી તો હૃદયરસ મહાલવાનો જે,
બધાયે રસ થકી ન્યારો જીવનઆનંદ અદ્‌ભુત છે !

હરિઃૐ

## તમન્ના દિલ જલતી છે

હૃદયરસ મહાલવાનીયે અકલ્પ્ય મોજ કેવીયે !
હવે સમજાવવા એને અમારે દિલ ન દાનત છે.

જવું સમજાવવા કોને ? ન લૂંટવું કોઈને તે છે,
પછી તે ચાખશે કોણ ? બધાં તે વ્યર્થ ફાંફાં છે.

હશે જાગી જ કકડીને જીવનની ભૂખ જે દિલને,
ન પૂછવા તે રહેવાનો શું મંડી આપ તે પડશે !

પ્રચંડ અગ્નિના જેવી તમન્ના દિલ જલતી છે,
તડપતું દિલ તલસતું જે ખરેખર યોગ્ય પાત્ર જ છે.

હરિ:ૐ

# અણુ અણુમાંહી વ્યાપ્યો છે

હ્રદય એકીટશે તુજને નિહાળ્યા શો કરી કરીને
નજર અંતર ઊંડે ઊંડે શું વાળી દિલ ચાહવું છે !

હ્રદય એકાગ્રભાવે શો તને ચાહ્યા જ કરવો છે,
હ્રદય એ ચાહવાકેરો જીવન લહાવો અમારો છે.

તને ચાહતાં તને ચાહતાં સમગ્રે ધાર્યું જીવન છે,
હ્રદય તસતસતું શું ભાવે ધબકતું ઓર ઉલ્લાસે !

હ્રદય શું ઊછળી ઊછળીને તને દિલમાં સમાવાને
-ઊછળતો મસ્ત ઉન્માદ અણુ અણુમાંહી વ્યાપ્યો છે !

હરિઃૐ

## हरिनो ભાવ જીરવવા

**हरि**નો ભાવ જીરવવા અમે શા કેળવાયા તે !
જગતને શી ખબર એની ! પચે ના તે નમાલાને.

પ્રથમ તો ભાવ ના મેળે કદી જીવનમાં ઊગે છે,
જનમવા ભાવ,સાધનને હૃદય આચરવાં સૌ પડશે.

જીવનમાં **ભાવ** પ્રત્યક્ષ ઊગે છે ભાવ વર્તનથી,
નિરંતરનો થતાં ભાવ પ્રક્રિયા શી રૂપાંતરની !

થવા તેવું જીવનમાં શો નિરંતર સાધનાભ્યાસે
-રહ્યા કેવો કરેલો છું, લગાતાર જીવંતો તે !

હરિઃૐ

# અનુભવ બોલશે પોતે

અમારે કૈં ન લખવાનું, મુખે ના બોલવાનું છે,
હૃદય નાતો હૃદય કેવો ! હૃદયનો ભાવ સાંધે છે.

હૃદયનો ભાવ ન્યારો છે, હૃદયનો ભાવ જ્યાં જાગે,
હૃદયને તે સમજવાને ન ફાંફાં મારવાં રહે છે.

સમર્પિત દિલનો ભાવ ન સંસારી કદી સમજે,
ગયા હોમાઈ જે સર્વ હૃદયનો ભાવ તે પ્રીછે.

હૃદયનો ભાવ મેળવવા બધી રીતે પૂરા ભાવે,
સમર્પણ પ્રેમમસ્તીથી કરી દેવું પૂરું પડશે.

સમર્પણ જ્યાં થતાં પૂર્ણ, હૃદયનો ભાવ કેવો છે
-ન પૂછવા તે જવું પડશે, અનુભવ બોલશે પોતે.

હરિઃૐ

# રસાનંદે જીવન મહાલે

**हरि**રસની છલોછલ શી બધેયે રેલ વહેતી છે !
અમારે દિલયે છાલક અહીં તહીં કેવી સ્પર્શે છે !

જીવન કેવું રસાનંદે અણુ અણુએ જ ભરપૂર છે !
હૃદય આનંદના મોજે પૂરી ભરતી ચઢેલી છે.

જીવનનું કોઈ ઠેકાણું ભરાયા તે વિના ક્યાંયે
-જરી સરખુંય ના બાકી રહેલું ક્યાંય ખાલી તે.

બધું ભરપૂર ને ભરચક છલોછલ શું ભરેલું છે !
નીરખવાનું ઊડી જઈને હવે તો મહાલવાનું છે !

હરિઃૐ

## નશો અલમસ્ત વ્યાપ્યો છે !

ભજનની મસ્ત રમઝટ શી જીવન ચાલી રહેલી છે !
અને એ રમઝટે કેવી નશીલી મસ્તી લાગી છે !

જીવનની મસ્તીનો કેવો નશો અલમસ્ત વ્યાપ્યો છે !
સકળ **आ** જિંદગાનીનો દીદાર શો ફરેલો છે !

નિરંતરનું હૃદય રમવું **हरि** સાથે ભળી ગળીને,
રમતમાં શી જુગલજોડી રમંતાં મસ્ત ખીલે છે !

શી સંતાકૂકડીની તે રમતની અટપટી ચાલે,
-**हरि** સંતાઈ ગયેલો જે, હવે અમ દાવ આવ્યો છે.

હરિઃૐ

# અનુભવથી છતો કેવો

જીવન ચેતાવવા અગ્નિ ગરજ જે દિલ લાગી છે,
મને એણે મથાવીને ડહોળાવ્યો અનુભવ છે.

ગરજ ઉત્કટથીયે કેવાં મનાદિને મનાવ્યાં છે !
અનુભવના પ્રદેશે ત્યાં પ્રવેશ શો કરાવ્યો છે !

મનાદિના બધા જે જે પ્રકૃતિના જ ગુણધર્મો,
સ્વરૂપ તેનું બદલાતાં અનુભવ દેશ ત્યાં છે શો !

હૃદયસ્થ જ રહેલો જે કૂટસ્થ ગૂઢ **हरि** જે છે,
અનુભવથી છતો કેવો થતો રહે છે જીવન વિશે !

હરિઃૐ

# મસ્તીની ભાવના

ચહી ચહીને હૃદયથી જે થયો ખુવાર પૂરો છે,
પૂરી કમબખ્તી જીવનની, છતાં હર્ષે નિભાવે છે.

જીવન વ્યવહારમાં જેની ન કોડીનીય કિંમત છે,
બધે હડધૂત થયેલો શો ! વળી ફેંકઈ ગયેલો છે.

છતાં તેને હૃદયમાં છે સતત નિજના પ્રણયી પ્રત્યે
-તલસતા દિલની કેવી નજર એકીટશે તલપે !

જીવન સંસારનું **एनुं** ભલે ભંગાર જેવું છે,
છતાં એવાની મસ્તીની ઊછળતી ભાવના શી છે !

હરિઃૐ

## જીવનવિકાસને કાજે

પ્રભુની ભાવનામાં તો નિરંતર રહી જ જીવવું છે,
પ્રભુની ભાવના વિણ તો જીવન કેવું નિરર્થક છે !

જીવનવિકાસને કાજે લીધેલાં સર્વ સાધનને
-કર્યા કરતાં હૃદયભાવે પ્રભુપદ રસ થયેલાં છે.

ચરણકમળે થવાતાં જ્યાં પૂરેપૂરું જ આસક્ત,
વ્યસન લાગ્યું **હરિ**નું તે, ખરેખરું એ જ સદ્‌ભાગ્ય.

થવાયું પુષ્ટ જીવનમાં વ્યસન **હરિ**નાથી તે કેવું !
બીજાંને તે ન સમજાશે, વ્યસની **હરિ**નો જ પ્રીછે શું !

હરિઃૐ

## સતત અભ્યાસનો યજ્ઞ

જીવનની નિત્ય નિતની શી અનુભવવાની લીલા છે !
નવી નવી ઉત્તમોત્તમ તે શી એકથી એક ન્યારી છે !

**हरि**લીલાનું વ્યક્તત્વ બધું બ્રહ્માંડ રસીલું છે,
અનુભવી મહાલવા જીવન પ્રસાદીથી મળેલું છે.

સ્મરણાદિ કર્યા સાધન, સતત અભ્યાસનો યજ્ઞ,
પ્રભુપ્રીત્યર્થ ભક્તિનો ચલાવ્યા શો કર્યો નિશદિન !

ફળ્યું દિલ ભાવભક્તિથી રસાયેલું જ તેથી છે
-જીવન **આ**, શો થતાં અનુભવ થયું ખુલ્લું બધું જે તે.

હરિઃૐ

# બધે અસ્તિત્વ **હરિ**રસનું

વચન બોલ્યું સ્વજનનું જે ન ગણવાનું અમારે છે,
છતાં નિમિત્તમાં પાછું વળ્યા કરતું હૃદય અમ જે.

કદીક તો શું નિમિત્તેય જીવનમાંથી ઊડી જાયે,
**હરિ**ના ભાવમાં માત્ર રહે મહાલ્યા જ કરવું તે.

નિમિત્તે ના, ન પ્રારબ્ધ, જગત ના, ના કશું કંઈ છે,
બધે અસ્તિત્વ **હરિ**રસનું શું ગર્જતું પ્રવર્તે છે !

જુદી જુદી ભૂમિકામાં શું અવતરતાં **હરિ**રસ તે
-જુદાં જુદાં રૂપો તે લે શું સ્થળ કાળ પ્રમાણેનાં !

હરિઃૐ

## હૃદય શો ભાવ ઊછળે છે !

હૃદયમાં શો **हरि** વહાલો ! **हरि**ની સાથ ગમ્મત છે,
જીવનના ચેનચાળાયે **हरि**થી ખેલવાના છે..

રમત રમતાં **हरि** સાથે હૃદય શો ભાવ ઊછળે છે !
ઊછળતા હર્ષના નીરે સમુદ્રો શા થયેલા છે !

હૃદયમાં શો **हरि** માત્ર સતત નીરખ્યા જ કરવો છે,
રમતની ઘેલછામાં શા શું બેપરવા થયેલા તે !

રમતની પ્રેમની રંગત મજાની મસ્ત જામે છે,
હૃદય એ મસ્તીની મોજ નિરંતર મહાલવાની છે.

હરિઃૐ

## હવે નિમિત્તનું જીવન !

તને દિલ યાદ કરવાની હવે ઝંઝટ રહી ના છે,
હવે દિલ યાદ કરવાના દિવસ નિમિત્તના શા છે !

હવે નિમિત્તનું જીવન અમારે જીવવાનું છે,
મનાદિ સર્વ કરણો શાં અમારાં તો નિમિત્તે છે !

જીવન નિમિત્તમાં સઘળું સદાયે ગાળવાનું છે,
નિમિત્તે કંઈક જીવનનાં થતાં દર્શન રહે અમને.

જીવનમાં તે વિશે અમને ભૂગર્ભે શો **હરિ**રસ તે
–અનુભવમાં સતત વહેતો, જીવન આનંદવાનું તે.

**॥ હરિઃૐ ॥**

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** ‘તુજ ચરણે’ તથા ‘મનને’ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

**૧૯૨૮ :** ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ’૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું- ‘જીવનગીતા’

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.